"સંસાર નૌકા."

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

ગીરધરલાલ ગોકલદાસ વૈદ્ય.
સુરત—નિવાસી.



અમદાવાદ
"વિજય પ્રવર્તક પ્રિન્ટીંગ" પ્રેસ.

સંવત ૧૯૬૩. સને ૧૯૦૬.

મુલ્ય રૂ. ૦—૮—૦ (આઠઆના.)

પ્રસ્તાવના.

પ્રિય વાચકવૃંદ, આ લઘુ પુસ્તક રચી સર્વ ભાઇઓ અને બ્હેનો આગળ પ્રસિદ્ધ કરવામાં મને જેટલો આનંદ થાયછે તેટલો આનંદ મને કોઇ દિવસે ભાગ્યેજ થયો હશે.

આ પુસ્તક તૈયાર કરવામાં મારો પ્રથમ પ્રયાસ હોવાથી જે કાંઇ ન્યૂનતા માલમ પડે તેને માટે વાચકવૃંદ પાસે માફી યાચતાં આ સેવક પ્રાર્થના કરે છે કે આમાં જે કાંઇ ગ્રહણ કરવા લાયક હોય તેટલું ગ્રહણ કરશો અને એના દોષ તરફ દ્રષ્ટી ન રાખતાં હંસ ક્ષીર ન્યાયે જોશો મારી અલ્પ બુદ્ધીથી મેં આ પુસ્તક રચ્યું છે, તેમાં મારો હેતુ એ છે કે આજકાલ નોવેલો વાંચવાનો શોખ લોકોમાં દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે પરંતુ તેથી ઇહ લોકમાં તથા પરલોકમાં કાંઈ આત્માનું કલ્યાણ થતુ નથી ને તેમ કરવાનાં જે સાધનો છે તે સાધારણ જ્ઞાન વાળાઓને અગમ્ય છે તેથી સરલ ભાષામાં સર્વને સમજણ પડે એવી શૈલીથી આત્માના કલ્યાણ અર્થે વેદાંત શાસ્ત્રનું સંશોધન કરી તેનો સાર દ્રષ્ટાંતો સહિત આપ્યો છે. આ પુસ્તક વાંચવાથી મનને શાંતિ મળશે ને દુઃખની વેળાએ મનનું સમાધાન થશે. મને મુંબઇમાં મરહુમ વેદશાસ્ત્ર સંપન્ન વેદાંત શિરોમણી જયકૃષ્ણ મહારાજનો સત્સંગ થયો ત્યારે વેદાંત શ્રવણ કરવા હું જતો હતો

તેમના ઉપદેશથી મને જે પ્રસાદિ મળી તેનો સંગ્રહ કરી આ લઘુ પુસ્તક રચ્યું છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મારા પ્રિયમિત્ર સુરતવાસી રા. રા. વિઠ્ઠલરાય જયશંકર પંડિતે જે અમુલ્ય મદત આપી છે તેને માટે હું તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

અમદાવાદ.
તા. ૧ જાનેવારી ૧૯૦૭

કર્તા.
ગી. ગો.

ॐ तत्सत् परमात्मने नमः

॥ ॐ गंगणपतये नमः ॥

સંસાર નૌકા.

આ દુનિયામાં સર્વનું મૂળ પ્રધાન મન છે. તેટલા માટે આગ્રંથમાં પહેલેથી તે અંત પર્યંત સમગ્ર બોધ તેનેજ છે. હવે પ્રારંભમાં મનના ધર્મ તથા તેના વેગનું વર્ણન શરૂ કરીએ. મનનો સાધારણ અર્થ સંકલ્પ વિકલ્પ કરવા તે છે. અને બીજું આ જગ્યાએ સુચના કરવાની એ છે જે દરેક જગ્યાએ મન શબ્દ વાપર્યો છે તેનો અભિપ્રાય એવો છે જે મન શબ્દ સામાન્ય બધા ને લાગુ પડે છે. અને દરેક મનુષ્ય પ્રાણીમાં મન વડેજ વ્યવહાર થાય છે તેટલા માટે આ સંબંધમાં મન પ્રાધાન્ય છે.

વાહ! મન વાહ! શી તારી ખૂબી છે? તારો વેગ એવો તો બળવાન છે કે જેના જેવો જબરો વેગ બીજો એકે નથી. આજ કાલ એવા એવા યંત્રો બનાવ્યા છે કે જે કલાકમાં કદાચ સો મૈલ દોડી શકે પરંતુ તારો વેગ તો એવો છે કે એક સેકન્ડમાં તું ક્યાંનું ક્યાં જઇને પાછું આવે છે. હવે આ મનને બે સ્ત્રી છે. તેમાં એકનું નામ પ્રવૃતિ ને બીજીનું નામ નિવૃતિ છે. મન પ્રવૃતિમાં એ-

ટલું બધું આસક્ત બની ગયું છે કે નિવૃતિની સામું પણ જોતું નથી. અત્રે પ્રવૃતિના અભિપ્રાયનો ખુલાશો કરવાની ખાશ જરૂર છે; કારણ કે પ્રવૃતિ સિવાય કાંઇ પણ વ્યવહાર સિધ્ધ થઇ શકતો નથી. માટે પ્રવૃતિ બે પ્રકારની છે. એક પ્રવૃતિ એવી છે કે જેનું ફળ નાશવાન છે. કેહેતાં જેનાથી કોઇપણ પ્રકારની શાન્તિ થતી નથી. ને કેવળ ઉપાધિ રૂપ છે. અને બીજી જેના પ્રભાવથી પરમ શાન્તિ તથા સુખ થાય છે. તે પ્રવૃતિ એજ કે હું ક્યાંથી આવ્યો છું આવવાનો શો હેતુ છે, તથા શું કરવાથી અથવા જાણવાથી મને સુખ થશે તે સંબધીની જે પ્રવૃતિ છે તે ઉત્તમ છે. હવે મનુષ્યત્વ શું છે? તથા તેનામાં શું વધારે છે તે જાણવું ઘણું જરૂરનું છે. કારણ કે ખાવુ, પીવું, ભય, ક્રોધ, અને મૈથુન એટલા વાના માણસમાં અને પશુ બન્નેમાં સરખાં છે તો પછી મનુષ્ય ઉત્તમ ગણાય છે તે શાથી? તો તેનો પ્રતિઉત્તર એજ છે કે મનુષ્યને ઇશ્વરે જ્ઞાન બક્ષેલું છે તેથીજ તે ઉત્તમ ગણાય છે. ને તે મનુષ્ય હોઇને જેનામાં ન હોય તો પછી પશુમાં અને મનુષ્યમાં શો ફેર છે? કંઇજ નહિં! ભતૃહરીએ કહ્યું છે કે:—

॥ येषां नविद्या नतपो नदानं ज्ञानं नशीलं नगुणो नधर्मः ॥
॥ ते मृत्युलोके भुविभारभूतामनुष्यरुपेणमृगाश्चरन्ति ॥

ભાવાર્થ-જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારો સ્વભાવ, ગુણ કે ધર્મ કાંઇપણ નથી, તેઓ પૃથ્વીને ભાર

આપનાર પશુ રૂપ છે, છતાં મનુષ્ય લોકમાં મનુષ્ય રૂપે ફરે છે. વિદ્યાજ મનુષ્યને મોટું રૂપ છે, અતિ ગુપ્ત ધન છે, વિદ્યા ભોગ આપનારી છે, કિર્તિ અને આનંદ આપનારી છે, વિદ્યા ગુરૂની પણ ગુરૂ છે, વિદ્યાજ પરદેશમાં ભાઇની પેઠે હિત કરનારી છે. પરમ દેવત પણ વિદ્યાજ છે, રાજાઓ પણ વિદ્યાનીજ પૂજા કરે છે પણ ધનની પૂજા કરતા નથી માટે વિદ્યા રહિત પુરૂષ પશુજ છે. એટલા માટે પશુ પણું દૂર કરવા માટે વિદ્યાજ અવશ્ય મેળવવી જોઇએ.

હવે મન કોઈ પૂર્વના પુણ્યનો ઊદય થવાથી એક દિવસ નિવૃતિમાં બેઠેલુછે તે વખતે તેની સાધ્વી સ્ત્રી નિવૃતિ પતિને કહેછે. હે સ્વામીનાથ! આજ કેટ કેટલાં વર્ષો થયાં આપનો વિયોગ વેઠું છું, પરંતુ આપ મને કોઇ દિવસ પણ બોલાવતા નથી તથા મારો સામુ પણ જોતા નથી એ શું? મન તેને જવાબ આપેછે જે તારામા શું સુખ છે કે જેથી તારી પાસે આવું કે તને બોલાવુ; ત્યારે નિવૃતિ જવાબ આપે છે મારામાં શું સુખ છે? તેનો આપે જ્યાં સુધી અનુભવ કર્યો નથી ત્યાં સુધી તમને મારા સુખની શું ખબર પડે? મારે મારા પોતાના વખાણ મારેજ મોઢે કરવાં એ યોગ્ય નહિ; પરંતુ મારૂં સન્માન કરનાર તથા જે મારૂ લાલન પાલન કરનાર છે તેને શરણે જાઓ! તો પછી તમને બધો અનુભવ થશે. મન પુછેછે તારૂં લાલન પાલન કોણ કરેછે તે મને કહે

એટલે હું તેની પાસે જાઊં ને તેનો અનુભવ કરૂં. નિ-વૃતિ કહેછે કે સંત મહાત્મા. એવામાં મન પુછેછે જે સંત મહાત્મા કોણ અને તેનામાં કેવા લક્ષણ હોય તે કહો. નિવૃત્તિ કહે છે કે સંત મહાત્મા એટલે જેણે સર્વે સાસ્ત્રનો શાક્ષાત્કાર કર્યો હોય તથા જે જીતેન્દ્રિય હોય-જેણે સર્વ વિકારોનો નાશ કર્યો હોય, તથા કંચન તથા કામની જેને વિષસમાન છે, તથા કેવળ જેની પર-આત્મામાં લગ્નિ લાગી રહ્યાછે, તથા જે શાન્ત સ્વરૂપમાં સ્થિત છે તેવા નિષ્કામ, વિગેરે ગુણ જેનામાં હોય તે સંત મહાત્મા કેહેવાય છે. માત્ર ઉપરચોંટીયા જ્ઞાનને પો-પટની માફક જાણી કેવળ વાકયાર્થમાં બોલતા હોય-અને પોતે તેનો અનુભવ કરતા ન હોય તથા તે પ્રમાણે પાળી વર્તતા ન હોય ને કેવળ દંભ તથા ડોળ કરતા હો-ય તો તે માહાત્માની ગણતરીમાં ગણવા યોગ્ય નથી. ઉ-પરના દેખાવથી લોભાવાનું નથી, પરંતુ જેનું આચરણ ઊપર પહેલાં વર્ણન કર્યું, તેવા ગુણ સંયુક્ત જે ખરા છે તેજ મહાત્માની ગણતરીમાં છે. જો તને ઉપરચોટીયા જ્ઞાન વાળાને માટે એક નાનુ દૃષ્ટાંત કહુછું તે સાંભળ. જેમ કડછી છે તે દાળને હલાવે, શાકને હલાવે, દુધપાકને હલાવે, એમ બધાએ પાકમાં ફરેછે પણ કડછી એકેનો સ્વાદ જાણતી નથી તે પ્રમાણે જે બધા શાસ્ત્રો મુખ પાઠ ભણી જાય, વ્યાખ્યાન કરે પરંતુ પોતે જ્યાં સુધી તે પ્રમાણે ચાલી આ-ચરણ કરતો નથી ત્યાં લગી તેનુ જ્ઞાન કડછીના જેવું ન-

કામું છે. મારે ઊપર જે પહેલાં ખરા માહાત્માના ગુણ બતાવ્યા તેને શરણે તમે જાઓ તોજ તમારૂં શ્રેય તથા કલ્યાણ થશે ને આરા સુખનો અનુભવ થશે એટલું કહી નિવૃત્ત-મૌન થઇ. હવે મન તેવા માહાત્માની શોધ કરતાં કરતાં ઊપર જે ગુણો વર્ણન કર્યા છે તેવા માહાત્માને શરણે ગયું-અને જઇને માહાત્માને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી હાથ જોડી ઊભું રહ્યું જે વેળાએ તે દયાળુ પરમસ્થિતિએ પહોંચેલા મહાત્માએ મનને બેસવાની આજ્ઞા કરી અને પુછયું જે તારી શી ઇચ્છા છે ? મન જવાબ આપેછે. ગુરૂજી ! હું કે જે નિત્ય નિરંતર પ્રવૃત્તિમાં આસક્ત થઇ ગયુંછું, તેમાંથી મુક્ત થઇને નિવૃત્તિમાં પ્રિતિ થાય, એવું શું સાધન છે તે કૃપા કરી મને ઊપદેશ કરો ગુરૂ કહેછે, તું જેવું પ્રવૃત્તિમાં આસક્ત છે તેવું ને તેવુંજ તું નિવૃત્તિમાં આસક્ત બનીશ પરંતુ કયારે કે જયારે બન્નેના ગુણદોષ જાણીશ ત્યારે! જો હવે હું તને નિવૃત્તિમાં ઊત્તરોત્તર પ્રીતિ થશે તથા પ્રવૃત્તિમાં અભાવ થશે તેવા તેવા નિબંધો આજથી શરૂ કરૂંછું તે એક ચિત્તથી શ્રવણ કરજે, ગુરૂ કહેછે જો આ સંસારરૂપી મહાસાગરમાં દુઃખ દુઃખ અને દુઃખજ છે તેમાં સુખ બિલકુલ નથી. તથાપી અનાદી કાળના ચાલતા આવેલા પ્રવાહથી અવિદ્યા એટલી બધા તો છવાઇ ગઇછે કે તેમાંથી નીકલવાનું મનજ થતું નથી તેનું કારણ માત્ર અવિદ્યારૂપી પડળોથી દેખાતું નથી. તને હવે તે પડળો જ્ઞાન-

રૂપી અંજન આંજી ધીમે ધીમે તને તદ્દન દેખતો બના-વીશ-આજ રોજ તને ગર્ભવાસમાં તથા ત્રણે અવસ્થા, એટલે કે બાળ, યુવા, અને વૃદ્ધ, એ ત્રણે અવસ્થામાં કેવાં દુઃખો રહેલાં છે, છતાં અજ્ઞાન રૂપી પડળથી તને દેખાતું નથી, તો આજે તેનો અનુભવ કરાવું છું, તે સાંભળ. જે વેળાએ તું માતાના ઉદરમાં હતું તે વખતે તને ત્યાં શું સુખ હતું? એક મલીન મળમુત્ર અને અત્યંત અપવિત્ર જગ્યામાં નવ માસ સુધી એક કેદીના કરતાં પણ અધમ તારી દશા છે અને ત્યાં અત્યંત ક્લેશ ભોગવે છે ને ઇશ્વર પ્રત્યે તું પ્રાર્થના કરે છે જે હે પ્રભુ! તમે મને આ મળ મૂત્રના સ્થાનમાંથી બા-હાર કાઢો! હું નિરંતર તમારૂં નામ સ્મરણ કરીશ તથા આપની આજ્ઞાનુસાર વર્તીશ—એવી અનેક પ્રા-ર્થના કરે છે ત્યારે દયાળુ પ્રભુ તને બાહાર જન્મ આપેછે, પરંતુ જેવું તું બહાર નીકલ્યું કે તુરતજ ઉવાં, ઉવાં, કરવા મંડી જાય છે કેહેતાં તું ત્યાં ને હું ઇંહયાં એમ કહી તું તારૂં આપેલું વચન ભૂલી જાય છે. હવે તારી આ અ-વસ્થામાં તને કશું ભાન હોતું નથી તારી પરવશ અવસ્થા હોય છે, તને જ્યારે ભૂખ લાગી હોય ત્યારે બહુ રડતો જોઈ જાણે તારા પેટમાં દુઃખતું હશે એવું ધારી ડામ દેછે, ને પેટમાં પીડા થતી હોય ત્યારે જાણે તને લાગી હશે ભૂખ એવી રીતે તારા અવળાજ ઉપાયો થાય છે કારણ કે તે અવસ્થામાં તને કશુ ભાન નથી માખીઓ બંબણ્યા

કરે છે, તથા મૂત્ર વિષ્ટામાં આળોટયા કરે છે. હવે વિચાર કર કે તે અવસ્થામાં તને શું સુખ છે. ! પછી જ્યારે તું પાંચ સાત વરસનો થાયછે તે અરસામાં તને સગાં વહાલાં તથા વ્યવ્હારના નામ ઉચ્ચારણ કરતાં શીખવેછે ને પછી નિશાળે ભણવા મૂકેછે. ત્યાં પણ જો તું વિચાર કરીશ તો શું સુખ છે ? એટલામાં જ્યાં તારો વિદ્યાભ્યાસ ચાલેછે તેવામાંજ તને પરણાવવાની ગોઠવણો ચાલેછે ને જો તેવામાં દૈવયોગથી પરણ્યા અને સ્થિતિ સારી હોયછે તો વિદ્યાભ્યાસ કદિ જારી રહેછે ને જો સ્થિતિ નબળી હોય તો કાંઇ ધંધે અગર નોકરીએ વળગેછે-અને ત્યાર પછી સંસારનો વ્યવ્હાર ચલાવવામાં નાના પ્રકારના પ્રપંચની જાળમાં ફસાઈ જાયછે ને તે સમેયે પણ તને કોઈ પણ પ્રકારનું સુખ નથી છતાં તે અજ્ઞાનરૂપી પડળથી-દેખાતું નથી-અને ત્યાર બાદ યુવા અવસ્થા પુરી થતાં જ્યાં વૃધ્ધા અવસ્થા આવેછે તેમાં પણ શું સુખ છે તે અવસ્થા તો બહુજ ખરાબ છે કહેતાં એટલી બધી પરવશ અવસ્થા છે કે જેમાં આંખે ઓછું દેખાય-કાને થોડું સંભળાય-ચાલવાની શક્તિ ન હોવાથી લાકડીનો આસરો લેવો પડે-અનેક પ્રકારના ખાવાના મન થાય-પરંતુ દાંત વગર ચવાય નહિ-ખાધું પચે નહી-તથા અનેક પ્રકારની તૃષ્ણા વધતીજ જાય-ઘરમાં કોઇ કહ્યું માને નહિ-તથા જેવા એક કૂતરાના હાલ તેવા હાલ થાયછે માટે તે અવસ્થામાં પણ શું સુખ છે

તેનો અનુભવ થયો હશે-માત્ર જો કદાચ સારી અવસ્થા છે તો માત્ર યુવાવસ્થાજ છે ને તેમાં જે કાંઇ સારૂ કામ કરવું હોય તેને માટે તેજ ઊત્તમ અવસ્થા છે, ત્યારે વમચ્યાં મન શંકા કરેછે-ગુરૂજી! આપે કહ્યું તે તો યથાર્થ છે પરંતુ જો દૈવ ઇચ્છાથીજ જે કાંઇ પદાર્થો તથા ભોગો પ્રાપ્ત થયાં હોય તો તે ભોગવવાં કે શું આવા બની રાખ ચોળી ઘર મુકી નીકળી પડવું કે શું કરવું તે કૃપા કરી સમાધાન કરો. ગુરૂ જવાબ આપેછે તેં પ્રશ્ન પૂછયો છે તે ઊત્તમ પ્રકારનો છે. તેને માટે સાંભળ! દૈવ ઇચ્છાથી જે કાંઇ પ્રાપ્તભોગ હોય તે ભોગવવા તેને માટેના નહીં પરંતુ તે કેવી રીતે ભોગવવાનાં છે તે સાંભળ! તેને એ-વી રીતે ભોગવવાનાં છે કે તેમાં આસક્તિ કરવાની નથી કેહેતાં એમ સમજવું કે જે કાંઇ પ્રાપ્ત થયું છે તેનો કાળે કરી અભાવ એટલે નાશ થવાનોજ છે માટે ભોગવતી વ-ખતેજ તેનું સ્વરૂપ જાણી ભોગવવા કે જેથી તેમાં મમ-ત્વ તથા આસક્તિ બંધાય નહી-જો સાંભળ! આ દુ-નિયામાં ઇશ્વર સિવાય એવો કોઇ પણ પદાર્થ નથી કે જે નાશ ન થાય કારણ કે કાળ સર્વનો નાશ કરેછે. કાળ એવો તો અનિયમિતપણે નાશ કરનારો છે કે એક મટકું મારીએ તેટલામાં તો તે કંઇને કંઇ કરી નાંખેછે-જેમ એક પાણીનું ટીપું પાન ઉપર દેખવામાં અતિ સુંદર તથા શુ-દ્ધ સ્ફાટીક મણી જેવું દેખાયછે પણ તેને પાન પરથી ખ-રી પડતાં વાર લાગતી નથી-દીઠું ન દીઠું કે ક્ષણવારમાં

નાશ થઈ જનારૂં છે એક ફુટકીયા (મીણીયાં) મોતી-
ને તો ફુટતાં કાંઇ પણ વાર લાગેછે પરંતુ પાણીના મો-
તીને તો સેહેજ પવનનો લેરખો લાગવાથી કે કાંઇ સ્પ-
ર્શ થતાં ખરી નાશ પામેછે-તેવું આપણું જીવન છે-માટે
તેવા જીવનનો ભરૂસો રાખવો કે હું અમુક કાળ જીવીશ
ને અમુક કરીશ એ બધાં વ્યર્થ વેવલાં વીણવા જેવું છે.
અને તે ઉપર કહ્યુંછે જે બાવા બની રાખ ચોળી નીકલી
પડવું કે શું કરવું તેના સંબંધમાં સાંભળ આજ કાલ
દુનીયામાં ઈશ્વરના રચેલા તંત્રનું અપમાન કરી આળસ-
થી અનાદર કરી ખોટા વેશ ધારણ કરી લોકોને ઠગી
બાવા બની શું કલ્યાણ કરવાના છે તેવાનો તો આ લોક
અને પરલોક બન્ને બગડેછે. જો સાંભળ ! પ્રારંભમાં આ
શ્રમ પ્રમાણે ધરમમાં ચાલી ક્રમે ક્રમે સત્સંગ કરીઅંતઃક-
રણની શુદ્ધી કરવી-આપણને જે જે આશ્રમમાં મુકયા
હોય તે તે આશ્રમના ધર્મો પાળવા-એનું નામજ ધર્મનું
પેહેલું પગથીઊં છે-સંપૂર્ણ રીતે ગ્રહસ્થાશ્રમના ધર્મો પાળી
પછી છેવટે જ્યારે મન શુધ થઈ પરમસ્થિતિએ પહોંચે
તે વખતે કદાચ કોઈ બાવા બને તો કાંઇક ઠીક છે પણ
ઊપર વર્ણવ્યા તેવા બાવાને પણ શું સુખ છે? બાવાનો
મુખ્ય અર્થ એ છે જે સંસારનો ત્યાગ-તો તે ત્યા-
ગનું સંપૂર્ણ વર્ણન આગળ જતાં તે પ્રસંગે તને તેનું
સ્પષ્ટીકરણ કહીશ.-આટલું કહી ગુરૂએ કથાની સમા-
પ્તિ કરી અને આગલ બોધ કરવાને માટે બીજે દિવસે

–આવવાને કહ્યું–અને ગુરૂ પોતાના સ્થાનકે પધાર્યા. મન પણ પોતાના આશ્રમ પ્રત્યે ગયું અને જઇને પોતે વિચાર્યું જે, આટલું સાંભળી મારા અજ્ઞાનરૂપી પડળમાં મને ફેર પડવા માંડયો કેહેતાં આટલું સાંભલતામાં મને સુખનું ભાન થાય છે ને મારી આ નિવૃત્તિની વાતતો ખરીજ છે. તેનામાં હવે મારી વૃત્તિ દિવસે દિવસે ચોંટસેજ એમાં કાંઇ શક નથી–એટલું કહી મન શાન્ત થયું.

બીજે દિવસે મન ગુરૂની આજ્ઞાનુસાર શુદ્ધ થઈ ગુરૂના આશ્રમ પ્રત્યે ગયું. ગુરૂને વંદન કરી ઉભુ રહ્યું! ગુરૂએ બેસવાની આજ્ઞા કરી! ને મન સ્વસ્થ પણાથી સાંભળવા સચેત થયું! ગુરૂજી કહે છે હવે તને નાના પ્રકારના બોધનું વ્યાખ્યાન શરૂ કરીશ–અને ત્યાર પછી જ્યારે તારૂં અંતઃકરણ શુદ્ધ શરબતી મલમલ જેવું થશે –ત્યારે તને છેવટે–તને તારા સ્વરૂપનું જ્ઞાન કરાવીશ–તે આખરનું છે–હમણા નહિ! એટલું કહી ગુરૂ નીચે પ્રમાણે આખ્યાન શરૂ કરી કહે છે–જો સાંભળ! આપણે એમ સમજવું જે પ્રતિક્ષણે આયુષ્યનો નાશ થતો જાય છે–માટે સમર્થ અવસ્થામાં જેટલા ક્ષણ કલ્યાણના સાધનમાં અને પરોપકારમાં નીકળે છે તેટલાજ ક્ષણ સફલ છે. બાકી જીવવું અને વિષય સુખ ભોગવવાં તેતો ઝાડવાને અને પશુ પક્ષી આદિને પણ છે. તો પછી આપણે ઉત્તમ મનુષ્યાવતાર પામીને વૃક્ષની કે પશુની દશામાં રહિયે ત્યારે આપણું મનુષ્યત્વ વૃથા થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી

-આપણે અનેક મેહેનત કરી મેળવેલું ધન જીવ કરતાં પણ જાળવી રાખીએ છીએ ને તેને વૃથા વાપરી નાખતા નથી તો પછી અનેક પુણ્ય રૂપ પ્રયત્નોથી મળેલો હજારો હિરાથી પણ હુઠે નહિ તેવી કિમતનો મનુષ્ય દેહ અને તેમાં વળી સર્વે ઇન્દ્રિયોની શક્તિને સબલ રાખનારી યુવાવસ્થા આપણે જો વૃથા જવા દઇએ તો આપણી કેટલી ભૂલ અને અજ્ઞાન? ગઈ વસ્તુ અને ગયેલો સમય કોઇ દિવસ પાછાં આવેલ નથી ને આવે પણ નહિ. માટે ખોટું અભિમાન મેલી નવી અવસ્થામાં ઉત્તમ કામ કરવાનું અભિમાન રાખી તે પ્રમાણે વર્તી સત્પુરૂષની પંક્તિમાં આવવું. અને પાછલ તે બાવાબનવા વિષે પૂછયું હતું તેના સંબધમાં પણ સાંભળ! બાવાનો અર્થ એવો નથી કે રાખ ચોળી ઘર મૂકી નીકલી પડવું એટલે બાવા બન્યા તેમ નથી-જેનું મન સઘળાશાસ્ત્રયથાર્થ જાણી સંકલ્પ માત્રનો ત્યાગ કરી આત્માનો સાક્ષાત્ અનુભવ કરી પછી ભલેતો બાવો બને અથવા સંસારમાં રહે-પરંતુ તેવા મનના માણસને બન્ને સમાન છે. (બાવા બનવાનો મૂખ્ય આશય એજ છે કે સંસારમાં નાના પ્રકારના વિઘ્નોને અડચણો આવી પડે છે તથા કાંઇને કાંઈ ઉપાધી આવવાનો સંભવ આવી પડવાથી-ભય હોવાને લીધે જેનું મન તદ્દન ઉપરામ પામી પૂર્ણ વૈરાગ્યવાન થઇ ગયું છે તેને માટે છે. કાચા મનના જેને જ્ઞાન નથી-શાસ્ત્ર અધ્યન નથી, સત્સંગ કર્યો નથી તથા નાના પ્રકારની કામનાઓ મનમાં

ભરેલી છે તો તેવા માણસ-કદાચ વેશ ધારણ કરી બાવા બનશે તો તેને શું સુખ થવાનું છે.? દુવિધામેં દોનુગઈ નમીલી માયા ને નમલ્યા રામ-ને કેવલ બધન થયું-માટે તે વાત પણ તારે ચોક્કસ ધ્યાનમાં રાખવાની છે. અને બીજું પાછલ તેં કહ્યું હતું જે યુવા-અવસ્થાતો માત્ર પૈસા કમાવવાને માટે છે તો તેના સબધમાં પણ સાંભળ. એકલા પૈસા કમાવવાને માટે યુવા અવસ્થા નથી-કારણ કે પૈસા મળવા-ભોગો પ્રાપ્ત થવા એ સઘલું કર્મો આધીન છે-જો ત્રણ પ્રકારના કર્મો છે-પ્રારબ્ધ-કેહેતાં અદૃષ્ટ જેનુ ફળ દેખાતુ નથી તે પ્રારબ્ધ-સંચિત્ એટલે અનેક જન્મોના કરેલાં કર્મો તે-અને ક્રિયમાણ એટલે આશરીરથી નવાં કર્મો કરાય છે તે-હવે સંચિત કર્મોમાંથી અમુક કર્મો ભોગવવાને માટજ અત્રે દેહ પ્રાપ્ત થયો છે તો તે કર્મોનું જેવું ફળ હશે તેવુ તેને સુખ દુઃખ માન અપમાન હાની લાભ વિગેરે થાય છે ને આપણે દુનિયામાં પ્રત્યક્ષ અનુભવથી જોઇએ છીએ કે કોઈ જન્મે ત્યાંથીજ શ્રીમતને ત્યાં જન્મે છે કોઈ ઘણાંજ કંગાલ સ્થિતિવાળાને ત્યાં જન્મે છે કોઇ જ્યાં જાય ત્યાં તેને માન આવકાર મળે છે, કોઈ ગમે તેટલો આચરણમાં ગુણવાન હોય છે પરતુ પૂર્વના કર્મોના ફળનો ભોગ એવો છે કે જ્યાં જાય ત્યા હડહડ થાય-ખાવાનાં ફાંફા-ઉદ્યોગના ફાંફા-કોઇ તેને પૂછે પણ નહીં -અને એ પ્રમાણે દરેક મનુષ્યને આપણે અનેક પ્રકારના સુખ તથા દુઃખો ભોગવતાં જોઇએ છીએ તો પછી-તેમાં

મનુષ્ય નવું શું કરે છે, કાંઇજ કરતો નથી. માત્ર લોકોના મનની દીનતા સિવાય બીજું કંઇજ નથી. આજકાલ દુનિયામાં વાકયાર્થમાં ઉદ્યોગવાદી ઘણા જોવામાં આવે છે ને તે એમ પણ કહે છે જે ભાઇ ઉદ્યોગ કર્યા વિના શું પરમેશ્વર તમારા મોંમા આવી મુકી જાય-અને એવી કેટલી બીજી પણ તકરારો કરે છે, કહેતાં પ્રારબ્ધને પુરૂષાર્થ સારૂં લોકો લડી મરે છે-પરંતુ પુરૂષાર્થ કોને કહે છે ને પુરૂષાર્થ એ શું વસ્તુ છે તેનો ઉલટોજ અધ્યાસ બંધાઇ ગયો છે કેહેતાં પુરૂષાર્થનો ખરો અર્થ એ છે જે વારવાર જન્મ મરણ તથા અનેક પ્રકારના-દુઃખો ખમવાં પડે છે -તેમાંથી કયે પ્રકારે તેની નિવૃતિ થાય તેનું નામજ ખરો પુરૂષાથ છે; પરંતુ તે તરફતો કોઇ રૂચીજ કરતું નથી ને માત્ર અનિત્ય વસ્તુની પ્રાપ્તિ અર્થેજ નાના પ્રકારના ઊદ્યોગો કરેછે પણ તે કોઈ સમજતુંજ નથી. ભાઇ! તમો જે જે પુરૂષાર્થ તે સબંધી કરોછો તેમાં પણ ફળની પ્રાપ્તિ થવી એતો તમારા અદૃષ્ટ ઊપરજ રહેલી છે-જો તેમ ન હોય તો દુનિયામાં ઘણાએ એવી એવી મહેનત તથા ખંતથી ઊદ્યોગ કરેછે છતાં પણ તેને તેનું ફળ નથી મલતું ત્યારે આખરે તો અદૃષ્ટ ઊપરજ હાથ મુકેછે અને દરેક મનુષ્ય એમ તો કહેછે કે ભાઇ ઊદ્યોગ કરતાં ન મળે તો પછી ભાવી પણ પેહેલાં ઊદ્યોગ કર્યા સિવાય પ્રારબ્ધની શી ખબર પડે-તો વિચાર કરો કે ભાવી ભોગવવાને દેહ ધર્યો છે તો

તેના ભોગને મટાડવાને દુનિયામાં કયો એવો ઊદ્યોગ છે કે જે ભોગવ્યા વિના મટે તેમ છે! તો નકામાં એવાં વેવલાં વિચારો કરતાં જેને ઇશ્વર ઉપર તથા પોતાના પ્રારબ્ધ ઊપર સંપૂર્ણ દ્રઢતા છે તેને તેના પ્રારબ્ધ અનુસાર બુધ્ધી થઇ તેવો ઉદ્યોગ, તેવાં સુખઃદુખ, એનો મેળેજ પ્રાપ્ત થયે જશે-તેમાં માણસ શું નવુ કરેછે? માત્ર ઊદ્યોગને ખંત તો તેણે દુઃખની નિવૃત્તિને સુખની પ્રાપ્તિ કહેતા અનિત્ય વસ્તુમાં અભાવ, ને સત્ય વસ્તુમાં પ્રિતિ થાય ત્યારેજ સુખ થવાનું, બાકી દુનિયાનો એવો કયો પદાર્થ છે કે જે સદા સર્વદા સુખ આપશે કે તેનો નાશ નહિ થાય કે જેથી તેને સુખ આપણે કહી શકીએ-એ તો કેવળ મનનો મોહજ છે તે સિવાય બીજુ કાંઇજ નથી-જેને ઇશ્વર સબંધી જ્ઞાન નથી તથા તેમાં જેને આસ્થા નથી તેવાજ માણસ નકામી તકરારો કર્યા કરેછે. પ્રારબ્ધના બાબત સબંધી એક નીચનું દ્રષ્ટાંત સંભળાવુંછું તે સાંભળ! કોઈ એક માણસને પુષ્કળ ધન હોવા છતાં તેને કાંઇ પણ સંતતી નહીં હોવાથી અનેક પ્રકારના પ્રયત્નો કર્યાં તોપણ કાંઇ સંતતી થતી નથી, છેવટે તેણે પુત્રને માટે યજ્ઞો કર્યા ને કાળાંતરે તેને ઘણા શ્રમે એક પુત્ર પ્રાપ્ત થયો-હવે તે પુત્ર એવો જનમ્યો કે જેને હાથ પગજ મળે નહી-તે જોઇને તેની માતા તથા પીતા ઘણાંજ દીલગીર થયાં. હવે એમ કરતાં કરતાં જ્યાં પુત્ર પાંચ સાત વરસનો થયો ત્યારે તેના માબાપ તેની સે-

વા કહેતાં તેને ખવરાવવું પીવરાવવું મળમુત્ર ઉઠાવવા વિગેરે ઉપાયોથી કંટાળતાં કંટાળતાં રોજ તેને ગાળો દેય-ધમકાવે ને એમ પણ કહે જે આના કરતાં તો પુત્ર ન હોત તોપણ સારૂ હતું એમ છોકરાની ઉપાધીથી રોજ કહ્યા કરે-હવે છોકરો જ્યાં બાર તેર વરસનો સમજણો થયો એટલે તેના માબાપે એક દિવસે કહ્યું જે તું અમારે કેમ આવ્યો ક્યાંથી મલ્યો અમે તો બહુજ કંટાળી ગયા છીએ ને હવે અમને દુખ દેતો ક્યારે ટળીશ! જે સાંભળી છોકરાએ કહ્યું જે તમો કંટાળી ગયા હોતો હવે તમો મને કોઈ જંગલમાં મુકી આવો એટલે તમારી પીડા દુર થશે તે સાંભળી તેના પિતાએ કહ્યું જંગલમાં કોણ તારો બાપ તારી ચાકરી કરશે ને તુને ખવરાવશે?

છોકરો જવાબ આપે છે કોણ ખવરાવશે ને કોણ ચાકરી કરશે એમ જે તમો કહોછો તો સાંભળો! મારૂં અદ્રષ્ઠ તે બધું કરશે. આવું સાંભળી તેનો બાપ તેના પર વધારે ગુસ્સે થયો અને એકદમ ક્રોધ આવવાથી તે છોકરાને જંગલમાં મુકી આવ્યો, ને પોતે પોતાના ઘેર આવ્યો. હવે આને જ્યાં જંગલમાં મુકયો છે ત્યાં ગાયોના ચરાવનાર ગોવાળીઆઓ આવ્યા ને તેમણે આ છોકરાને જોઈ પરસ્પરમાં કહ્યું જે છોકરાના મુખની કાન્તિ તો દિવ્ય છે. પરંતુ હાથ પગ નથી ગોવાલીઆએ મળી વિચાર કર્યો કે આપણે એને આપણે ત્યાં લઈ જઈએ.

તેને દુધ વિગેરે પાયછે તથા તેને ખોરાક વિગેરે ખવરાવે છે; ને દરરોજ તેની સેવા પણ બજાવેછે. એમ કરતાં કરતાં એક દિવસે ગોવાળીઆ તે છોકરાને પોતાની સાથે તેડીને ગાયો ચરાવવા લઇ ગયા ને ઝાડની છાંયામાં આસન કરી બેસાડયો. પોતે આસપાસ જંગલમાં ફરેછે એવામાં એક દિવસ નારદ તે રસ્તેથી જતા હતા તેણે તે છોકરાને પુછયું, અલ્યા છોકરા ! આ તારી શું સ્થિતિ છે ? હું તને સુખ થાય તેવા સાધનો બતાવું તે પ્રમાણે કરશે ? છોકરે કહ્યું તમો મને સુખ થાય તેવું શું બતાવવાના ને કરવાના છો ? મને મારૂ પ્રારબ્ધ છે. આવું સાંભળી નારદજી એકદમ તાજુબ થયા જે આતો કોઇ જબરો પ્રારબ્ધવાદી છે-તેને નારદે ઘણુંએ સમજાવ્યું પણ તે બધુ-વ્યર્થ-છેવટે નારદ વિષ્ણુ લોકમાં જઇ ઊપલો વૃતાંત કહ્યો જેથી તેની દ્રઢતા જોવાને માટે બ્રહ્મા વિષ્ણુ ને મહેશ નારદ સાથે તે જગલમાં આવ્યા ને ત્યાં પુછયું, ને તેને ઘણીએ લાલચ આપી તો તેમને પણ તેણે એજ પ્રમાણે કહ્યું, જે સાંભળી સર્વ તેની દ્રઢતા ઉપર પ્રસન્ન થઇ તેને માથે હાથ ફેરવ્યો કે જેથી તેને હાથને પગ બન્ને પ્રાપ્ત થયાં, ને તેને વરદાન આપ્યું કે હવે તારા પ્રારબ્ધમાં બાકીની જીંદગી રાજયગાદીના છે એટલું કહી અંતરધ્યાન થઈ ગયા-છોકરાએ આ સાક્ષાત વિષ્ણુ હતા ને તેણે મને આ સઘળું કર્યું છે એવું તો તેના મનમાં છેજ નહિ પણ પ્રારબ્ધજ માનેછે. હવે થોડા વખત પછી

ગોવાળીઆઓ આવ્યા અને તેમણે જોયું તો છોકરાને હાથ પગ વાળો જોયો ને જોઇને ઘણા તાજુબ પામ્યા. અને છોકરાને પુછવા લાગ્યા, આ શાથી તારા હાથ પગ આવ્યા ? છોકરાએ કહ્યું, પ્રારબ્ધથી. તેટલામાં એક રાજમાં રાજા દેવલોક પામ્યા હતા. તેની ગાદી પર બેસાડવા લાયક કોઈ છોકરાની તપાસ ગામમાં બધે કરેછે પરંતુ રાજને લાયક નહિ મળવાથી તે લોકો ફરતા ફરતા આ જંગલમાં આવી પહોંચ્યા ને આ છોકરાને જોતાંજ કહ્યું જે ગાદીને લાયક ખરેખર ઇશ્વરેજ આપણને જંગલમાં આ પુત્ર મેળવી આપ્યો છે માટે ચાલો તેને લઇ જઈ રાજતિલક કરીએ, એમ કહી તેને લઇ જાય છે તેવામા ગોવાળીઆઓ ના પાડે છે પરંતુ પછી છોકરાએજ ગોવાલીઆને કહ્યું તમો ગભરાતા નહિ હું તમારો ઉપકાર ભુલીશ નહિ. એમ કહી છોકરો ગયો ને રાજતિલક કરી ગાદી શોંપી. છોકરાએ ગોવાલીઆઓને બોલાવી બે ગામ ઇનામમાં આપ્યાં, તથા કેટલોક સરપાવ આપ્યો જેથી ગોવાલીઆ ઘણા ખુશી થઇ તેને આસીશ આપી ગયા. જે દરમ્યાન તે છોકરાનો પીતા કે જે તેને જંગલમાં મૂકી નાશી ગયો હતો તે, તેશેહેરમાં જઈ ચઢયો છે. ને તેવામાંજ આ છોકરાની સ્વારી નીકલી છે ને છોકરાએ પોતાના પીતાને જોયા—અને સવારને હુકમ કર્યો કે પેલા માણસને આપણા રાજમેહેલમાં લઇ જાઓ તેનો પિતા આનું રૂપાંતર બદલાઈ જવાથી ઓલખી શકતો નથી

પરંતુ છોકરાએ પગે પડી પોતાના પિતાને કહ્યું હું તમારો પુત્ર જેને આપ જંગલમાં મૂકી આવ્યા હતા તેજ હું છું. આ સાંભળી તેનો પિતા ઘણોજ શરમીંદો પડી ગયો, તથા પોતાના મનનું સર્વ અભિમાન ભાગી ગયું-ને બન્ને સુખેથી મળ્યા, ને સર્વવૃતાંત પિતાને કહી સંભળાવ્યું. માટે ભાઇ અદૃષ્ટ પ્રારબ્ધની એવી સુક્ષ્મ વાત છે આજ કોણ એવી દૃઢતા રાખે છે ને રાખશે! માટે તું પ્રારબ્ધ પુરૂષાર્થનો અર્થ યથાર્થ સમજ્યો હોઇશ. દરેક માણસ દુનિયામાં પોતાનાં સારાં માઠાં કર્મોનાજ ફળ ભોગવવા જન્મે છે ને મરે છે. હવે આટલો પ્રસંગ તું બરાબર ધ્યાનમાં રાખજે ને જે કંઇ સાંભળ્યું છે તેને એકાંતમાં બેશી મનન કરજે ને આવતી કાલે તુને આગલ વિવેચન કરીશ એટલું કહી ગુરૂ પોતાના સ્થાનકે પધાર્યા ને મન પોતાના આશ્રમ પ્રત્યે ગયું—ને જઇને ગુરૂની આજ્ઞા અનુસાર વિચાર કરી સ્વસ્થ થયું.

હવે બીજે દિવસે ગુરૂના કહ્યા મુજબ મન ગુરૂ પ્રત્યે ગયું. ત્યાં ગુરૂએ નીચે પ્રમાણે સંભળાવવું શરૂ કર્યું આજે તુને અહંકારને છોડી દેવા સબંધી ઉપદેશ કરૂછું; તારે ધનનો, માણસોનો, કે યૌવનનો ગર્વ કરવો નહિં, કેમકે એ સર્વને કાળ હરે છે અર્થાત નાશ કરે છે. માયામય આ જગતને જાણી તેમાં અભિમાન રહિત વિચરવું-પ્રયત્ને કે વગર પ્રયત્ને—

તને ધન મળ્યું હોય તો પણ તેથી ગર્વ કરવો નહિં, અનેક માણસના-જથાવાળા હોઇએ તો પણ તેથી અભિમાન આણવું નહિ. ગમે તેવું સારૂ યૌવન પ્રાપ્ત થયું હોયતો પણ તેથી અહંકાર આણવો નહિ, ધન જોકે સુખ તથા દુઃખ બેઉનું કારણ છે, એટલે કે જો આપણને ધન મળ્યું હોય, ને તેનો સદઉપયોગ ન થયો હોય, તથા કલ્યાણના કામમાં ઊપયોગ ન આવ્યું હોય ને આડે રસ્તે વાપરવામાં આવતું હોય તો, તે ધન છતાં દુઃખનું કારણ નીવડે છે. પણ જો તેનું તે ધન સારા કાર્યમાં, શુભ આચરણમાં, ખરચાયું હોય તો તેનું તે ધન સુખરૂપ થાય છે, માટે વિચાર વગરનું એકલું ધન અતિ અનર્થરૂપ થાયછે. એવી રીતે અનર્થ કારક ધનનો મદ કરનારાઓ નો ગર્વ ગળી ગયો છે. માણસોનુ અભિમાન રાખનારાઓનું અભિમાન ભાગી ગયું છે, અને યૌવનનો અહંકાર રાખનારાઓનો અહંકાર ઊડી ગયો છે, એ વાત કોઇની અજાણી નથી. મૂળગર્વ એજ સર્વ નાશનો હેતુ છે, ત્યાં બીજું શું કેહેવું? જો સાંભળ! જેઓ ધનથી, જનથી કે યૌવનથી ગર્વવાળા નથી થયા તેઓને પણ એ વાતો ઉડાવી દીધા છે કે જેનું નામ કે નિશાન પણ આજે મળતું નથી; તો ગર્વવાળા નર પશુઓના વાતજ શું કરવી? જેઓને હજારો માણસો ખમાં ખમાં કરતા, જેઓ હીરા મોતીના હારોને તો ઇનામમાં આપી દેતા, જેઓ અસંખ્ય સોના મોહોરો ખરચીને રચેલા બાગ

બગીચામાં મલકાતા, મોજ શોખ માણતા, જેઓ રાત કહેતા તો રાતને દિવસ કહેતા તો દિવસ કહેવાતા, જેઓ હજારો માણસના સમાજમાં મુખ્ય થઇને બેસતા, જેઓની કિર્તિ દેશો દેશમાં ગવાતી, જેઓના પદ કમળ-માં લક્ષ્મી સદાય લોટ્યા કરતી તેવા ધનના ધણીઓને પણ કરાળ કાળ કોળિયો કરી ગયો છે જેઓ અનેક જનોના મધ્યમાં બીરાજી નિર્ભય રહેતા, જેઓના સબંધી આખા જગતને જીતી વળે તેવા હતા, જેઓના માણસો આખી પૃથ્વીમાં પ્રખ્યાત થયેલા હતા, અને જેઓ પોતાને સ-હાય કરનાર સગાં સ્નેહીઓની સત્તા ઊપર ઝુઝતા તેઓ ને પણ ક્રૂર કાળ કોળીઓ કરી ગયો છે, જેઓ જુવાનીના જોરમાં મોહા પરાક્રમ કરી પોતાની કિર્તિ અમર કરી ગયા છે, જેઓએ પોતાના યૌવનથી કામદેવને પણ લ-જ્જા ઉપજાવી છે, અને જેઓ રતિને પણ મુર્છા આપનાર યુવાવસ્થાના પાત્ર થાય છે, તેઓને પણ નામનિશાન વિનાના કરી નાંખ્યા છે. ધનપતિ કુબેરના જેટલુ ધન કયાંઇ પણ જોવામાં આવતુ નથી તો તે પણ આજે આપણી દ્રષ્ટીગોચર નથી. પુણ્યશ્લોક પરાક્રમી નળરાજા જેવાની પણ સ્મૃદ્ધિ આપણી નજરે આવતી નથી–અ-ર્વાચીનકાળમાં મોટા મેહેલોમાં કાગડા કબુતર ઉડતા જોઇએ છીએ. અર્જુન જેવા પરાક્રમી પાંડવને શ્રીકૃષ્ણ ભગવાન જેવા મોહા પ્રતાપી પરમેશ્વરની સહાયતા હતી તે આપણી નજરે દેખતા નથી. એમ બીજા ઘણા પુરૂષો

પોતાના સહાયકારક જનોનાં પરાક્રમથી પંકાઈ ગયા છે, પણ તેના તે મનુષ્યો આપણે દ્રષ્ટીએ દેખતા નથી. અર્વાચીન કાળમાં પણ શું માણસનો સંબંધ કામ લાગે છે? કાળ એવોતો અનિયમિતપણે નાશ કરનારો છે કે આપણું મમત્વ આપણાં મનમાંજ સમાઈ જાય છે. જેને વિષે આપણે સુખનો આધાર રાખ્યો હોય, જેને વિષે સર્વવાતે આપણે પ્રીતિ દર્શાવતા હોઇએ, ને જેની ઉપર આપણે પૂર્ણ ભાવ રાખતા હોઈએ, અને જે આપણી ઉપર સર્વવાતે હિત કરવાને તત્પર હોય, તેવું માણસ એક ક્ષણવારમાં પરલોકનો પરોણો થઇ જતાં આપણે જોઇએ છીએ. અહીંયાં કાળનું નાશકરવાપણું આપણે વિચારીયે તો પ્રસિદ્ધ જણાઇ રહે છે. માટે આવું કાળનું ભયાનક રૂપ જાણ્યાં અનુભવ્યા છતાં જ્યારે કંઇપણ કલ્યાણ સબંધી પૂરૂષાર્થ ન થાય ને કેવળ બંધનકારક વિષયોમાંજ મન ગુંચાય ત્યારે ઘણીજ આશ્ચર્યની વાત છે? આટલી બે વાત તો તારે પ્રતિક્ષણે વ્યવહાર કાળમાં પણ યાદ રાખવાની છે કે મરણ અવશ્ય છે, ને તેથી પરમેશ્વરને ભુલવા નહિ. જેટલા જેટલા સંકલ્પ વિકલ્પ છે તેને રોકે તેજ સુખી તથા યોગી છે. આ દુનિયામાં સત સંકલ્પ કરવા, પણ ખોટાં સંકલ્પને અવકાશ આપવો નહિ. શુદ્ધ સંકલ્પ તેજ છે કે જે જન્મ મરણને છોડવે નહિં, તો તે ગુરૂ હોય તોપણ ગુરૂ નહિં, પિતા હોય તોપણ તે પિતા નહિં, માતા હોય તોપણ માતા નહિં, પતિ હોય

તો પણ તે પતિ નહિ, અને દૈવ હોય તોપણ તે દૈવ નહિ. અર્થાત એ સઘળાં સન્માર્ગમાં ન જોડે ને કલ્યાણનો માર્ગ ન બતાવે તો તે સબંધીજ નથી. બીજું તને ધર્મની ઉત્પત્તિના મૂળ હેતુઓ છે તે કહું છું તે પણ બરાબર ધ્યાનમાં રાખજે. પારકું દ્રવ્ય લઈ લેવાની ઈચ્છા ન કરવી, કોઈ માણસનું ભુંડું ઇચ્છવું નહિ, અસત્યને સત્ય માનવું નહિ, કોઈને દુઃખ થાય એવું ભાષણ કરવું નહિ, જુઠું બોલવું નહિ, કોઈની ચાડી ચુગલી કરવી નહિ, કોઈને ખોટો ભરૂસો આપવો નહિં, શરીરથી કંઇપણ અયોગ્ય કર્મ કરવું નહિં, કોઇપણ જીવને મારવો નહિ, પારકી સ્ત્રીનો સંગ કરવો નહિં, ભાતૃભાવ રાખી સઘળા મનુષ્ય પ્રાણી પરમાત્માનોજ અંશ છે એમ જાણી સત્ય પ્રેમ રાખવો. સર્વ કાર્યમાં ધીરજ રાખી કામ કરવાની ટેવ રાખવી. શરણે આવેલા મનુષ્યને કરેલા અપરાધની ક્ષમા કરવી, ને ભાતૃ સમાન ગણવો. અયોગ્ય રીતે કોઈની વસ્તુ જાણે અથવા અજાણે લઈ લઇ પોતાનો સ્વાર્થ કરી લેવાની તૃષ્ણા રાખવી નહીં, બહારથી શરીર વિગેરે સ્વચ્છ રાખી અંતરની પણ નિર્મળતા રાખવી અંતરની ઈંદ્રિયોનો નિયમ કરવો; જે વિદ્યાથી માનસીક અને બુદ્ધી જ્ઞાનની ઉન્નતિ થાય તે વિદ્યાનું અધ્યયન કરવું. સર્વ કાર્યમાં નિરંતર સત્યતાથી વર્તવાનો અભ્યાસ કરવો. ક્રોધને પોતાને સ્વાધીન રાખવો, તેના સત્તામાં જવું નહિ. આટલા નિયમો ધ્યાનમાં રાખી નિરંતર તેનો અભ્યાસ

પાડવો. અને પછી આપણને જે ધર્મમાં મુકયા હોય તે ધર્મ પ્રમાણે પાળી ચાલવું. પરાયા ધર્મમાં પગ ઘાલવો નહિ. જો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહયું છે કે:—

॥ श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ॥

॥ स्वधर्मे निधनंश्रेयः परधर्मो भयावहः ॥

ભાવાર્થ-પોતાનો ધર્મ ગમે તેવો હીણ હોય તોપણ તે ધર્મ પાળવો. ને પારકો ધર્મ ગમે તેટલો ઉત્તમ હોય તોપણ તેમાં પગ ઘાલવો નહિં. તો તેજ શ્રેય કર્તા છે. માટે તારે તે પ્રમાણે ચાલવું. આટલું કહી ગુરૂએ કથાની સમાપ્તિ કરી. ને મનને રજા આપી. ગુરૂ પોતાના સ્થાનકે પધાર્યા. મન પોતાના સ્થાનકે ગયું. જઇને ગુરૂના બોધને—એકાન્તમાં બેસી મનન કરી શાન્ત થયું. હવે બીજે દિવસે રોજના નિયમાનુ સાર મન ગુરૂના આશ્રમ પ્રત્યે ગયું. ને ગુરૂએ તેને આગળ બોધ આપવો શરૂ કર્યો. ગુરૂ કહે છે સાંભળ! અંતઃકરણમાં અનાદિ કાળના અધ્યાસથી-મલીનતા છવાઇ ગઇ છે. તે મલીનતા દૂર કરવા વિષે તને સમજાવું છું. તારે જેજે શુભ કર્મો કરવા તે ઇશ્વરને અર્પણ કરી કરવાં. તેમાં તારે કોઇ પણ ફળની ઇચ્છા રાખવી નહિં. અને તેમ કરવાથી અંતઃકરણ શુદ્ધ થશે. માટે તારે નિષ્કામ કર્મો કરવા. અને તેથી અંતઃકરણ શુદ્ધ થવાથી તેમાં જ્ઞાનનો રંગ ચડે છે. ગાંધીના મેલા કપડા પર જો રંગ ચઢાવીએ તો ઉલટો રંગ બગડે, પણ—

તેને રંગ લાગે નહિં પરંતુ જો સરખતી મલમલ પર રંગ ચડાવીએ તો-તાબડતોપ રંગ લાગે છે માટે નિષ્કામ કર્મો કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે, ને તેથીજ બોધ તેમાં ટકે છે. માટે તે પ્રમાણે કરવું. નહિતર જ્યાં સુધી અનેક પ્રકારની કામના રૂપી કાટ ચોંટેલો છે ત્યાં સુધી કોઇપણ જ્ઞાનના અધિકારી થવાતું નથી તો બોધ થવાની તો વાતજ ક્યાંથી! માટે વૈરાગ્યથી તથા દરેક પદાર્થોમાં દોષ દૃષ્ટી કરવાથી ભોગોમાંથી અસક્તિ છૂટે છે. તેટલા માટે તે સાધન મોક્ષ માર્ગમાં સૌથી પેહેલું છે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ ભગવાને નીચેના શ્લોકમાં કહ્યું છે કે.

कर्मण्ये वा धिकारस्ते माफलेषु कदाचन ॥ मा कर्मफल हेतुर्भुमाते मंगोस्तत्व कर्माणि ॥. ભાવાર્થ-હે અર્જુન, તું કર્મો કરવાને અધિકારી છે પરંતુ તેના ફલની ઇચ્છા તારે કરવી નહિં માટે કર્મો તો કર્યેજ જવાં પરંતુ નિષ્કામ તથા ઇશ્વર અર્પણ કરવા. આટલું કહ્યા પછી ગુરૂએ મનને ભક્તિનો વિષય શરૂ કર્યો. આ કલિ કાલમાં ભકિત એજ ઉત્તમ છે. હવે ભકિત શાસ્ત્રમાં નવધા પ્રકારની વર્ણન કરી છે. તેમાંથી જે પોતાને રૂચે તે પ્રમાણે કરવી, અને તે પણ નિષ્કામ ભકિત કરવી. અને તેમ કર્યાથી પણ-અંતઃકરણની શુદ્ધી થાય છે, ને ત્યાર પછી જ્ઞાન ફળી ભૂત થાય છે. ભકિત તથા ભકતોના મહીમાં વિષે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને અર્જુન-પ્રત્યે નીચેના ચાર શ્લોકો વર્ણન કર્યા છે તે સાંભળ! અ- ૭ મો-

॥ चतुरविद्या भजंते मांजनाः सुकृतिनोऽर्जुन ॥
॥ आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानीच भरर्षभ ॥
॥ तेषां ज्ञानी नित्ययुक्त एकभक्ति र्विशिष्यते ॥
॥ प्रियोहि ज्ञानिनोऽत्यर्थ महं सच मम प्रियः ॥
॥ उदाराः सर्व एवैते ज्ञानीत्वात्मैव मेमतम् ॥
आस्थितः सहियुक्तात्मामामेवानु त्तमांगातिम् ॥

ભાવાર્થ—જો પૂર્વે પુણ્ય કર્યું હોય તો ઉપલા ચાર ભકતો મારૂં ભજન કરે છે. નહિંતર વારવાર ક્ષુદ્ર દેવતાના પ્રભાવથી જન્મ મરણને પામે છે. હવે ચાર પ્રકારના ભકતો સાંભળો પેહલો રોગી, બીજો જ્ઞાનની ઇચ્છા વાળો, ત્રીજો ધનની ઇચ્છાવાળો, અને ચોથો જ્ઞાની—એ પ્રમાણે ચાર ભકતો છે. પરતુ તેમાં ત્રણ ભકતો ઠીક છે. પણ જે જ્ઞાની છે તે સર્વથી શ્રેષ્ઠ છે. કારણ કે તેની એક અનન્ય ભકિત છે અને તેથી જ્ઞાની મને અત્યંત પ્રિય છે. અને હું તેને અત્યંત પ્રિય છું. કેહતાં જ્ઞાનિ મારૂજ રૂપ છે. કારણકે ઉપરના ત્રણ ભક્ત ઠીક છે, એમ જે કહ્યું છે તેનું કારણ માત્ર એજ કે તે બધા કામનાવાળા ભકતો છે, તેથી સ્વાર્થને લઇને ભજે છે માટે તે ભકતો જે ભક્તિ મુદ્દલ કરતાજ નથી તેના કરતાં ઠીક છે—અને જ્ઞાની તો મારો આત્માજ છે. કહેતાં તેનામાં ને મારામાં બીલકુલ અંતર નથી. એકજ રૂપ છે. પરંતુ તે

જ્ઞાની ભક્ત ક્રમે ક્રમે થવાય છે. ઉતાવળથી બનતુ નથી. નિષ્કામ કર્મો કરતાં કરતાં અંતઃકરણની શુદ્ધી થયાથીજ જ્ઞાની થવાય છે અને તેમ થવાને માટે પાછળ તને તેનાં સાધનો બતાવ્યાં છે, તે પ્રમાણે ક્રમેક્રમે કરવાથી તેની પ્રાપ્તી થાય છે. આજકાલ તો દુનિયામાં લોકોને થોડા શ્રમે મોટું ફળ જોઇએ છે તે ક્યાંથી મળે ? એકદમ કુદકો મારી અજ્ઞાનમાં કુદી પડે છે, તેથી એકે સિધ થતું નથી, નથી ભક્તિ સિદ્ધ થતી, કે નથી જ્ઞાન સિદ્ધ થતું તેનું કારણ માત્ર જે જે સાધનો કરવાની પ્રથમ આવશ્યક્તા છે તે તે કરવાને જ્યારે સપુર્ણ સાધન સંપન્ન થવાય ત્યાર પછા તે છેવટનું છે. જો કે ખરી રીતે જોતાં જ્ઞાન વિના કેવળ મુક્તિ કહેતાં ફરીથી જેને જન્મ મરણ ગર્ભવાસનો આવાગમન રહેતો નથી તે મોટું ફળ છે. પરંતુ તે ક્યારે કે અનેક નિષ્કામ કર્મો તથા દ્રઢ ભક્તિ પરિપક્વ થાય ત્યારપછી તે વસ્તુના પ્રાપ્તી છે. જે કંઇ પ્રાપ્ત થાય છે તે નિરંતરના અભ્યાસથીજ થાય છે. અભ્યાસ, અનુભવ તથા તે પ્રમાણે વર્તન કર્યા સિવાય માત્ર વાણીમાં બોલવાથી તે વસ્તુની પ્રાપ્તિ કદીજ થવાની નથી. પગથીએ પગથીએ ચડાય છે. પ્રથમ બ્રમચર્ય પાળી-વિદ્યા-અધ્યયન કરી, પછી શાસ્ત્ર આજ્ઞાનુસાર ગ્રહસ્થાશ્રમ કરી, એકાદ સંતતી પ્રાપ્ત થઇ કે પછી-વાનપ્રસ્થ ધર્મ—ગ્રહણ કરવો હોય તો તે ધારણ કરી ક્રમે ક્રમે જ્ઞાનમાં જવાય-એમ જે શાસ્ત્રકારોની આજ્ઞા છે તે

પ્રમાણે વર્તવું. જેને અનેક જન્મનો કરેલો અભ્યાસ તથા વૈરાગ્ય છે, તેવાને માટે જલદીથી થોડા શ્રમે જ્ઞાન પ્રાપ્ત થાયછે બીજાને થતુ નથી.-પરંતુ આજ કાલતો પેહેલાં જે સર્વે સાધનનું મુળ બ્રહ્મચર્ય તેજ નાશ પામી ગયુછે. કેહેતાં બુદ્ધી જ્ઞાનમાં અધિકારીજ થઈ શકતી નથી. તેનું કારણ માત્ર એજ કે આજ કાલ દુનિયામાં પશુવત વ્યવહાર ચાલી રહ્યો છે, તેથી પ્રજા સારી થાયજ ક્યાંથી? જેવું બીજ હોય તેવુ ફળ થાય. આજ કાલ તો એમજ સમજેછે કે સ્ત્રી જે પેદા કરીછે તે એક કામ શાન્તિને માટેજ પેદા કરી છે. પરંતુ તેમ નથી, સ્ત્રી માત્ર પ્રજા ઊત્પત્તિના હેતુ માટેજ છે. હવે તે પ્રજા કેવી રીતે ઉત્પન્ન કરવી, તેમાં કેવા કાળ વિધિની જરૂર છે, તે જાણ્યા સિવાય પ્રજા ક્યાંથી સારી થાય? અને તેથી પ્રજા વિચિત્ર થાયછે. આજતો કાળ ગતિ જોયા સિવાય ગર્ભાધાનના સસ્કાર બરાબર જાણ્યા સીવાય, વિપ્રત રીતે પ્રજા ઊત્પન્ન થાયછે. જો કે પીતા ઘણો સારો ગુણી, તથા વિદ્વાન હોયછે, છતાં પ્રજા વિચિત્ર થાયછે. તેનુ કારણ-માત્ર ગર્ભાધાનના સસ્કાર બરાબર નહિ હોવાથીજ તેમ થાયછે. સાસ્ત્રની આજ્ઞાનુસાર—ઊત્તમ કાળ, ઊત્તમ પળ, જોઇ રૂતુ પ્રાપ્ત થયા બાદ વિધિ પ્રમાણે નિરોગી સ્ત્રી, નિરોગી વિર્ય, ઊત્તમ વિચાર સંયુક્ત પોતાનાજ પરાક્રમથી જે પ્રજા ઊત્પન્ન થાય, તેજ શ્રેષ્ઠ થાયછે. અને સાસ્ત્રની એવી પણ આજ્ઞા છે કે એક પ્રજા ઊત્પન્ન

થયા પછી પુત્ર પાંચ વરસનો થાય ત્યાર બાદ જો ઈચ્છા હોય તો બીજી પ્રજા ઊત્પન્ન કરે. પરંતુ આજ કાલ તો તેનો નિયમજ ક્યા છે?

તેનુ કારણ માત્ર કાળના યોગે કરીને સર્વે નાશ પામ્યું છે. તારે હમેશાં દરેક વસ્તુમાંથી સાર ગ્રહણ કરવો. જેમ હંસ છે તે દૂધ ને પાણી એકઠાં હોયછે તેમાંથી પાણીને જુદુ પાડી દૂધજ ગ્રહણ કરેછે તે પ્રમાણે સર્વમાંથી સારજ ગ્રહણ કરવો. એટલુ કહી કથાની સમાપ્તિ કરી ગુરૂએ મનને રજા આપી. મન પોતાના સ્થાનકે ગયું.

બીજે દિવસે રોજના નિયમાનુસાર ગુરૂના આશ્રમ પ્રત્યે ગયું ને સ્વસ્થ થઇ બેઠું ગુરૂ તેને ઉપદેશ કરેછે. તેની શરૂઆતમાં મને ગુરૂને નીચે પ્રમાણે સવાલ પુછયો કે ગુરૂજી? આ દુનિયામાં મુર્તિપૂજા ખરી છે કે ખોટી? તે વિષયમાં મને શંકા છે તે યથાર્થ સમજાવો જે સાંભળી ગુરૂ પ્રારંભમાં તે શંકાનું નિવારણ કરેછે. ગુરૂ કહેછે સાંભળ! સાસ્ત્રોમાં કહેછે જે ઇશ્વર સર્વવ્યાપક છે. તો હવે વિચાર કર કે સર્વવ્યાપકનો અર્થ શું? તેનો અર્થ એ છે જે એક અણું પણ જગ્યા પરમાત્મા સિવાય ખાલી નથી, તો પછી મુર્તિ જે જગ્યામાં છે તે કઇ જગ્યા છે કે જ્યાં ઇશ્વરનો વાસ નથી. જો તેને માટે ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુન પ્રત્યે નિચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ!

॥ मतः परतरं नान्यात्किंचिदस्ति धनंजय ॥

॥ मयि सर्व मिदं प्रोक्तं सूत्रे मणि गणाइव ॥

ભાવાર્થ-જેમ માળાના મણકા સુત્રની અંદર ઓત પ્રોત છે, તેવી રીતે સમગ્ર વિશ્વ મારા અંદરજ છે કહેતાં એક રાઇ જેટલી જગ્યા પણ મારા વિના ખાલી નથી. તો પછી મૂર્તિમાં હું છુ એટલુંજ નહિ પણ જો સાંભળ.

॥ जळे विष्णु स्थळे विष्णु, विष्णु पर्वत मस्तके

ज्वाल माळा कूळे विष्णु विष्णु सर्वं मयंजगत् ॥

માટે એ શંકા તદ્દન નકામીજ. જેને ઇશ્વરના સર્વવ્યાપક પણાનું જ્ઞાન નથી, તે, તેવી શંકા ઉઠાવે છે. ટુંકામા શ્રી ભગવાને અર્જુનને ગી. અ. ૧૦ માં આખી વિભૂતિ યોગ વર્ણન કર્યો છે. તે એટલાજ માટે કે મનને ધ્યાન કરવાને માટે, કારણકે ઇશ્વરનું વ્યાપક સ્વરૂપ મન વાણીથી ધ્યાનમાં આવી શકે તેમ નથી, માટે મનની સ્થીરતા કરવા માટે ખાસ મૂર્તિ કલ્યાણકારક છે. અને તેને માટેજ ભગવાને અર્જુનને નીચેનો શ્લોક કહ્યા છે તે સાંભળ !

॥ अथवा बहु नै तेन किंज्ञाते नतवार्जुन ॥

॥ विष्टभ्याह मिदुं कृत्स्न मेकांशेन स्थितो जगत् ॥

ભાવાર્થ-હે અર્જુન! આ સંપૂર્ણ જગત મારા અંદરજ સ્થિત છે. કેહેતાં હુંજ સર્વમાં વ્યાપી રહેલો છું, તો પછી વધારે શું કહેવાનું અથવા જાણવાનું છે કે હું આમાં છું ને આમાં છું-કેહેતાં બધાયમાંજ હું છું એ અનુભવ જ્ઞાનીઓને છે, કહેતાં જેનું અંતઃકરણ નિષ્કામ કર્મો કરી ઇશ્વર પરાયણ રહી જેની બુધ્ધી-પરમાત્મામાંજ

એક રસ છે તેજ જાણેછે. બાકી જેના અંતઃકરણમાં રાગ અને દ્વેશ રૂપી પડદા પડેલા છે તેને એ જ્ઞાન કદિ પણ થવાનુંજ નથી. વ્યવહારના એક સાધારણ અક ઉપરથીજ માલમ પડેછે જે એકડે એક ને બગડે બે—જ્યાં બે પણું થયું કે બગડે—માટે તે એકરસ પરમાત્માના સ્વરૂપના જ્ઞાનના સાધનોજ હું તને બતાવ્યે જાઊંછું—તે ધારણક રી પરીપકવ થયા બાદ અંતમાં તને છેવટનો તેજ ઊપદેશ કરીશ. હવે ગુરૂ તે જ્ઞાનમાં અધિકારી થવાના નિયમો બતાવે છે. જો સાંભળ! જે કુળમાં જ્ઞાનવાન ભક્ત અવતરેછે, તે પોતાની એકોતેર પેઢીને તારેછે. માટે જો પુત્ર થાય તો તેવો પુત્ર ઊત્તમ છે. ને દુનિયામાં તેનીજ નામના છે. જો! જેટલા જેટલા હરીના ખરા ભક્ત થઇ ગયા છે તેઓના દેહહાલ આપણે દેખતા નથી પરંતુ તેમની કીર્તિથી તેઓ જીવતાજ છે. કેહેતાં દુનિયામાં જેને મુવા પછી સર્વ મનુષ્યો સંભારે તેજ જીવેછે. મર્યાનો અર્થ એ છે કે જેને ફરીથી મરવાનું નથી તેજ મર્યોછે. જનમ્યો પણ તેજ છે કે જેને ફરીથી માતાના ઊદરમાં જન્મ લેવાનો નથી તેજ જનમ્યો છે. હવે આગલ તને એવી વાત કહુંછું જે જ્ઞાન પ્રાપ્તિના મુખ્ય હેતુ જે છે તે પ્રમાણે પ્રથમ ચાલજે. માયા ત્રણ ગુણવાળી છે, કેહેતાં સમગ્ર જગત્‌નો વ્યવહાર ત્રણ ગુણોને લઇને થાયછે માટે ભગવદ્‌ ગીતામાં ભગવાને અર્જુનને કહ્યુંછે જે તું ત્રણ ગુણ રહિત થા. તે ઉપર નિચેનો શ્લોક કહ્યો છે તે સાંભળ!

॥ त्रै गुण्य विषया वेदानि स्त्रै गुण्यो भवार्जुन ॥
॥ निर्द्वंद्वो नित्य सत्वस्थो निर्योग क्षेम आत्मवान् ॥

ભાવાર્થ-જો ! વેદમાં ત્રણ ગુણો કહ્યા છે. તે એ કે તમો ગુણ, રજો ગુણ, અને સત્વ ગુણ-એપ્રમાણે જે ત્રણ ગુણ છે તેથી તું રહિત થઈ નિરંતર સ્વસ્થ રહી, યોગ ક્ષેમ રહિત થઇને, આત્મ નિષ્ઠાવાન થા. માટે ત્રણે ગુણોને અભ્યાસથી તમો ગુણને રજો ગુણમાં દબાવી દેવો, રજોને સત્વમાં દબાવી દેવો, ને સત્વને શુદ્ધ સત્વમાં દબાવી દેવો. અને ગુણ રહીત થઇ આત્મામાં સ્થિર થા? કારણ કે તમો ગુણ કેવલ અંધકાર છે તેમાં તો જ્ઞાન થવાની આશાજ રાખવી નહિ-રજો ગુણ એટલે જેમાં રજ આદિ દોષ છે તે પણ જ્ઞાન થવામાં વિઘ્ન રૂપ છે. માત્ર સત્વ ગુણ નિર્મળ છે તેનો આશરો લઇ જ્ઞાનની ઊત્પત્તિ થાયછે; ને જ્ઞાન થયા પછી તે પણ છોડી દેવાનો છે. લોકોને જાણ્યા સમજ્યા છતાં જ્ઞાન આરૂઢ નથી થતુ, તેનું કારણ માત્ર જે જે સાધનભુત વસ્તુઓ છે તેમાં આરૂઢ થયા સિવાય શી રીતે યથાર્થ જ્ઞાન થાય ? જેમ મલીન દર્પણમાં કદિ પણ મુખ દેખાતું નથી. તેવી રીતે મલીન અંતઃકરણમાં આત્માનો કદિ પણ શાક્ષાત્કાર થતો નથી. તેમાં કાંઈ ગુરૂ કે સાસ્ત્રોનો દોષ નથી. પોતાના પુરૂષાર્થનોજ દોષ છે. માણસો રાત્રી દિવસ સંસારમાં નાના પ્રકારના નાશવાન ભોગો મેળવવામાં જેવા આતુર રહી

તેમાં પુરૂષાર્થ કરેછે. તેવો જો આ અવિનાશી વસ્તુની પ્રાપ્તિમાં ખંત રાખી યત્ન કરે તો, જરૂર પાર પડે–ને શાક્ષાત્કાર થયા વિના રહેજ નહિ. આ તો અનુભવથી વસ્તુ જાણુવાની છે. કાંઇ તે એવી દુનિયાની આકારવાળી વસ્તુ નથી કે જે પ્રત્યક્ષ આંગળીથી દેખાડી શકાય–શ્રુતિ પણ ન્હીતાં ન્હીતાં તેનું વર્ણન કરેછે. કારણ કે તે વાણી-ના વિષયમાં આવે તેવું નથી–માટે સર્વથી ગહનમાં ગહન તથા અતિ છૂપામાં છુપું તે જ્ઞાન છે. તે તને શ્રદ્ધાવાન તથા અધિકારી જાણી તે સર્વ બોધ કહીશ–આટલું કહી ગુરૂએ કથાની સમાપ્તિ કરી. ને મનને બીજે દિવસે આવવાનું કહી જવાની આજ્ઞા કરી. મન શાન્ત થઈ પોતાના સ્થાનકે ગયું. ને સ્વસ્થ થયું.

બીજે દિવસે રોજના નિયમાનુસાર તે ગુરૂ પાસે ગયું.–જઇ વંદન કરી બેઠું–ગુરૂ આગલ ઉપદેશ શરૂ કરે છે.—આજ રોજ તને તૃષ્ણા રૂપી મોટી પીસાચણી છે–તેનું વ્યાખ્યાન કહુંછું તે બરાબર ધ્યાનમાં રાખજે. જો સાંભળ! તૃષ્ણા કાંઇ એક પ્રકારની નથી અનેક પ્રકારની તૃષ્ણા છે.–કેહેતાં લોક વાસના, શાસ્ત્ર વાસના, પૂત્ર વાસના, સ્ત્રી વાસના, ધન વાસના, દેહ વાસના–ખાન પાનાદિક વાસના, અને બીજી અનેક વાસનાઓ છે. તેમાંથી તારે આસક્તિ છોડી દેવી નહીંતર તે બંધનકર્તા છે. કેહેતાં જ્ઞાનમાં વિક્ષેપ રૂપ છે.

અને તારે એટલું યાદ રાખવું જે કોઇ પણ વાસના ભોગવવાથી શાન્તી થવાનીજ નથી–પરંતુ ઊલટી વધશેજ. –તે ઊપર એક દૃષ્ટાંત કહુંછુ તે સાંભળ! જેમ અગ્નિમાં આપણે ઘી નાંખીએ તો અગ્નિ પ્રદિપ્ત થતો જશે પરંતુ અગ્નિ શાન્ત પડવાનો નથી, જ્યારે પાણી રેડીશું ત્યારેજ અગ્નિ શાન્ત પડેછે. તે પ્રમાણે ભોગો જેમ જેમ ભોગવાતા જાયછે તેમ તેમ તૃષ્ણા વધતી જાયછે, પરંતુ શાન્તિ થતી નથી. માત્ર તેમાં દોષ દૃષ્ટી કરી વિચારરૂપી પાણી છાંટવાથીજ શાન્તિ થાયછે. માટે તેને છોડી દેવી. આ દુનિયામાં શાંતિ જેવું એક પણ સુખનું સાધન નથી –આ ઊપલા સઘળા સાધનો માત્ર વિવેકથીજ પ્રાપ્ત થાય છે, વિવેક વિના કશુંએ પ્રાપ્ત થતું નથી. માટે વિવેકને જરા પણ પાસેથી વેગળો કરવો નહીં–પરંતુ જ્યાં તૃષ્ણા જો પાસે આવી તો વિવેક, શાન્તિ, ધીરજ, દયા, વિગેરેને એકદમ ઉડાવી દેછે. તેટલા માટે તૃષ્ણાનો ત્યાગ કરવાનો છે–કારણ કે તેમાં કાંઇ પણ સુખ નથી. કેહેતાં દુનિયામાં કોઈ પણ એવો પદાર્થ નથી કે જેમાં સુખ હોય–કારણકે સઘળા પદાર્થો નાશવાન છે–અને તેટલા માટે ભતૃહરીએ નિચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ!

॥ शिखरिणी वृत्त ॥

॥ न संसारोत्पन्नं चरित मनुपश्या मिकुशल ॥
॥ विपाकः पुण्याना जनयति भयंमे विमृशतः ॥

॥ महद्भिः पुण्यौघैश्चिर परिगृहीताश्च विषया
॥ महान्तो जायन्ते व्यसन मिवदातुं विषयिणाम्

ભાવાર્થ—સંસારમાં ઉત્પન્ન થયેલું કોઇ પણ કર્મ હું સુખકર જોતો નથી; કારણ કે વિચાર કરી જોતાં તો પુણ્યનું પરીણામ પણ મને ભય ઉત્પન્ન કરેછે; કેમકે મહા પુણ્યના ઓધે કરીને પ્રાપ્ત થયેલા અને ચિરકાળથી ભોગવાતા વિષયો પણ અનુરાગિ (વિષય ભોગવનાર) પુરૂષોને મહા દુઃખના કારણરૂપ થઇ પડેછે. અર્થાત-સંસારમાંથી ઉત્પન્ન થયેલું ચરીત સુખકર થતું નથી-કારણ કે પુણ્યનો પરિપાક સુખકર નિવડેછે, એટલે પુણ્યનો પરિણામજ દુઃખકર છે એમ કહેવાય-માટે પુણ્યથી પ્રાપ્ત થયેલાં સુખો વિષયો તેના ભોગવનારને પાછા દુઃખમાં નાંખેછે અર્થાત આ સંસારમાં મહા પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ મળે અને ત્યાં જઇને જ્યાં સુધી પુણ્ય પહોંચે ત્યાં સુધી સુખ માણે; પુણ્યનો અવધિ પુરો થાય એટલે પાછો ક્ષીણે પુણ્યે મર્त्य लोके विशन्ति એ વચનાનુસાર મૃત્યુ લોકમાં પડેછે. આમ થતાં જન્મ મરણ છુટે નહિ માટે સંસારમાં રહીને પારલૌકીક સુખને માટે પુણ્યદાન કર્યા કરતાં સંસારનો ત્યાગ કરી પરબ્રહ્મમાં લીન થવું એ ઉત્તમ છે-એથીજ મોક્ષ મળેછે-મહા પુણ્યે કરીને પ્રાપ્ત થયેલાં પુષ્પ, ચંદન, ને સુંદર સ્ત્રી વગેરે વિષયો જેમ જેમ બહુ ભોગવાય છે તેમ તેમ મોટા દુઃખનું કા-

રણ રૂપ થતાં જાયછે. વેદાંન્તની રીતે સ્વર્ગ કરતાં મોક્ષ ચડેછે અને તેનીજ કામના રાખવી જોઈએ; કારણ કે સ્વર્ગમાં ગયેલો તો પુણ્ય પુરા થતાં જન્મ મરણના ફેરામા પડે છે, પણ જીવન મુક્ત તો ચોરાસીના ફેરામાંથી સદાને માટે છુટે છે. આટલું કહી ગુરૂએ કથાની સમાપ્તિ કરી મનને કહ્યું જે તને જે પહેલેથી તે અત્યાર સુધીમાં જે જે સાધનો બતાવ્યાં એટલાં જેને પરિપકવ થયા હોય તેજ આત્મ જ્ઞાનનો અધિકારી છે, તે શીવાય એકદમ તેનો અધિકારી થતો નથી-હવે તને આવતી કાલથી આત્માના જ્ઞાન સબંધી બોધ કરીશ-અને તને જે બાબતો કહી છે તેમાં કંઇપણ શંકા જેવુ હોયતો આવતી કાલે મને પુછજે એમ કહી ગુરૂ પોતાના સ્થાનકે પધાર્યા-અને મન પોતાના ઘેર આવી એકાંતમાં બેશી-સઘલું મનન કરી શાન્તીરસમાં ડુબી ગયુ. બીજે દિવસે રોજના નિયમાનુ સાર ગુરૂ પ્રત્યે જઈ વંદન કરી બેઠું. જે વેળા એ ગુરૂએ મનની વૃતિ તદન શાંન્ત તથા વૈરાગવાન જોઈ ગુરૂએ પ્રારંભમાં મનને પુછયું કેમ તને કાંઇ શંકા છે? મન જવાબ આપે છે ગુરૂજી કોઈપણ જાતની શંકા નથી -પરંતુ હું અત્યંત નિર્મળ તથા પાવન થઇ ગયુ છું-તે માત્ર આપનોજ અનુગ્રહ તથા પ્રતાપ છે. આપે મારા-અધ્યાત્મ-અધિભૂત-ને અધિદૈવએ ત્રણ તાપો તેપણ આપના સત્સંગ તથા બોધથી નાશ પામી ગયા છે. એટલું કહી મન શાન્ત થયુ. ગુરૂ તેની વૃતીનો આવો ભાવ

જોઇ મનને કહે છે જે હવે તું કેવળ નિરદોષ તથા અધિકારી થયું છે. માટે તને આત્મવિદ્યા કે જે અત્યંત ગુપ્તમાં ગુપ્ત વસ્તુ છે તેનો આજરોજથી પ્રારંભ કરૂ છું-શ્રી કૃષ્ણ પરમાત્માએ અરજુન પ્રત્યે ગીતાના અ. ૯ માંના પ્રારંભમાં નીચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ !

॥ इदं तुत्ते गुह्यतमं प्रवक्ष्याम्य नसूयवे ॥

॥ ज्ञानं विज्ञान साहितं यज्ज्ञात्वा मोक्ष्यसे ऽ शुभात् ॥

॥ राज विद्या राज गुह्यं पवित्र मिद मुत्तमम् ॥

॥ प्रत्यक्षाव गमं धर्म्यंमु सुखं कर्तुम व्ययम् ॥

॥ अश्रद्द धानाः पुरुषा धर्मस्यास्य परंतप ॥

॥ अप्राप्यमां निवर्तंते मृत्यु संसार वर्त्मनि ॥

ભાવાર્થ—આજ્ઞાન કેહેતાં જે આંગળીથી બતાવી શકાય નહિ તેવું-સર્વથી ગુહ્યમાં ગુહ્ય, કેહેતાં તેના જેવી બીજી ગુહ્ય વસ્તુ સંસારમાં એક પણ નથી-તે ઉપદેશ તને દોષ રહિત કહેતાં શુદ્ધ અંતઃકરણવાળો જોઇ કહું છું તે એવી રીતે કે જ્ઞાન વિજ્ઞાન સહિત કહેતાં સાકર મીઠી છેએમ જે જાણવું તેનુ નામ જ્ઞાન, પણ તેને ખાઇને તેની મીઠાસનો સાક્ષાત અનુભવ કરવો તેનુ નામ વિજ્ઞાન. તો તેવી રીતે તને ઉપદેશ કરૂ છું કે જેને જાણીને મોક્ષ સબંધી જાણવાનું પછી કંઇપણ બાકી રેહેશે નહિ-વળી આ વિદ્યા કેવીછે તે સાંભળ! દુનિયામાં જેટલી જેટલી

વિદ્યાઓછે તેમાં સર્વનો રાજા–અને જેટલી ગોપ્યમાં ગોપ્ય એટલે કે છુપામાં છુપી વસ્તુઓની અંદર અત્યંત છુપી–અને દુનિયામાં જેટલી પવિત્ર વસ્તુઓ છે તેની અંદર અત્યંત પવિત્ર–અને જે પ્રત્યક્ષ ધર્મફળને આપવા વાળી–અને જેને જાણીને અત્યંત સુખને આપવા વાળીછે; તેવી વિદ્યાનો તને અનુભવ કરાવું છું. પરંતુ આ વિદ્યા જેને શ્રદ્ધા નથી, તથા ધર્મ પર આસ્થા નથી, તેવા માણસોને પ્રાપ્ત થતી નથી અને તેની પ્રાપ્તિ નહીં થવાથી શ્રી કૃષ્ણ પરમાત્મા કહે છે જે મને પ્રાપ્ત થયા સિવાય સંસારમાં જન્મ મરણને ભોગવે છે. માટે ઉપલી બાબત તારામાં પ્રાપ્ત થવાથીજ તને તે જ્ઞાનનો ઉપદેશ કરૂં છું એમ કહી ગુરૂએ મનને કહ્યું કે–ક્ષમા–દયા–આર્જવતા–શાન્તી–અક્રોધ—જીતેન્દ્રિય રહેવું, ને ઇન્દ્રિયોને અંતર્મુખ કરવી એ જ્ઞાનના પ્રારંભ સાધનભૂત છે. શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ નીચેના શ્લોકમાં અર્જુન પ્રત્યે કહ્યું છે તે સાંભળ !

॥ यतो यतो निश्चराति मनश्चंचलम स्थिरंम् ॥
॥ ततस्ततौ नियम्यै तदात्मन्येव वशंनयेत् ॥

ભાવાર્થ—મન ચંચળતાના દોષથી જ્યાં જ્યાં જાય ત્યાંથી તેને પાછું વાળી આત્મામાં જોડવું, કહેતાં ઇન્દ્રિયો મનને દોરનારી છે, માટે ઇન્દ્રિયો જે બાહ્ય વિષયોમાં રાત્રી દિવસ દોડયા કરે છે, તેને, દબાવી અંતર્મુખ કરવી

એજ મનને નિયમમાં લાવવાનો હેતુ છે. મનનો ધર્મ પ્રથમથીજ ચંચળ જન્મોત્રીના વિંટા જેવું છે. તેને માટે અર્જુને પણ નીચેના શ્લોમાં શંકા કરી છે તે સાંભળ !

॥ चंचलंहि मनः कृष्ण प्रमाथी बलव द्दढम् ॥

॥ तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥

ભાવાર્થ— આ મન એટલું ચંચળ છે એમ નથી પરંતુ પ્રમાદવાળું, અતિ બલવાન છે તેથી તેનો નિગ્રહ કરવો, એ ફુંકતા વાયુને ઘડામાં રોધવો એ જેવું અશક્ય છે તેના જેવું લાગે છે માટે તેને રોકવું શી રીતે ? એમ અર્જુને શંકા કરી તે વખતે શ્રીકૃષ્ણ પરમાત્મા નીચલા શ્લોકથી તેનું સમાધાન કરે છે તે સાંભળ !

॥ असंशयं माहाबाहो मनोदुर्निग्रहं चलम् ॥

॥ अभ्यासेन तुकौंतय वैराग्येण चगृह्यते ॥

ભાવાર્થ--ભગવાન કહે છે કે અભ્યાસ વૈરાગ્ય તથા સત્સંગથીજ, એ મન વશ થાય છે બીજા કોઇપણ ઉપાથી વશ થતું નથી. માટે અભ્યાસ તો જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી જ્ઞાન થયા બાદ પણ જારી રાખવાનો છે તે પર ગીતામાં પાંચમા અધ્યાયમાં નીચેનો શ્લોક મનને કાબુમાં રાખવા માટે કહ્યો છે તે સાંભળ !

॥ ज्ञान्कोतीहैवयः सोढुं प्राक्शरीर विमोक्षणात् ॥

॥ कामक्रोधो भ्द्वं वेगंसयुक्त : ससुखी नरः ॥

ભાવાર્થ—જે માણસ શરીર પડે ત્યાં સુધી કામ તથા ક્રોધના ઉત્પન્ન થતા વેગને રોકવાને શક્તિવાન છે તેજ સુખી છે અને ત્યારેજ આત્મજ્ઞાન સિદ્ધ થાય છે. કારણકે જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેનું મન શ્રીકૃષ્ણ પરમાત્માએ નીચેના શ્લોકમા કહ્યું છે તેવું થાય છે ત્યારેજ તે મુક્ત કહેવાય છે; ત્યાં સુધી નહીં. તે શ્લોક સાંભળ !

॥ यथा दीपो निवातस्थो नें गते सोपमा स्मृता ॥

॥ योगिनो यत चित्तस्य युंजतो योग मात्मनः ॥

ભાવાર્થ જેમ પવન વગરની જગ્યામાં રહેલો દીવો હાલતો નથી. ને જેમ—સ્થિર રહે છે, તેવું યોગીનું મન છે, કેહેતાં જ્ઞાન વાનના મનની તેવી—અચળ સ્થિતિ છે. માટે તે સ્થિતિને પ્રાપ્ત થવું કાંઇ સેહેલ નથી—હવે જ્ઞાનમાં અધિકારી કોણ છે? તેના સંબધમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ નિચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ !

॥ श्रद्धा वॉंल्लभते ज्ञानं तत्परः संयतें द्रियः ॥

॥ ज्ञानं लब्ध्वा परां शांतिम चिरेणा धिगच्छति ॥

ભાવાર્થ શ્રદ્ધા, તત્પરતા, તથા ઇન્દ્રિયોનો નિગ્રહ એટલા વાના જો હોય તો જ્ઞાનને મેળવે, અને તુરતજ શાન્તિને પામે છે. હવે—તને યથાર્થ ઉપલા શ્લોકનો ભાવાર્થ કહુછુ તે સાંભળ ! એકલી શ્રદ્ધાથી જ્ઞાન થતું નથી તથા એકલા તત્પર રેહેવાથી પણ જ્ઞાન થતું નથી, પરંતુ

કેહેવાનું તાત્પર્ય એ છે જે ઉપલા ત્રણ સાધનમાં એક પણ ઓછું હોય તો જ્ઞાન થવામાં વિઘ્ન આવે છે. શ્રદ્ધા થઇને તત્પર ન રહે, તત્પર રહે છે પણ ઇન્દ્રિયો નિયમમાં નથી, તોપણ નકામું છે—માટે—શ્રદ્ધા—સહિત ઇન્દ્રિયોનો નિયમ કરી પછી તત્પર રહે તોજ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેટલા માટે શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુન પ્રત્યે કહ્યું છે. માટે તારે પણ આવાત સારી રીતે ધ્યાનમાં રાખવાની છે---કારણ કે શ્રદ્ધા વિના કેવળ મેહેનતનું ફળ મેહેનતજ થાય છે—કેહેતાં જે કંઇ કરવું તે શ્રદ્ધાથીજ સિદ્ધ થાય છે—અને અશ્રદ્ધાને માટે શ્રી ભગવાને નિચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ !

॥ अज्ञश्चा श्रद्धानश्च संशयात्मा विनस्याति ॥

॥ नायं लोकोऽस्ति न परोन सुखं संशयात्मनः ॥

ભાવાર્થ—અજ્ઞાન, શ્રદ્ધા રહિત, અને શંસયવાળોએ નાશ પામે છે. તેનો આલોક તથા પરલોક બંન્ને બગડે છે—વિસ્તારથી સાંભળ ! કાંતો કેવળ અજ્ઞાન હોય, તે સારો, ને કાંતો જેને પુરૂં જ્ઞાન હોય તે સારો, પરંતુ વચલા વાંધાનો હોય, કેહેતાં જે નથી જ્ઞાની કે નથી અજ્ઞાની એવો, જે માણસ છે તેને ચાર મુખવાળા બ્રહ્માપણ બોધ કરવાને સમર્થ નથી. કારણ કે જેમાં તેમાં સંશયવાળો હોવાથી તેને જ્ઞાન કદિ પણ થતું નથી તેથી નહિ ત્રણમાં, નહીં તેરમાં, ને નહિં છપ્પનના મેળમાં. તેના

જેવું થાય છે માટે—એવા માણસને બોધ વૃથા છે. બીજું તારે એક ઘણુંજ યાદ રાખવાનું છે તે એ જે, જગતમાં એવા ઘણા દાખલા જોવામાં આવે છે કે કેટલાક ધર્મ-ચુસ્ત, તથા જ્ઞાન પણ થયું હોય છે છતાં, તેમનો ક્રોધ નાશ નથી પામતો, ત્યારે તું વિચાર કર કે જ્ઞાન પ્રાપ્ત કરીને પણ જ્યારે ક્રોધ નામનો, જે મહા મોટો શત્રૂ તેને જ્યારે જીતે નહિં ત્યારે સુખ તથા શાન્તિ તેને શું થઇ? અને ખરી રીતે જ્યાં સુધી ક્રોધ વિગેરે નાશ ન પામ્યા હોય ત્યાં સુધી તે જ્ઞાનનો અધિકારી ગણાતો નથી. જો તને તે પર એક નિચેનુ દ્રષ્ટાંત કહુ છું તે સાંભળ! કોઇ એક માહા વિદ્વાન બ્રાહ્મણ ધર્મ-ચુસ્ત તથા વિદ્યાથી નિપુણ હતો તે એક દિવસ નદિયેથી સ્નાનકરી ઘેર જતો હતો, તેવામાં રસ્તામાં આવતાં એક વ્હારનારી ઝાડુથી કચરો કાઢતી હતી તે પેલા માહારાજ પેલી ઝાડનારીને કહે છે, અરે એ ચાંડાલણી ઉભી રહે? એકવાર કહ્યુંતો પણ તેણે વ્હારવાનુ બંધ કર્યું નહિ—બીજી વાર કહ્યું તો પણ માન્યુ નહિ, અને જ્યારે ત્રીજી વાર કહ્યું તોએ પણ પેલીએતો બંધ ન કર્યું. એટલે માહારાજને એકદમ એવો તો ક્રોધ થયો કે એકદમ તેની પાસે પાણીનો લોટો હતો તે છુટો માર્યો જે વ્હારનારીને વાગવાથી વારનારી તે માહારાજને એકદમ અડકી પડીને તેનો છેડો પકડયો. ને સામુ ઝાડુથી મારવા લાગી, તેવામાં રસ્તે જનાર લોકો ભેગા થઇ ગયા ને આવા વિદ્વાન માણસની આ પ્રમા-

ણુની સ્થિતિ જોઇ સર્વે પેલી વ્હારનારીને કહેવા લાગ્યા તેં કેમ તેને પકડી રાખ્યો છે ! ત્યારે વ્હારનારીએ કહ્યું જે એતો મારો ધણી છે તે જોઇ સઘલા હસ્યા, તથા તાજુબ થયા અને માહારાજ એકદમ શરમીંદા થઈ વ્હારનારીના માફી માગી કે તુરતજ છોડી દીધા. માટે જોયુ! ક્રોધ આવો છે ને આવી હલકી દશા કરાવે છે—માટે આ વાત પણ ચોકસ ધ્યાનમાં રાખજે—માટે ખરો વિદ્વાન અને ખરો પંડિત સંપુર્ણ સાધન સિવાય કહેવાતો નથી, અને વસ્તુ વિચારે પારમારથિક વ્યવહારમાં પંડિત કોને કહે છે તે પણ નીચેના શ્લોકમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુન પ્રત્યે કહ્યું છે તે સાંભળ ?

॥ यस्य सर्वे समारंभाः काम संकल्प वार्जिताः

॥ ज्ञानाग्नि दग्ध कर्माणं तमाहुः पंडित बुधाः ॥

ભાવાર્થ—જે કર્મોનો આરંભ કરવો તેમાં કામના તથા સંકલ્પ ને છોડી દેવા—કેહેતાં હું અમુક કર્મ કરૂં ને મને તેનું અમૂક ફળ થાય—એવા જે સંકલ્પો કરવા તે, જેણે છોડી દીધા છે તથા જ્ઞાન રૂપી અગ્નિમાં કર્મો ને બાળી નાંખ્યા છે તેનેજ પંડિત કહે છે. નહિ કે કામના વાલાને પંડિત કહે છે. એટલું કહી ગુરૂએ કથાની સમાપ્તિ કરી અને મનને કહ્યું આજે તને જેજે બોધ કર્યો છે તે કેવળ આત્મ—જ્ઞાનમાં અતિ સાહાય ભૂત છે—માટે એકાંતમાં બેશી તેનું મનન—નિદિધ્યાસ કરજે—હવે હું તને

રોજ તે પ્રમાણે કહુ છું તોપણ—અંતમાં તને શ્રવણ, મનન, નેનિદિધાસનનો અર્થ ખરેખરો અનુભવ કરાવું છું કારણ કે, તે જાણવું પણ જરૂરનું છે શ્રવણ ત્રણ પ્રકારનું છે એટલે પેહેલું શ્રવણ તો એવું છે કે જયાં સાંભળ્યું ત્યાંનું ત્યાંજ મુકી દીધું, બીજું શ્રવણ એછે જે સાંભળી બીજાને કહી સંભળાવ્યું તે કાંઈ સારૂં છે, ને ત્રીજુ એકે જે કાંઇ સાંભળ્યું તેને રદયમાં ઉતારી દીધું તે શ્રવણ ઉત્તમ છે હવે મનન એટલે જે કાંઇ રદયમાં ધારણ કર્યું છે તેને એકાંતમાં બેશી વારંવાર તેનું આવર્તન કરવું—એટલે કે જેમ ગાય છે તે પેહેલાં ઘાસ ખાઇ જાય છે ને પછી બેશીને વાગોળે છે કેહેતાં ધીમે ધીમે ચાવીને તેનો રસ બનાવે છે તેવી રીતે મનન કરવું, હવે નિદિધ્યાસ એટલે ચાવી ચાવીને જે રસ થયો છે તે શરીરમાં પુષ્ટી કરે છે, તથા ગાય દુધ પણ સારૂં આપે છે, તે પ્રમાણે જે મનન કરે છે તેને દુધરૂપી ફળ જે જ્ઞાન તેને આપે છે માટે તને યથાર્થ અનુભવમાં આવ્યું હશે!—મને કહ્યું હા ગુરૂજી યથાર્થ મારા ધ્યાનમાં ઉતર્યું છે એટલું કહ્યા બાદ ગુરૂએ મનને રજા આપી, ને પોતે પોતાના સ્થાનકે પધાર્યા- હવે મન રોજના નિયમ અનુસાર બીજે દિવસે ગુરૂ પાસે ગયું, જઇને વંદન કરી બેઠું. જે વેળાએ ગુરૂએ નીચે પ્રમાણે બોધ આપવો શરૂ કર્યો. ગુરૂ કહે છે સાંભળ ! આજરોજ તને સર્વમાં સમચિત્ત થવાનો ઇતિહાસ સંભળાવું છું તે સાંભળ ! શત્રુ-

ઓને વિષે કલેશ કરવામાં પ્રયત્ન ન કરવો અને પુત્ર મિત્ર તથા કુટુંબીને વિષે સંઘી કરવામાં પ્રયત્ન કરવો નહીં જો તરત વિષ્ણુ પદ પામવાની ઇછા કરતુ હોય તો સર્વ ઠેકાણે સરખા ચિત્તવાળુ થા ! પોતાના ધનમાલ પ્રતિષ્ઠા, અને પ્રાણને હરિ લેનાર જે હોય તેને સંસારમાં શત્રુ કહે છે, એવા શતરૂઓ સાથે કલેશ કરવો અને તેનો પરાભવ કરવો એવી રીતી જગતમાં છે. પરંતુ જે શત્રુઓ પોતાના કલ્યાણના સર્વે સાધનોનો નાશ કરાવનારા છે. તેને તો કોઇ ઓળખી પણ શકતુ નથી. જે ઓળખી શકે છે તેઓ તો તેમને શતરૂને બદલે મિત્ર રૂપે દેખે છે. એટલે તે તેમને કેમ દવલાં લાગે ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ મહા બળવાન શતરૂઓ સર્વને માથે છે એ શતરૂને જીતવાને તો કોઇપણ પ્રયત્ન કરતું નથીને સેહેલાઇથી જીતી પણ શકાતા નથી. લોકો સંસારના શત્રુઓને કદિ તાબે કરે તોપણ જ્યાં સુધી પોતાના શરીરના શત્રુ તાબે ન થયા હોય ત્યાં સુધી તે વૃથા છે. સંસારના શત્રુને વશ કરનાર માણસ કદિ હું પરાભવથી છુટો થયો એમ માને તોપણ જ્યાં સુધી શરીરના શત્રુ જીતાયા નથી—ત્યાં શુધી અનેક પરાભવમાં પડવાનું નિરંતર છે એમ સમજવું; બીજું સાંભળ! જેમકે એકેક વિષયથી દરેક પોતાનો પ્રાણ ખુએ છે તો જે પાંચે વિષયનું સાથે શેવન કરે તો પછી તેનું તો કેહેવુંજ શું ? જો! શબ્દ, સ્પર્સ—રૂપ—રસ, ને ગંધ—એ પાંચ વિષયો છે.

તેમાં શબ્દના નાદથી હરણ પોતાનો પ્રાણ ખુએ છે; સ્પર્શની ઈચ્છાથી હાથી ખાડામાં પકડાઈ ફસાય છે; રૂપથી પતંગીયું બળી પ્રાણ ખૂએ છે. રસથી માંછલી માંશની લાલચે જાળમાં ફસાઇ પ્રાણ ખૂએ છે. અને ગંધથી ભ્રમર કમળમાં વિતળાઇ કમળ બંધ થવાથી પોતાના પ્રાણ ખૂએ છે. માટે વિષયો દુ:ખનેજ આપવાવાળા છે. માટે તેમાં આસક્તિ રાખવી નહિં. જેણે વિષયો તથા ઇન્દ્રિયો જીતીછે તેના શત્રુઓ એની મેળે જીતાઇ જાયછે. હવે આગળ સાંભળ ! આ સંસારમાં મિત્રો અનેક કારણથી થાય છે, કેટલાક સ્વાર્થથી થાય છે, અને કેટલાક પૂર્વના સંસ્કારથી કાંઈ સહજ પ્રસંગ થતાં થાયછે. કાંઇ કારણસર થયેલા અથવા સ્વાર્થથી થયેલા મિત્રો ખરા મિત્રોની ગણનામાં ગણવા યોગ્ય નથી. ખરા મિત્રો જે થાય છે, તેતો સારે માર્ગે ચડાવે, દોષને ઢાંકી દે, ગુણનો પ્રકાશ કરે, અને દુ:ખ સુખમાં ભાગ લે. આ પ્રપંચ રૂપ સંસારમાં એવા ખરા મિત્રો મળવા કઠણ છે. અને વસ્તુ વિચારે જો પ્રીતિથી કે આશક્તિથી તેવા મિત્રો સાથે પણ અત્યંત સ્નેહ રાખવાથી બંધન થવાનો સંભવ છે. જો ખરો પ્રેમ તથા આશક્તિ બાંધવી હોયતો સદ્વિચાર એ સન્મિત્રની પેઠે વ્યવહાર સંબંધી અને પરમાર્થ સબંધી સારો વિચાર તથા માર્ગ દેખાડે છે. સત્ય એ સત્પુત્રની પેઠે નરકમાં પડતાં અટકાવે છે. દયા આદિક અનેક ગુણો સારા સંબંધીયોની પેઠે સંસારમાં સુખ શિ-

પજાવી પરમાર્થના માર્ગના—સાધન રૂપ થાય છે. માટે જો પ્રીતિ રાખવી એમ ઇચ્છા હોય તો ક્યાં તે ઉપર નથી રખાતી! પણ લોકો તે વાતને તો સમજતાજ નથી. સારાં શીલને સંભારતા નથી; દયાને દેખતાજ નથી, વિવેકને વેગળો—રાખે છે, પવિત્ર પણાને પર હરે છે, શાંન્તિને તરછોડી નાંખે છે, સત્યની સામું જોતા નથી, દમને દાટી મેલે છે, શમને નસાડી મેલે છે, શ્રદ્ધાને ધકેલી મેલે છે, અને વૈરાગને વહેતો કરે છે. એમ સઘળા સદાચરણો જે પુત્ર, મિત્ર અને બંધુ કરતાં વધારે સુખ આપનારાં પરિણામે થાય છે તેમને તો કોઈ સંભારતું પણ નથી માટે તારે આ સંપૂર્ણ ઉપદેશ કર્યો છે તે બરાબર ધ્યાનમાં રાખી તે પ્રમાણે વરતજે. હવે આવતી કાલથી આત્માનો શાક્ષાત અનુભવ—સબંધીની બાબતોનું વર્ણન કરવાની શરૂઆત કરીશ—એટલું કહી ગુરૂએ મનને રજા આપી ને પોતે સ્થાનકે પધાર્યાં. મન પોતાના સ્થાનકે ગયું—બીજે દિવસે રોજના નિયમ પ્રમાણે ગુરૂ પ્રત્યે ગયું. આ દુનિઃયામાં આશાછે તે સર્વને દીન બનાવે છે. અને તે આશા કાંઇ એક પ્રકારની નથી અનેક પ્રકારની છે. માટે તારે તે બંધનકારક આશાનો ત્યાગ કરવો. જો સાંભળ! જે ખરા શાધુ પુરૂષ છે તે કોઇની પણ અપેક્ષા કે આશા રાખતા નથી. કારણ કે पर आशा परं दुखं निराशा परं सुखं અને વળી નીચેની એક લીટી યાદ રાખવા જેવી છે તે એકે, જો કોડીની ચાહ કરે તો કોડીકો હોય, જો કોડીની

સાહુ નહિતો કોટીધ્વજ હોય. અને વિચાર કર કે દરેક માણસ આશામાં ને આશામાંજ દિવસો ગુજારે છે અને આશાથી ઘણાએ ફાંફાં મારેછે પણ તેનું ફળ મળવું એ દૈવાધીન છે. તો પછી એવી નિરર્થક આશામાં શામાટે બંધાવું જોઇએ! ગુરૂ મનને કહે છે આજ રોજ તને આત્માના જ્ઞાનનો અનુભવ કરવાનો બોધ કરૂંછું-પરંતુ તું એટલું યાદ રાખજે કે આજ્ઞાન, અત્યંત ગુહ્યમાં ગુહ્ય છે. જો ! તેને માટે શ્રી કૃષ્ણ પરમાત્માએ નિચલા શ્લોકમાં અર્જુન પ્રત્યે કહ્યું છે તે સાંભળ! કે તે જ્ઞાન કેવું છે? શ્રી કૃષ્ણ ભગવાને નિચેના શ્લોકમાં અર્જુન પ્રત્યે કહ્યું છે કે-

॥ इदंतुते गुह्यतमं प्रवक्ष्याम्य न सूयवे ॥

॥ ज्ञानं विज्ञान सहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥

ભાવાર્થ—આજ્ઞાન, કેહેતાં આંગળીથી બતાવી શકાય નહિં એવું જ્ઞાન, એટલે કે જેટલાં દુનિયામાં ગુહ્ય પદાર્થ છે તેમાં સર્વથી ગુહ્ય, અને વળી જ્ઞાન તથા વિજ્ઞાન સહિત એટલે કે જેમ સાકર મીઠી છે. તે જાણવું તેનું નામ જ્ઞાન, પરંતુ સાકરને પ્રત્યક્ષ ખાઇને જે અનુભવ કરવો એનું નામ વિજ્ઞાન એવી રીતેનું જે આ જ્ઞાન તે તને દોષરહિત જાણીને ઉપદેશ કરૂંછું કે જેને જાણીને પછી તને કાંઇ પણ જાણવાનું બાકી રેહેશે નહીં. એટલે કે જેને જાણીને કેવળ મોક્ષજ પ્રાપ્ત થાયછે. અને વળી આગળનીચેના શ્લોકમાં ભગવાને કહ્યું છે તે પણ સાંભળ!

॥ राजविद्या राजगुह्यं पवित्र मिद मुत्तमम् ॥
॥ प्रत्यक्षा वगमं धर्म्यंसु सुखं कर्तुम व्ययम् ॥

ભાવાર્થ—આ વિદ્યા કેવી તો કે સઘળી વિદ્યાની અંદર રાજા, અને જેટલી છુપામાં છુપી ચીજ તેમાં સર્વથી છુપી, અને દુનિયામાં જેટલી પવિત્ર વસ્તુઓ છે તેમાં સર્વથી પવિત્ર, અને પ્રત્યક્ષ ધર્મ ફળને આપવાવાળી અને જેને જાણી સર્વ સુખોમાં અધિક સુખને આપવાવાળી કેહિતાં જેને જાણ્યા પછી અત્યંત સુખને આપનારી છે. તેવી ઊત્તમ વિદ્યાનો બોધ તને આજથી શરૂ કરૂંછું તે એક ચિત્તથી શ્રવણ કરી ધ્યાનમાં રાખજે એવા રીતે મનને કહી નીચે પ્રમાણે બોધ શરૂ કર્યો. હવે તને આત્મા સંબંધી બોધ કરૂંછું તે સાંભળ! અજ્ઞાની મનુષ્યો દેહનેજ આત્મા માને છે. દેહ ગોરો હોય તો પોતાને ગોરો માને છે, અને કાળો હોય તો કાળો, રોગી હોયતો રોગી, સુખી હોયતો સુખી ને દુઃખી હોયતો દુઃખી એમ સમજે છે. તેનું મુખ્ય કારણ પોતે કોણ છે તથા પોતાનું સ્વરૂપ શું છે તેનું અજ્ઞાન હોવાથી પોતામાં કોઇ પણ જાતનો વિકાર નથી પરંતુ દેહના અનાદિકાળના અધ્યાસથી દેહના ધર્મો પોતામાં આરોપણ કરેછે. પોતે દેહ નથી. તેમ જાતી આશ્રમ-વર્ણ વિગેરે પણ પોતામાં નથી છતાં અજ્ઞાનથી તેમ માનેછે. જો આપણે તદન જુદાંજ છઇએ તેનો તને પ્રત્યક્ષ અનુભવ કરાવું છું. કે જો દેહની સાથે આપણને

કંઇ પણ સબંધ છે? જો! આ જાડો, પાતળો, કાળો, ગોરો દેખાતો આપણો દેહ છે, તેને સ્થુલ દેહ કહે છે. તે પચીસ તત્વો મળીને થયો છે. તે તત્વના નામ સાંભળ! પૃથ્વી, તેજ, જળ, વાયુ, ને આકાશ એ પંચમાહાભૂતથી આ બાહારનો દેખાતો દેહછે તેને તું દેખેછે નેકહેછે જે મારો દેહ; માટે જે મારો કેહેનાર છે તે તેનાથી જુદોજ હોય તોજ મારો એમ કેહેવાય! કારણ કે કોઇ હું દેહ એમ કહેતું નથી. માટે તું સમજ્યો હોઇશ જે સ્થુલ દેહ તું નથી; તો હવે તેની અંદર સુક્ષ્મ દેહછે, તે પણ દેખાયછે તેનો અનુભવ કર! પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેઇન્દ્રિય, પ્રાણ, મન, અને બૂદ્ધી મળીને જે દેખાય છે તે સૂક્ષ્મ દેહ છે. માટે તે પણ તું નથી. હવે ત્રીજો કારણ દેહ કહેતાં અજ્ઞાન, એટલે ચિદાભાસ, ચિદાભાસનો અર્થ એ જે પાંચ કોષ છે. અન્નમય કોષ, પ્રાણમય કોષ,–મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ ને પાંચમો આનંદમય કોષ તેથી-પર આત્મા છે. હવે તને કોષનું જ્ઞાન કરાવુંછું તે સાંભળ! અન્નમય કોષ તેનું નામ છે કે જે સ્થુળ દેહ દેખાય છે તે તેનું કારણ છે, અને તેની અંદર પાંચ પ્રાણ છે, ઊદાન, વ્યાન, પાન,–અપાન-ઊપસ્થ,–એ પાંચ પ્રાણ છે તે પણ આત્મા નથી-પછી તેની અંદર તું છે, કેહેતાં મન તેનો ધર્મ સંકલ્પ-વિકલ્પ કરવાનો છે તે પણ આત્મા નથી-તેનાથી પરબુદ્ધિ જે વિજ્ઞાનમય કોષ છે, તે પણ આત્મા નથી. અને તેનાથી પર આનંદમય કોષ છે, જે આત્માની

સમાપમાંજ છે. પણ તે આત્મા નથી. આત્મા તો તેના-થી પણ પર છે. કારણકે આત્માનું પ્રતિબિંબ એક દીપાં તુલ્ય બુદ્ધિમાં પડેછે. અને તેથી આનંદની પ્રતીતિ થાય છે. તેથી તેને આનંદમય કોષ કહેવાછે. પરંતુ તે આત્મા નથી. ત્યાર બાદ ત્રણ અવસ્થા છે. તે આ શરીરની છે તે સાંભળ!—જાગ્રત; સ્વપ્ન; સુષુપ્તિ; એ ત્રણ અવસ્થા છે, તેનો અનુભવ સાંભળ! જાગ્રત અવસ્થા એ છે જે ઇન્દ્રિયોને લઇને સ્થૂલ દેહનો જે વ્યવહાર થાયછે.-તેનુ નામ જાગ્રત-ને સ્વપ્ન, એટલે સ્થુલ દેહનો વ્યવહાર બંધ થઇ, નિંદ્રામાં મન ઇન્દ્રિયો દ્વારા જે વ્યવહાર થાય છે, તે સ્વપ્ન છે.-ને સુસુપ્તિમાં સ્થુલ સુક્ષ્મ બંન્નેનો વ્યવહાર બંધ થાય છે-માટે તે અવસ્થામાં બન્ને અવસ્થાનો અ-ભાવ છે, માટે તેને સુષુપ્તિ અવસ્થા કહેછે. ને જાગ્યા પછી માણસ કહેછે કે આજે તો હું એવો સુખે સુતો હ-તો, કે બીજું કંઈ પણ દેખાયું નહિ ને સુખે સુતો, ને કાંઇ દેખાયું નહી એવું જે કહેનાર તે કોણ છે? તેનો વિચાર કર! કારણ કે સુસુપ્તિમાં નથી સ્થુલ દેહનો વ્યવહાર. નથી મન ઇન્દ્રિયોનો વ્યવહાર ત્યારે ત્યાં જાણ્યું કોણે? કે ઉઠીને કહેછે જે હું સુખે સુતો હતો ને મને સુખ વિના કંઈ પણ ભાન થયું નહિ તો એજ આત્મા તારૂં સ્વરૂપ છે. સ્વરૂપનો અનુભવ કરવાને માટે આટલું કહી અટ-કાવાનું નથી. કારણ કે તેને યથાર્થ જાણવાને કેહેતાં તેનો શાક્ષાત અનુભવ કરવાને માટે કેટલા કેટલા ઉપનીશદો

કેટલી સ્મૃતિને અનેક વેદાન્તના ગ્રંથો છે. છતાં પણ કોઇ વીરલાનેજ તે જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. ન થવાના કારણો પ્રતિબંધ દુનિયામાં ઘણા છે. જો શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને અર્જુન પ્રત્યે તેટલા માટેજ કહ્યું છે તે સાંભળ !

॥ मनुष्याणां सहस्त्रेषु कश्चिनाति सिद्धये ॥

॥ यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः ॥

ભાવાર્થ—કરોડો માણસો મને જાણવાને માટે પ્રયત્ન કરેછે, અને તેમાં કેટલાક જાણ્યા છતાં, અનુભવ્યા છતાં પણ કોઈ વીરલાજ મને યથાર્થ પોતા રૂપે સમજે છે. કારણ કે તે સ્વરૂપ કેવું છે તેનું ભગવાને નીચેના શ્લોકમાં વર્ણન કર્યુંછે તે સાંભળ !

॥ नतद्भास यते सूर्यो न शशांको न पावकः ॥

॥ यद्गत्वा न निवर्तंते तद्धाम परमंमम ॥

ભાવાર્થ—જેને સુર્ય, ચંદ્ર, અગ્નિ, વિગેરે પ્રકાશ કરતા નથી. ને જેને પામીને યોગીઓ પાછા આવતા નથી. તે ઊત્તમ ધામ મારૂં સ્વરૂપ છે. હવે તું વિચાર કરી જો કે અગ્નિ, સુર્ય, ચંદ્ર, તે બધાને તું જુએ છે કે નહિ ? કહેતાં આત્મા જે તારૂં સ્વરૂપ છે તેનાથી તે બધાં જણાય છે. માટે બધાનો જાણનાર તે તુંજ છે. બધી વસ્તુનો નિષેધ કરતાં કરતાં શ્રૃતિ પણ કહેછે કે જે અવશેષ

બાકી રહે તે આત્મા–કહેતાં બધાના પ્રકાશક આપણે છઇએ. મારો દેહ, મારા પ્રાણ, મારૂ મન, મારી બુદ્ધી, એમ જે જાણેછે તે કોણ જાણેછે ? આપણે આત્માજ જાણીએ છીએ–દુનિયામાં બેજ પદાર્થ છે–ત્રીજો પદાર્થ છેજ નહી. દશ્ય, અને દૃષ્ટા,–એટલે કે કીડીથી લઇને બ્રહ્મલોક પર્યંત જે કાંઇ દેખાય છે તેનું નામ દશ્ય. ને જેના વડે દેખાય છે કહેતાં જે તેનો જોનાર છે તેજ આત્મા તું છે. આજકાલ અજ્ઞાની લોકો એમ પણ કહેછે, કે એ બધાને આપણે આત્મા જાણીએ છીએ ને આત્માને પણ જાણનારો કોઇ બીજો હશે કે નહિં ? તો એ શંકા કેવી છે કે જેમ એક આદમી બીજાને પુછે છે કે મને જીભ છે કે નહિ ? તેના જેવી શંકા છે. કેમકે પુછનાર કેવળ મુર્ખ છે, કારણ કે જો જીભ ન હોય તો મને જીભ છે કે નહિ એવું બોલ્યો કયાંથી ? માટે તેવી શંકાઓ અનેક થાયછે તે બધી થોડી બુદ્ધીની સમજ છે. તેનું કારણ માત્ર અનાદિ કાળના અવિદ્યાના પ્રવાહથી પોતાનું મુળ સ્વરૂપ ભુલી ગયેલ છે. જેના ઊપર નીચેનું દૃષ્ટાંત કહું છું તે સાંભળ ! એક સીંહનું બચ્ચું નાનપણથીજ જંગલમાં બકરાના ટોળા સાથે દાખલ થઇ ગયું હતું, તે નિરંતર બકરા સાથે ચરવા જાય, ને સાંજે પાછું સૌની સાથે ઘેર આવે. એમ કરતાં કરતાં કેટલોક કાળ વિતી ગયો. એવામાં એક દિવસ એક સિંહે પેલા સિંહના બચ્ચાને બકરાના ટોળામાં જોઇને બોલાવીને કહ્યું ભાઇજીવ આ

શું ? તું સીંહ થઇને બકરાની સાથે-વિચરેછે, એ નવાઇ જેવું ? એ તો આપણો ભક્ષ છે. ત્યારે સિંહનું બચ્ચું કહેછે હું તો બકરો છું. ત્યારે સીંહે કહ્યું તું બકરો શી રીતે છે ? તારા શરીરની આકૃતિ તો તું તપાસ ! જો તારૂં ને તેનું એક સ્વરૂપ મળે તો તું બકરો ખરો,-પરંતુ એમ વગર વિચારે બકરો માનવું એ ઠીક નહીં. જો આવ મારી સાથે આ એક તળાવ છે, તેમાં તને તારા સ્વરૂપનો અનુભવ કરાવું છું, જે તારૂં સ્વરૂપ બકરા સાથે મળેછે કે મારી સાથે મળેછે? તેનો અનુભવ કર ! જો તળાવમાં તારા મોઢાનો ને મારા મોઢાનો આકાર એક છે કે નહિ ? સિંહના બચ્ચાએ કહ્યું જે હા મારૂ મોઢું તો તારી સાથે મળેછે, પછી તે રીતે તે સિંહના બચ્ચાંને આખા શરીરનો અનુભવ કરાવ્યો ત્યારે તેને ખાતરી થઇ, જે બકરાનું ને મારૂં એક પણ સ્વરૂપ મળતું નથી, પરંતુ સિંહના સાથે બરાબર મળે છે. એમ જાણીને સિંહને કહ્યું કે ભાઇબંધ હું તો નકામો આટલો બધો વખત ભુલથીજ બકરો માની તેની સાથે રહ્યો, હવે ચાલ મિત્ર તારી સાથે આવું છું. એમ કહી બકરા-નો સંગ છોડી પોતાના મુળ સ્વરૂપનું ભાન થયાથી સિંહની સાથે ગયો. તેમ દ્રષ્ટાંતનું સિદ્ધાંત અનાદિ કા-ળની ભુલથી એમ માને છે જે હું દેહ છું, વાણીયા, બ્રા-હ્મણ વિગેરે જાતિનું જે અભિમાન તથા દેહના ધર્મ વિગે-રે માને છે તે માત્ર ભૂલથીજ માને છે પરંતુ જ્યારે સિં-

રૂપી ગુરૂ મળે છે ત્યારે પોતાના મૂળ સ્વરૂપનું ભાન પેલા સિંહના બચ્ચાની માફક કરાવે છે, ત્યારેજ સમજાય છે માટે તને પ્રત્યક્ષ અનુભવ થયો હશે કે તું દેહ નથી, તથા તેના ધર્મો પણ તારામાં નથી. એ સઘળું જ્ઞાનથી અનુભવ થાય છે. તેટલા માટે જ્ઞાન જેવું બીજું એક-પણ પાવન કરનારૂં નથી. તેના સબંધમાં ભગવાને પણ અર્જુન પ્રત્યે નીચલા શ્લોકમાં કહ્યું છે તે સાંભળ !

॥ नहि ज्ञानेन सदृशं पवित्र मिह विद्यते ॥

ભાવાર્થ–હે અર્જુન જ્ઞાનના જેવું એક પણ પાવન કરનારૂં બજું નથી અને બીજા શ્લોકમાં પણ કહ્યું છે– તે સાંભળ ! જેમ પ્રદીપ્ત થયેલો અગ્નિ ઇંધણાં કહેતાં છાણાંના એક મોટા ઢગલાને બાળીને જેમ ખાખ કરી નાંખે છે, તેમ જેને જ્ઞાનરૂપી અગ્નિ પેદા થયો છે, તેના સર્વ કર્મો બળીને ખાખ થઇ જાય છે. માટે જ્ઞાનજ પર-માત્માનું શાક્ષાત સ્વરૂપ છે. એટલું કહી મનને રજા આપી ને કહ્યું જે કાલે ફરીથી આવજે એટલે આગળ બો-ધ કરીશ. ને ગુરૂ સ્થાનકે પધાર્યા. મન પોતાના સ્થા-નકે ગયું. હવે બીજે દિવસે રોજના નિયમાનુસાર મન ગુરૂના આશ્રમ પ્રત્યે ગયું અને ગુરૂને વંદન કરી સાંભ-ળવા તત્પર થયું. ગુરૂ મનને નીચે પ્રમાણે બોધ કરે છે. લોકોને આત્માનો સાક્ષાત્કાર નથી થતો તેનાં કારણો તને સંભળાવુંછું તે સાંભળ ! જો ! જેટલી અનાત્મ વ-સ્તુ છે તેને આત્મા માને છે, જે અશુચી છે તેને શુચી

માને છે, જે મરણ ધર્મવાન છે તેને અમર માને છે, જેમાં દુઃખ છે તેને સુખ માને છે, અનિત્યને નિત્ય માને છે, કહેતાં દેહ જે અનિત્ય તેમાં તો આશક્તિ, દેહ જે અપવિત્ર તેને પવિત્ર માને છે, દેહ જે કેવળ મરણ ધર્મવાળો તથા હાડકા ચાંમડા માંશ રૂધિર મળ મુત્ર તથા વિષ્ટાથી ભરેલો છે, અને જે દુઃખનું શાક્ષાત ઘર છે, તેને અજર અમરની માફક માની તેમાં આશક્તિ તથા પ્રીતિ કરે છે. હવે વિચાર કર કે આ દેહ જે બાલ્યા અવસ્થાથી લઇ વૃદ્ધા અવસ્થા સુધીમાં તેમાં શું સુખ છે? અનેક પ્રકારની આધિ વ્યાધિથી ભરપુર છે, તેમાં સુખનો સંભવ કયાંથી સંભવે? નથી બાલ્યા અવસ્થામાં સુખ, નથી યુવા અવસ્થામાં સુખ, ને નથી વૃદ્ધા અવસ્થામાં સુખ. જો તને ત્રણે અવસ્થા કેવી દુઃખ રૂપ છે તેનો અનુભવ કરાવું છું. જેમ સર્પણી પોતાના બચ્ચાંને જન્મ્યા કે તુરતજ ગળી જાય છે, એટલેકે તેનો નાશ કરે છે તે પ્રમાણે બાલ્યા અવસ્થાને યુવાવસ્થા ગળી જાય છે; જો કે બાલ્યા અવસ્થાની ક્રીડામાં એની મેળે તેનો અભાવ થયો છે એમ નથી પરંતુ બળાત્કારે યુવા તેને ગળી જાય છે; તેમજ યુવાવસ્થાના ભોગ કોઇપણ પોતાની મેળે છોડવાને ખુશી નથી, પરંતુ બળાત્કારે વૃધા અવસ્થા તેને ગળી જાય છે, ને વૃદ્ધા અવસ્થા આવી તેને કાળ ભગવાન ગ્રાસે છે. અને નહિંતરે વૃધ્ધા અવસ્થામાં સુખ શું છે? તેનો અનુભવ દરેક માણસને છે, કે તે કેવી

પરવશ અવસ્થા છે; દાંત જાય છે, શરીર જરજરી ભૂત થઈ જાય છે. કફ આદિ અનેક પ્રકારના રોગથી ભરપૂર છે; હાથમાં લાકડી ગ્રહી ચાલે છે; કોઇને તેના શરીર તરફ જોવાની રૂચી થતી નથી; ઘરમાં કોઇ પણ તેની આજ્ઞા—ઊઠાવતું નથી. નાના પ્રકારના ખાન પાનની તૃષ્ણા વધે છે; પરંતુ ખાવાને દાંત નથી; તથા તે પચાવવાને શક્તિ નથી, તોપણ ઈચ્છા પ્રબળ થાય છે અને જો ઘરમાં કોઈ પાસે માગે તો તેને કહે છે જે ઘરડા થયાતો એ હજી ખાવાની દાઢ તળતી નથી ? ને એવી રીતે તેને તીરસ્કારી નાંખે છે તેથી તેની સઘળી વાસના મનમાં ને મનમાં જીર્ણ થઇ જાય છે. ને પરવશ પણે મહાદુઃખોને ભોગવે છે તો તેમાં પણ શું સુખ છે ? માટે એ ત્રણે અવસ્થામાં એકેમાં તને સુખનો અનુભવ થાય છે ? મન કહે છે ! ના, ગુરૂજી ! ગુરૂજી કહે છે સાંભળ ! જો કદાચ અવસ્થાઓમાં કંઇક સારી અવસ્થા છે, તો યુવા અવસ્થા છે. તો તેમાં જો જ્ઞાન, ધ્યાન, પરોપકાર, લોક હિતાર્થના કામો, તથા જે કાંઈ સારાં કાર્ય થાય તો માત્ર તે અવસ્થા છે બાકીની બેતો તદન નકામીજ છે. પરંતુ યુવાવસ્થાતો લોકો ફોગટમાં વિષય ભોગમાંજ-યુવતી સાથે ગુમાવી દેછે. તો હવે આત્માના જ્ઞાનની તો વાતજ કયાં રહી ? માટે જે કાંઇ શુભ-કર્તવ્ય કરવું હોય તેને માટેજ યુવાવસ્થા છે, ને તે જો નકામી ગઇતો પછી જન્મ વૃથાજ ગયો જાણવો. બધાને આત્મજ્ઞાન નથી થતું તેનું કારણ

તેં યથાર્થ સાંભળ્યું હશે? જ્યાં સુધી—જગત્માં સત્ય બુદ્ધી છે ત્યાં શુધીજ જગત્ છે કારણ કે બંધ—અને મોક્ષ નો હેતુ પોતાનું મનજ છે. માટે જ્યાં સુધી સસારમાંથી નાના પ્રકારની વાસના છૂટતી નથી ત્યાં સુધી વારંવાર જન્મવું ને મરવું એવો પ્રવાહ ચાલ્યાજ કરશે. બાકી આત્મામાંતો કશું સુધારવાનું નથી. સુધારવાનું માત્ર મનજ છે. હજારો શાસ્ત્રોની અંદર શાસ્ત્ર વેત્તાઓ ઉપદેશ કરે છે તે માત્ર મનનોજ જય કરવાને માટે છે. તો તારે ઉપલી બધી બાબત બરાબર ધ્યાનમાં રાખવી પછી તને સંસારમાં કોઈ પણ જાતનો ભય નથી. જો જેણે પરમાત્મામાં મનને જોડી દીધું છે તેને કદિપણ જન્મ મરણ નથી તે ઉપર ભગવાને પણ અર્જુન પ્રત્યે નીચેના શ્લોકમાં કહ્યું છે તે સાંભળ!

॥ आ ब्रह्मभुवना ल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ॥
॥ मामु पेत्यतुं कौंतेय पुनर्जन्म न विद्यते ॥

ભાવાર્થ—હે! અર્જુન! કીડીથી લઇ બ્રહ્મલોક પર્યંત વારંવાર જનમ મરણને પામે છે; માત્ર જે, મને પામ્યો તેને ફરીથી જન્મ નથી. મને પામે છે એટલે આપણે પાછલ પંદરમા અધ્યાયના શ્લોક જે વર્ણન કર્યો છે. તેવા સ્વરૂપને પ્રાપ્ત થાય છે તો ફરીથી જન્મ નથી એમ સમજવાનું છે. તો તે સ્વરૂપને પ્રાપ્ત થવાને માટેતો આત્માના જ્ઞાન સિવાય બીજું કંઇ પણ સાધન નથી. હવે તેટલામાં મનને શંકા થવાથી વચમાં ગુરૂને પૂછેછે. ગુરૂજી! કોઇ

માણસ આ જન્મમાં—પેહેલાં આ રસ્તામાં પ્રવૃત થયો, ને પાછલથી કાંઇ માઠા સંજોગે અથવા કાંઇ પ્રતિબંધથી અભ્યાસ શીથીલ થઇ મન વૈરાગ્યથી—ખશી જઇ, વિષયમાં પ્રવૃત થયું તો, તેવા માણસની શી ગતી થતી હશે! મને તો લાગેછે જે, તેતો બંન્ને પુરૂષાર્થથી ભ્રષ્ટ થતો હશે! તો હવે તેવાનો ગતિ શી થતો હશે ? તે કૃપા કરી સમજાવો! ગુરૂ જવાબ આપે છે જો! સાંભળ! શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુન પ્રત્યે પોતાને સ્વમુખે કહ્યું છે તે નીચેના શ્લોકમાં સાંભળ!

॥ पार्थ नैवेहना मुत्र विनाशस्तस्य विद्यते ॥
॥ नहि कल्याण कृत्क श्चिदुर्गार्तितात गच्छाति ॥

ભાવાર્થ—હે પાર્થ! કલ્યાણ કરનારા માણસની કદી પણ—માઠી ગતિ થતીજ નથી. જો કે તે યોગ ભ્રષ્ટ થયો છે તોપણ, તેના સત્સંગ સંબંધી કરેલો પુરૂષાર્થ કદિ પણ વ્યર્થ જવાનો નથી. જો કહ્યું છે કે "ભક્ત બીજ પલટ નહિં, જો જુગ જાય અનંત, ઊંચ નીચ ઘર અવતરે તો બી સંતકો સંત." શારાંશ એ છે કે તેને એક જનમમાં નહિ તો બીજા જનમમાં, બીજામાં નહિ તોત્રીજામાં, પરંતુ આખર તેને તે પદની પ્રાપ્તિ અવશ્ય થવાનીજ. નકામાં, લોકો જે પુરૂષાર્થના ફળ નાશવાન છે, તેને પણ પ્રયત્નથી પ્રાપ્ત કરે છે. તો પછી સત્ય પુરૂષાર્થથી સત્યની પ્રાપ્તિ થાય, તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

કોઇ ભાવી પ્રતિબંધથી જ્ઞાનમાં ન્યુનતા રહી જવાથી, તથા કાંઇ વિઘ્નો આવવાથી એક કાળે જ્ઞાન નથી થતું, તેના દાખલા ઘણા છે. પરંતુ તેમાંનો એક દાખલો તને કહું છું તે સાંભળ! જો ભરતજી રાજપાટ છોડી ગંગા નદીને કિનારે સમાધી લગાવી બેઠા હતા, તેવામાં દૈવ યોગથી એક બે જીવવાળી મૃગલી પાણી પીવા આવી, અને તેવામાં કોઇએ બંધુકનો બહાર કરવાથી તે મૃગલીનો ગર્ભ છુટી ગયો, ને પોતે નાહાશી ગઇ. હવે તે ગર્ભ જયા પાણી પીવા આવી હતી ત્યાં, જયાં ભરતજી શમાધી લગાવી બેઠા હતા તેની નજીકમાં કિનારે તે મૃગલીનું બચ્ચું પડયું. હવે તેટલામાં ભરતજીની સમાધી ઉતરી, ને જાગૃત સ્થિતિમાં આવ્યા, અને જુએ છે તો પેલું બચ્ચું દ્રષ્ટીએ પડયું. હવે તેને દયા આવવાથી ઉપાડી લઇ તેને દુધ લાવી પીવડાવ્યું ને તે બચ્ચાને દરરોજ તેની સારવાર કરી બચ્ચું મોટું કર્યું-ને પછી દરરોજ બચ્ચું જંગલમાં ચરવા જતું.હવે એક દિવસ એવો બનાવ બન્યો કે બચ્ચું રોજની માફક સાંજના ઘેર આવ્યું નહીં તેથી ભરતજી રાહા જોઇને પછી તેની શોધ માટે જંગલમાં તપાસ કરવા નીકલ્યા. બધે તપાસ કરે છે, પરંતુ કયાંય પણ તેનો પ તો લાગતો નથી; છેવટે ચંદ્ર ઉગેલો હતો તેની સામુ જોઇ મોહના આવેશમાં ચંદ્રને પુછે છે, તેં મારૂં મૃગલું દીઠું છે ? મારા મૃગલામાં તારા અંદર જેવા ડાઘ છે તેવાજ હતા, એમ અનેક પ્રકારે જલ્પના

કરે છે અને આખરે નહિંજ પ્રાપ્ત થવાથી નાશીપાસ થાય છે, ને તેવામાં દૈવ યોગથી તેના દેહનો ત્યાગ થયો. હવે મૃગલામાં તેની દ્રઢ પ્રિતિ તથા મોહ હોવાથી, તેને મૃગલાનો અવતાર થયો. આખરે મૃગલાનો દેહ છુટતાં તેનો એક બ્રાહ્મણને ત્યાં અવતાર થયો. જયાં તેને સંપુર્ણ રીતે પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું છે ને તે અવસ્થામાં પોતે જડભરત કહેવાયા છે; કહેતાં વ્યવ્હારમાં અભાવ દ્રષ્ટી હોવાથી જડના જેવોજ વ્યવહાર હતો આખરે તેજ દેહમાં મોક્ષ થયોછે. માટે જો આવી રીતે પ્રતિબંધનો હોવાથી જન્મ થાયછે, પરંતુ આખરે તે પરમ પદનેજ પ્રાપ્ત થાય છે. આટલું કહી ગુરૂએ કથાની સમાપ્તિ કરી, ને મનને રજા આપી પોતે સ્થાનકે પધાર્યા. મન પણ પોતાના સ્થાનકે ગયું. જઇ એકાંતમાં બેસી મનન કરી શાન્ત થયું. બીજે દિવસે રોજના નિયમ પ્રમાણે ગુરૂ પ્રત્યે ગયું. ગુરૂએ તેને નિયે પ્રમાણે બોધ આપવો શરૂ કર્યો. જો સાંભળ ! પરમાત્મા સર્વવ્યાપક છે, તથા સર્વભુત પ્રાણીના રહ્દયમાં છે. ને શુક્ષ્મથી પણ સુક્ષ્મ છે, પરંતુ તેને જાણવાને કોઈ અભ્યાસ કરતું નથી. ને તેમાં કોઇની રૂચીજ થતી નથી એ કેવી નવાઇની વાત છે ? એટલામાં મનને શંકા થઇ ને ગુરૂને પુછેછે. ગુરૂજી ? સર્વવ્યાપક ને રૂહદયમાં છે તેનો મને આપના જ્ઞાનથી અનુભવ થયો પરંતુ વચમાં એક શંકા થઇ છે તે એજ કે આપે આત્મા સુક્ષ્મથી પણ સુક્ષ્મ છે. એમ કહ્યું તેનો સ્પષ્ટ અર્થ મને કૃપા કરી સમ-

આવો. ગુરૂ કહેછે—સાંભળ! સૂક્ષ્મના બે અર્થ થાયછે, –સૂક્ષ્મ એટલે ઝીણું-એટલે પરમાત્મા ઝાણામાં ઝીણા છે કહેતાં ઇંદ્રિયોથી દેખાય તેવા નથી. તેટલા માટે સૂક્ષ્મથી સૂક્ષ્મ અત્રે કહેલા છે. બીજો અર્થ સૂક્ષ્મનો એવો પણ થાયછે કે, જો સાંભળ! તે તને નિચેના દૃષ્ટાંતમાં અનુભવ કરાવુંછું. તારીજ માફક ઊદ્દાલક પોતાના પુત્ર સ્વેતકેતુને ઊપદેશ કરતો હતો તે વખતે તેણે પણ તારા જેવીજ શંકા તેના પીતા પ્રત્યે કરી હતી, કે પીતાજી, પરમાત્મા જ્યારે સર્વ વ્યાપક છે ત્યારે દેખાતા કેમ નથી? તે વખતે ઊદ્દાલકે કહ્યું જે તે સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. જે વખતે સ્વેતકેતુએ સર્વવ્યાપક છે ને દેખાતા કેમ નથી તે એક શંકા, ને બીજી શંકા સૂક્ષ્મને માટે પણ કરી હતી. જેને માટે બન્નેનું નિરાકરણ કરવા નીચેના બોધથી તેનું સમાધાન કર્યુંછે તે સાંભળ! શરૂઆતમાં સૂક્ષ્મનો અનુભવ કરાવે છે. તેથી ઊદ્દાલક પોતાના પુત્ર સ્વેતકેતુને ઊપદેશ કરતા હતા તેની સમીપમાં એક વડનું ઝાડ હતું, તેમાંથી એક ફળ તોડી લાવવા કહ્યું, ને પછી તેને કહ્યું કે તેને હવે ભાગી નાંખ પછી કહ્યું કે તેમાં જે બીજ છે તેને ભાંગ! તેને ભાંગ્યું એટલે પુછ્યું. હવે શું રહ્યું? સ્વેતકેતુએ કહ્યું જે-કશું રહ્યું નહિ. ત્યારે જો કશું રહ્યું નહિ એવા ઝીણા બીજમાંથી આટલો મોટો વડ થયો છે. તો પરમાત્મા વસ્તુતઃ તેવા ઝીણા નથી. કેહેતાં ઇન્દ્રીઓથી જોઇ શકાય તેવા નથી. અત્રે જે સુક્ષ્મ શબ્દ વાપરેલો છે તેનો અર્થ

હવે તું ખરેખર રીતે સમજ્યો હોઇશ અને ત્યાર પછી ઉદ્દાલકે તેના પુત્રને કહ્યું, જે હવે તને ઇશ્વર સર્વવ્યાપક છે ને દેખાતા કેમ નથી તેના સંબંધમાં નીચે પ્રમાણે બોધ કર્યો છે તે સાંભળ! ઊદ્દાલકે સ્વેતકેતુને કહ્યું જે, દસશેર સિંધાલુણનો કકડો લાવ! અને એક પાણીનુ વાસણ ભરીને લાવ, ને તે કકડાને તેની અંદર નાખ—અને પેલી ઓરડી છે તેમાં મૂકી બારણું તાળું માર! અને આવતી કાલે સવારમાં હું તને તેનો બોધ કરીશ. સ્વેતકેતુએ પિતાની આજ્ઞા અનુસાર તે પ્રમાણે કર્યું હવે જ્યારે બીજો દિવસ થયો કે,—સ્વેતકેતુને તેના પિતાએ કહ્યું જે ઓરડી ઉઘાડ! ને પેલું વાસણ બહાર લાવ! સ્વેતકેતુ બહાર લાવ્યો. હવે તેના પિતાએ કહ્યું, કે જે સિંધાલુણનો કકડો તેં રાત્રે પાણીમાં નાંખ્યો છે તેને બહાર કાઢ! હાથ ઘાલી જુએછે તો તેમાં તે કકડો મળે નહિ. ત્યારે પોતાને કહેછે જે, કકડો તો અંદર નથી. ત્યારે ઊદ્દાલકે કહ્યું જે, ઠીક છે, ત્યારે હવે તું તેમાંથી ઊપરથી, નિચેથી —કેહેતાં ઊત્તર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ, અગ્નિ, ઇશાન, નૈરૂત્ય, વાવ્ય, વિગેરે સર્વ ઠેકાણેથી તેમાંથી તું આચમન કર—અને તેના બધે સ્થળેથી કેવો સ્વાદ આવેછે, તે મને કહે! સ્વેતકેતુએ તે પ્રમાણે બધે સ્થળેથી આચમન કર્યું તો ખારો સ્વાદ લાગ્યો, ને પિતાને કહ્યું જે બધે સ્થળે એક સરખો ખારો સ્વાદ લાગેછે, ઊદ્દાલક બોલ્યા: હવે આ દ્રષ્ટાંતના સિદ્ધાંતનો અનુભવ કર! જેમ સિંધાલુણનો

કટકો પાણીમાં દેખાતો નથી, તે પ્રમાણે પરમાત્મા દે-
ખાતા નથી, અને જેમ તેં આચમન કર્યું, તેમાં ખારો
સ્વાદ સર્વ સ્થળે એક સરખો ભરપુર છે, તેમજ પરમા-
ત્મા સર્વવ્યાપક તથા એક રસ છે, પરંતુ આ ચર્મચક્ષુ
વડે દેખાતા નથી. પરંતુ જ્ઞાનરૂપી હૃદયચક્ષુથી તેનો અ-
નુભવ થાયછે. આ સાંભળી સ્વેતકેતુની શંકા તદન દુર
થઇ ને તારી પણ શંકા દૂર થઇ હશે એમ ગુરૂએ મનને
કહ્યું, જે વેળાએ મને ગુરૂને કહ્યું, જે હા ગુરૂજી! મારી
શંકા તદન દૂર થઇ. પરંતુ મને એક શંકા ઘણા દિવસ-
થી થઈ હતી, પરંતુ તે આપને પુછવી ભુલી ગયો હતો,
તે એજ કે આપે જે પાછળ મને ત્રણ ગુણોનું વર્ણન કર્યું,
તે વખતે તે શંકા હું આપને પુછવી ભુલી ગયો હતો, તે
આજરોજ પુછુ છું તે શંકા છે તે એજ કે ત્રણ ગુણો શા-
થી ઉત્પન્ન થાયછે? તેનો હેતુ કોણ છે? તે કૃપા કરી
સમજાવો! ગુરૂજી જવાબ આપેછે જે સાંભળ! આપણા-
માં સાધારણ લોકો પણ એમ કહેછે કે જેવો અહાર તેવો
ઓડકાર. કહેતાં જેવું જેવું અન્ન ખાવામાં આવેછે તેવું
તેવું મન થાયછે. આપણે જે કંઇ ખોરાક ખાઇએ છીએ,
તેમાંથી એક ભાગ જે મોટો છે એટલે કે કચરો, જેનો
મળ થાયછે, ને બીજો જે વચલો ભાગ છે, તેનું માંશ
રૂધિર થાયછે. ને બાકીનો ત્રીજો ભાગ જે સૂક્ષ્મ છે, તેનું
મન બનેછે. કહેતાં તે સત્વમાં જેવા જેવા પરમાણું હોય

તેવા તેવા આકારનું મન બનેછે. તેને માટે ભગવાને પણ ગીતા-અ૦ ૧૭માં વર્ણન કરેલું છે, તે શ્લોક નિચે પ્રમાણે છે તે સાંભળ!

॥ आयुः सत्व बलारोग्य सुख प्रीति विवर्धनाः
॥ रस्याः स्निग्धाः स्थिरात्हद्या आहाराः सात्विकाप्रियाः

ભાવાર્થ—અતિ સ્નિગ્ધ, કહેતાં રસવાળા જેવા કે, ઘી, દુધ, વિગેરે ચીકણા પદાર્થો, જે પદાર્થો બળ તથા આરોગ્યતા તથા આયુષ્યને વધારનારા તથા જેના ખાવાથી મનને આનંદ આપે, તથા મન શાન્તતાને પામે, એવા પદાર્થો સત્વ ગુણી માણસને પ્રિય લાગેછે. કહેતાં વૃત્તિ સાત્વિક થાયછે. અને તેજ માણસ જ્ઞાનનો અધિકારી છે. અને તેનાજ અંતઃકરણમાં બોધ રૂચશે. અન્નની શુદ્ધિ ઊપર કહી તે પ્રમાણે ન થાય તો બોધ કોઇ પણ પ્રકારે થતો નથી. નીચેના બે શ્લોકમાં જે આહાર વર્ણવ્યા છે તે આહાર જ્ઞાન થવા દેતા નથી. આજ કાલ તો દુનિયામાં તે આહાર તો મુખ્ય છે. અને પછી લોકો પરસ્પરમાં એમ કહેછે પણ ખરા, જે અમુક માણસ કેટકેટલો વખતથી સત્સંગ કરેછે, તથા કેટલું બધું જ્ઞાન ધરાવેછે, છતાં તેની વૃત્તીઓ કેમ સુધરતી નથી? એવી નિંદા થાયછે, તેનું કારણ ઉપર વર્ણવ્યું તેજ છે. બીજું કંઇજ નથી. માટે નિચેના શ્લોકમાં જે વર્ણન કર્યુંછે તે સાંભળ!

॥ कट्वम्ल लवणा तुष्ण तीक्ष्णरूक्ष विदाहिनः ॥
॥ आहारा राजसस्येष्टा दुःख शोकामयप्रदाः ॥

ભાવાર્થ—અતિ કડવા, અતિ ખાટાં, અતિ ઉનાં અતિ લુખાં, કાંગ કોદરા વિગેરે અતિ તીખાં, કેહેતાં શરીરમાં દાહ કરનારા, એવા આહાર દુઃખ તથા શોકને વધારનારા છે. તેવા આહાર-રજો ગુણી માણસને પ્રિય છે કહેતાં તેવા આહારના સેવનથી રજો ગુણની વૃદ્ધિ જાણવી. હવે નીચેના શ્લોકમાં તમોગુણી આહારનું વિવેચન સાંભળ!

॥ यात यामंगत रसंपूतिपर्युषितंचयत् ॥
॥ उच्छिष्टमपिचामेध्यं भोजनं तामसप्रियम् ॥

ભાવાર્થ—નિરસ પદાર્થો, જેમાં બીલકુલ રસ નથી તેવાં ઊચ્છિષ્ટ એટલે કે લશણ, ડુંગળી, વિગેરે જે ખાવાને યોગ્ય ન હોય તેવું-જેમકે આજનું રાંધેલુ અન્ન બીજે દિસે ખાવું તથા રાંધ્યા પછી જેને એક પહોર વિતિ ગયો હોય તેવું અન્ન, તમો ગુણની વૃદ્ધી કરે છે; એટલે તે તમો ગુણીને પ્રિય હોય છે, માટે છેલ્લો તમો ગુણ ઘણોજ ખરાબ છે, કારણકે તે, જ્ઞાન તો શું પણ સાધારણ વ્યવહારને પણ સિદ્ધ કરવા દેતો નથી એવો ખરાબ ગુણ છે. તમ કહેતાં અંધારૂં-જેનામાં તે ગુણ પ્રધાન હોય છે, તેવા માણસને કર્તવ્યાકર્તવ્યનું પણ ભાન નથી રહેતું.

તેટલા માટે તે ગુણને મોક્ષ માર્ગના વૈરી જાણ ! તે ગુણથી મહા મોહ થાય છે, તથા અહંકારને ઉત્પન્ન કરવામાં અત્યંત પ્રબળ છે. તો તેથી કોઇપણ જાતનું સુખ તેમાં થવાનું નથી. માટે આ બાબત ખાસ જાણવા જેવી છે, તથા જેને સુખની ઇચ્છા છે, તેણે ઉપલા અનર્થકારક ગુણો જેથી ઉત્પન્ન થાય, તેવા આહારનો ત્યાગ કરવો. ગુરૂએ મનને પૂછયું જે હવે તને ઉપલી બાબતમાં કાંઇ પુછવાનું કે શંકા છે ? મન જવાબ આપે છે જે ઉપલી બાબતમાં હવે કોઇપણ જાતની શંકા નથી, અને આગલ કહે છે કે હવે આત્માના જ્ઞાન સબંધી વધારે દૃઢતા થવા આગલ બોધ કરો. જો કે મને સ્વરૂપનો અનુભવ તો આપે આગલ કરાવ્યો છે, તોપણ આત્મજ્ઞાન સંબંધી જે જે રહસ્ય હોય તે આગળ સાંભળવા આતુર છું, કેમકે તે જ્ઞાનની તૃપ્તિ નથી, જેમ જેમ સાંભળીએ છીએ, તેમ તેમ વધારે સાંભળવાની ઇછા થાય છે. એટલું કહી મન શાંત થયું. હવે ગુરૂ કહે છે સાંભળ ! તને ઘણાજ સારા સારા દ્રષ્ટાંતોનો અનુભવ કરાવું છું, જે જાણી પુન: તને કંઇ પણ શંકા રહેશે નહિં. જો ! હવે શરૂઆતમાં તુંને ઇશ્વર સિવાય કંઇપણ પદાર્થ સત્ય નથી માત્ર જોવા માત્ર છે, અને વસ્તુતાએ જે દેખાય છે તે પરમાત્મ સત્તાથી ભિન્ન કંઇ છેજ નહિં, કારણકે સૃષ્ટિની આદિમાં જ્યારે કંઇજ નહતું ત્યારે કેવળ પરમાત્માજ હતા અને અત્યારે જે જગત્ ભાન થાય છે, તે પણ તેજ

છે. ને જગત્‌ના અભાવે પણ પોતેજ સ્વયં પ્રકાશ છે. માયાનો આશ્રય લઇ ઈશ્વરે જગત ઉત્પન્ન કર્યું છે તેથી માયા છે આંધળી, ને ઈશ્વર છે પાંગળા કહેતાં અવયવ રહિત માટે, દ્રષ્ટાંતમાં સાંભળ ! જેમ કોઈ એક આંધળો તથા પાંગળો બંન્ને મિત્ર હતા. તે એક દહાડો એક ઠેકાણે પોતે બેઠા હતા તેની નજદિકમાં એક કેરીનું ઝાડ હતું, હવે તે પાંગળાએ જોયું કારણકે આંધળો તો બિચારો કશું દેખતો નથી, તેથી પાંગળાએ આંધળાને કહ્યું જે આ ઝાડપર શું સુંદર કેરીઓ છે ? ત્યારે આંધળો કહે છે, બે ચાર ફળ ઉતારી નીચે લાવને, આપણે ખાઇએ, પાંગળો કહે છે મશ્કરી શું કરે છે ? તને ખબર નથી જે મારે પગજ કયાં છે કે હું ચડીને કેરીઓ ઉતારૂં? ત્યારે આંધળાએ કહ્યું લે, હું ઊભો રહુ છું, ને મારા ખભાપર પગ મુકી ચડી કેરીઓ ઉતાર. પાંગળો આંધળાના ખભાપર પગ મુકી ચડી જઈ કેરીઓ ઉતારીને બંન્ને જણાએ ખાધી. હવે આ દ્રષ્ટાંતનું સિદ્ધાંત સાંભળ ! જેમ એકલો પાંગળો દેખતો હતો પરંતુ પગ ન હતા તેથી દેખતા છતાં નકામું હતું; તેમ આંધળાને પગ હતા પણ દેખતો નહોતો; તો બેની સહાયતા વિના તે કેરી મેળવી શકત નહિં, તેમ ઇશ્વર અને માયાનું છે. કહેતાં એકલી માયા ઇશ્વરની સત્તા શીવાય કંઇ પણ કરવાને સમર્થ નથી ને ઈશ્વર જો માયાનો આશરો ન લેય તો જગતની ઉત્પત્તિ બને નહિ માટે વસ્તુતાએ માયાના અભાવે ઈ-

શ્વર તદ્દન સ્વતંત્ર તથા નિર્લેપ છે; ને માયાનો આશરો લઇને જગતની ઉત્પત્તિ કરે છે, તોપણ ઇશ્વરને તે માયા કંઇપણ લેપ કરતી નથી,—કારણકે તેના ઉત્પન્ન કર્તા પોતેજ છે, તો પછી પોતાની બનાવેલી વસ્તુમાં પોતાને મોહ થાયજ નહિં. હવે સૌની આદિમાં કેવળ પરમાત્મા હતા. ને જગત્ છે તોપણ તેજ છે. ને જગત્નો લય થાય છે ત્યારે પણ પોતેજ સ્વયંપ્રકાશ રહે છે. તે ઉપર એક વેપારીનું નીચેનું દ્રષ્ટાંત સાંભળ, તેથી તને પ્રત્યક્ષ અનુભવ થશે. જેમકે નવડાનો કોઠો જો. એક નવું નવ, બે નવા અઢાર, ત્રણ નવાં સતાવીસ–તો જો પહેલો નવડો છે, પછી જે વખતે અઢાર થયા તે વખતે આઠને એક નવ, સતાવીસ થયાં, ત્યારે બેને સાત નવ; છત્રીસ થયા ત્યારે ત્રણ ને છ નવ, પીસતાલીસમાં ચારને પાંચ નવ, છ નવાં ચોપન તેમાં પાંચને ચાર નવ, સાત નવાં ત્રેસઠ તેમાં છ ને ત્રણ નવ , આઠ નવાં બોતેર, તેમાં સાત ને બે નવ, નવે નવે એકાશી, તેમાં આઠને એક નવ, અને નવડે મીંડે નેવું, તેમાં પણ છેલો નવડોજ છે. અને નેવુંનું જે મીંડુ છે તે અઢાર, સતાવીસ, છત્રીસ, પીસ્તાલીસ, ચોપન, તેસઠ, બોત્તેર, એકાશી, એ બધાનો નિષેધ બતાવે છે, કહેતાં ઉપલી બધી સંખ્યામાં નવડોજ ખરો વ્યાપેછે બાકી અઢાર, સતાવીશ, છત્રીસ, પીસ્તાલીસ વિગેરે દેખાવા માત્ર છે. બાકી વસ્તુતા એ નવડોજ ખરો છે જેમ પ્રારંભમાં નવ છે વચમાં જેટલી સંખ્યા દેખાઇ તે

કેવળ—વ્યવહારમાં છે, વસ્તુતઃ એ નથી તે પ્રમાણે પરમાત્મા સીવાય કશું નથી માત્ર દેખવામાંજ જગત્ છે. એવું કહ્યા પછી મન વચમાં એક નીચે પ્રમાણે શંકા પુછે છે કે ગુરૂજી ! જે જ્ઞાનવાન છે તેનો દેહ પડ્યા પછી તેના પ્રાણ ક્યાં જાય છે? અને મનુષ્ય મુક્ત થયો તેની શી ખાતરી થાય કે અમુક માણસ મુક્ત થયો ? તેના સબંધમાં પણ મારે આપની પાસેથી જાણવાની ઇચ્છા છે. ગુરૂ કહે છે સાંભળ ! બંન્ને શંકાઓનુ નિરાકરણ કરૂ છું. જ્ઞાનીના પ્રાણ દેહાંતરે, ક્યાંઇ પણ જતા આવતા નથી, પરંતુ આ દેહ છૂટતાં અહીંઆંજ આત્મામાં લીન થાય છે. તેને કોઇ પણ જગ્યાએ જવા આવવાનું નથી. તેની તુને ખાતરી કરાવું છું કે જ્ઞાનીના પ્રાણ કેવી રીતે આત્મામાં તદ્દાકાર થાય છે તે સાંભળ ! જેમ લોખંડનો તપાવેલો ગોળો હોય ને તેના ઉપર પાણી રેડીએ તો તે પાણી-તેમાંને તેમાંજ ચુશી જાય છે, કેહેતાં સમાઇ જાય છે; તે પ્રમાણે જ્ઞાનીના પ્રાણ આત્મામાં લીન થાય છે. આ સાંભળી મન ઘણુંજ આનંદ પામ્યું. અને ગુરૂએ બીજી શંકાનું સમાધાન કરવા માંડયું. ગુરૂ કહે છે જે હવે માણસ મૂક્ત થયો કે નહિં તેના સંબધમાં સાંભળ! તે વિચાર ઘણોજ સૂક્ષ્મ છે. માટે તેની પર બરાબર લક્ષ આપજે ! જો તને નીચેના દૃષ્ટાંતથી અનુભવ કરાવું છું. કોઇ એક માણસ જેનો ધંધો ચોરી કરવાનો હતો, તે એક દિવસે રાજ મેહેલમાંથી ચોરી કરી, જતો હતો,

તેવામાં કર્મ સંજોગે, જાહેર પડવાથી, તેની પછવાડે સિપાઇઓ દોડતા આવતા હતા, તેનો અવાજ ચોરે સાંભળતાંજ, ચોરે ચોરી કરેલું ધનનું પોટલું, વચમાંજ રસ્તામાં ફેંકી દઇ ત્વરાથી દોડી, જ્યાં ઘણા માણસોની આવ જા હતી તેવા રસ્તામાં આવી, એકદમ એક સાહુકાર માણસની સાથે વાત ચીત કરવા મંડી ગયો. હવે બંન્ને જણા રસ્તે વાતો કરતા ચાલ્યા જાય છે, તેવામાં પેલા સિપાઇ પછવાડેથી આવી પહોંચ્યા ને વિચાર્યું જે આ ચોર એકલો નથી, પરંતુ જોડે બીજો તેની સાથે સામેલ હોય તેમ દેખાય છે, એમ ધારી બંન્નેને કેદ કરી દરબારમાં લઇ ગયા. જો કે બીજો આદમી તદન નિર્દોષછે, પણ દુર્જનના સંગથી માત્ર તેની સાથે અજાણમાં વાત કરવાથી, તે પણ ચોરમાં ગણાયો છે, તેણે સિપાઇઓને ઘણુંએ કહ્યું જે ભાઈ, હું ચોર નથી, ને મેં ચોરી કરી પણ નથી, આ માણસતો રસ્તામાંજ મારી સાથે વાતો કરતો થઈ ગયો છે, ને હું તદન નિર્દોષ છું. તોપણ સિપાઇઓએ તે વાતને નહિં માનતા, બંન્નેને દરબારમાં લઇ ગયા. હવે અસલના વખતમાં હાલની માફક કોરટમાં જેમ વકીલ બારીસ્તરો ઉભા રહી કેસ ચલાવે છે તેમ નહોતું, પરંતુ માત્ર એવો કાયદો હતો કે જે ગુન્હેગાર આવે કે તેને, લોખંડનો તપાવેલો ગોળો હાથમાં આપે, જે ગુન્હેગાર હોય-તેતો પકડેજ શાનો ? ને જો કદાચ પકડે તો દાઝયા વિના રહેજ નહિં. હવે પેલા બે જણને

કોરટમાં લઇ ગયા,–ને કોરટમાં જતાં તુરતજ, બન્નેની જુબાની લીધી ને પૂછયું, કોણે ચોરી કરી છે? ત્યારે બન્ને જણા નાકબુલ જાય છે. જો કે બીજોતો સત્યજ કહે છે, પણ પેલો જેણે ચોરી કરી છે તે પણ નાજ પાડે છે. તે જોઇ બન્નેને લોખંડના તપાવેલા ગોળા ઉપાડવા કહ્યું ! હવે જેણે ચોરી નથી કરી તેણેતો જરાપણ આંચકો ખાધા સિવાય ગોળો ઉપાડયો, ને તેને કોઇપણ જાતની ઈજા ન થતાં તેને નિર્દોષ જાણી છોડી દીધો.અને જે ખરો ચોર હતો તેણે ચોર નથી એમ જણાવવા ગોળો હાથમાં લેતાંજ તેનું અંતઃકરણ ના પાડે છે, કે જો હાથમાં લીધો તો દાઝયા વિના રેહેવાશે નહિ, તોપણ માત્ર લોકને દેખાડવા, જેવો લેવા જાયછે કે તુરતજ દાઝયો, ને હાથમાંથી ગોળો ફેંકી દીધો. તે જોઈ કોરટમાં ન્યાયાધીશે તુરતજ તેને ગુન્હેગાર ઠેરવી સજા ફરમાવી. આ દ્રષ્ટાંતનું શિદ્ધાંત સાંભળ ! અહીંયાં જેણે દેહને આત્મા માની ખોટાં કર્મો કર્યાછે, તથા નાના પ્રકારના પ્રપંચો ઉઠાવી લોકોને દુઃખ દીધાંછે, તથા સારા સારના વિચાર કદિ પણ કર્યા નથી, તથા ઇશ્વરનું નામ સ્મરણ સ્વપ્નામાં પણ લીધું નથી, અને કેવળ વિષય ભોગ પ્રાપ્ત કરવામાંજ જેણે પોતાની આખી જીંદગી ગુજારીછે તે, કદાચ ચોરની માફક મોઢેથી બ્હીતો નહોય, તથા લોકોમાં પણ કહેતો હોય, કે મોક્ષ શું ને બંધન શું? –અત્રે જે મોજમજા માણી તેજ ખરી–એમ કહેનાર, માણસના પ્રાણ છુટતી વખતે જરૂર તેને તેનું અંતઃકરણ

ખીન્ન કરેછે, ને મનમાં ખેદ કરેછે, ને હુવે મારી શી ગતિ થશે, મેં કાંઇપણ શુભ કાર્ય કે સારૂં આચરણ કર્યું નથી એમ અનેક પ્રકારની કલ્પના કરી તે, તે અવસ્થામાં દુઃખ નો અનુભવ કરેછે. આટલું કહ્યા બાદ ગુરૂ મનને કહેછે, જે હુવે તું બંન્ને શંકાનો ભાવાર્થ બરાબર સમજ્યો હોઇશ.—મન ગુરૂને જવાબ આપેછે જે, ગુરૂજી તે સંબંધી મારી શંકા તદન હુવે નાશ પામીછે.—આટલું સાંભળી ગુરૂએ મનને કહ્યું જે હુવે કથાની સમાપ્તિ છે, ને આવતી કાલે પાછું આવજે એટલે આગળ બોધ કરીશ. એમ કહી ગુરૂ પોતાના સ્થાનકે પધાર્યા. મન પોતાના સ્થાનકે ગયું. બીજે દિવસે રોજના નિયમાનુસાર મન ગુરૂના આશ્રમ પ્રત્યે ગયું. હુવે ગુરૂ તેને કહેછે જે આજરોજ, તને તદન આ જગત કલ્પનામયછે અને તેથી આ નીચેના બધા દૃષ્ટાંતો કહુછું તે સાંભળ! વસ્તુ વિચારે ત્રણે કાળમાં જગત્ છેજ નહિ. તોપણ જે વસ્તુ હોય નહિ ને દેખાય ત્યારે પછી તેને નથી એમ કેમ કેહેવાય! એવી સંકા સ્વાભાવીક દરેક મનુષ્યને થવાનીજ. તો તેના સમાધાન માટે નીચે કહુછું. તે જાણી ખાતરી થશે.—વસ્તુ વિચારે જગત છે કે નહિ તેનો શાક્ષાત અનુભવ કર! દરેક મનુષ્ય એટલું તો સમજેછે કે જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય તે તેનાથી ભિન્ન હોયજ નહિ. જેમ દૃષ્ટાંતમાં અનુભવ કર! માટીનો ઘડો એ માટીમાંથી પેદા થયો—હવે મુળ ઉપાદન કારણ ઘડાનું માટીછે, અને જે વખતે ઘડો દેખાયછે તે વખતે પણ મ-

ડામાં માટીજ વ્યાપ્તછે, ને ઘડો ફુટી ગયો તે વખતે માટીમાંજ લય થયો; માત્ર દેખવામાં ઘડો એવો માટીનો આકાર તથા કલ્પનાછે. વસ્તુતા એ માટીજ સિદ્ધ થઈ, કેહેતાં ઘડો ને ઘડાનો આકાર એ માત્ર માટીમાં કલ્પનાજ છે. તે પ્રમાણે અધિષ્ઠાન વસ્તુ જગતમાં પરમાત્માજછે. કેહેતાં પરમાત્માથી જગત ઉત્પન્ન થયું, એટલે કે શ્રૃષ્ટીની આદિમાં જ્યારે કઈપણ ન હતું ને એક કેવળ પરમાત્મા હતા તેની સ્ફુરણાથી આ જગત ઉત્પન્ન થયું. તો હવે આદિમાં જે વસ્તુ હતી તેજ મધ્યમાં દેખાય છે, અને અંતે પણ ઘડો જેમ ફુટી માટીમાં લય થાય છે તેમજ જગત પણ પરમાત્મામાં લય થાયછે. તો આ જગત એવું જે દેખાયછે તે કેવળ ભ્રાંન્તિરૂપ તથા કલ્પનાછે. વસ્તુતાએ જગત ત્રણે કાળમાંછેજ નહિ. હવે કલ્પનાનો બીજો અનુભવ સાંભળ! જેમ ઇશ્વરનો બનાવેલો એકજ પુરૂષ, તથા એકજ સ્ત્રી છે પરંતુ કલ્પનાથી તેના કેટલા કેટલા ભેદો દેખાય છે તે શ્રવણ કર. એકજ પુરૂષ તે એકનો કાકો, એકનો મામો, એકનો ફુઓ, એકનો બાપ, એકનો દાદો વિગેરે અનેક થયા. હવે એક સ્ત્રી તે એકની વહુ, એકની મા, એકની બ્હેન એકની કાકી, એકની મામી, એકની માશી, અને એમ અનેક પ્રકારના સમ્બંધવાળી થાય છે પરંતુ પરમાત્માની બનાવેલી તો એકજ સ્ત્રી, તથા એકજ પુરૂષ છે. પણ મનની કલ્પનાથી કેટલી થઈ. ત્યારે જગતમાં આપણે જે જે વસ્તુનો અનુભવ કરીશું

તો બધામાં કેવળ કલ્પનાજ સિદ્ધ થવાની છે. તે સિવાય બીજું કંઇજ નથી. આગલ તને બીજાં ઘણાં દ્રષ્ટાંતોથી અનુભવ કરાવું છું. જનમવું, મરવું, લોક-પરલોક, સુખી દુઃખી, મુક્તિ, બંધન વિગેરે બધો કલ્પનાજ છે. વસ્તુતઃ પરમાત્મા સિવાય બીજો પદાર્થજ નથી. પરંતુ વારંવાર કલ્પના એજ થવાની જે દેખાય છે ને કશું છે નહિ એ તે કેમ મનાય ? તો વળી અનુભવ કર. આ જાગ્રતનો વહેવાર જે દેખાય છે તે પણ ક્યાં સત્ય છે ? નિંદ્રા આવી એટલે જાગ્રતનો લય થઈ જાય છે, ને સ્વપ્નામાં નવીજ કલ્પનાનું જગત જોવામાં આવે છે. વળી જ્યાં સ્વપ્નું બંધ થઇ ગાઢ નિંદ્રા કહેતાં સુષુપ્તિ થાય છે તે વખતે નથી જાગ્રત, નથી સ્વપ્ન ને ત્યાં કશું પણ દેખાતું નથી; કહેતાં જાગ્રતમાં અનેક પ્રકારની ચિંતા મોહાવિકાળ દુઃખો હોય છે, પરંતુ જ્યાં સુષુપ્તિ થઈ કે ત્યાં જાગ્રતના વ્યવહારનું કશું પણ ભાન થતું નથી. તો તે ત્રણે અવસ્થા દરરોજ દરેકને થાય છે. માટે રોજ રોજ જગતનો ક્ષય તથા ઉત્પત્તિ થાય છે. અને સુસુપ્તિમાં કશું ભાન નથી થતું તેનું કારણ માત્ર મનજ છે. કારણકે સુષુપ્તિમાં મનનો અભાવ છે, તેથી જગતનું ભાન છે નહિં. અને તેથી એ નક્કી સિદ્ધ થાય છે કે સર્વનું કારણ ભુત મનજ છે. હવે તે કલ્પના કરનારૂં મન જેમાંથી ઉત્પન્ન થયું છે તેમાંજ લીન થાય, કહેતાં તે તદાકાર થાયતો, પછી જગત ત્રણે કાળમાં છેજ ક્યાં ?

માત્ર જ્યાં સુધી કલ્પના જાળ પાથરી વધાર્યે જઇએ ત્યાં સુધી વધ્યે જશે. જ્યારે તેને વીંટી લેશો તો પછી કંઇજ નથી. જે મુક્ત હોય તેજ મુક્ત થાયછે. ને જે અવિનાશી હોય તેજ અવિનાશી બનેછે. તો વિચાર કરોકે આત્મા જે પ્રથમથીજ મુક્તછે તેજ મુક્તરૂપ બને છે. અને તે પ્રથમ-થીજ અવિનાશીછે તો તેનો નાશ નથી. માટે તેને કંઇ નવો મુક્ત કરવાનો નથી. માત્ર ભ્રાન્તી તથા અવિદ્યા અજ્ઞાનથીજ બંધનવાન. જન્મવાન, મરણવાન, એવી ક-લ્પના-દેહના અનાદિકાળના અધ્યાસથીજ માની લીધુ છે. તો અવિદ્યા-અજ્ઞાન ગયું કે જે મુળ સ્વરૂપછે, તેજ પ્રાપ્ત થાયછે. લોકમાં પણ દોરી પડી હોય તેમાં અંધારાથી સર્પ ની ભાવના કરેછે. પરંતુ દીવો લાવીને જોયુંતો માલમ પડયું જે દોરીછે. સર્પની કેવલ ખોટી ભ્રાન્તિ હતી, તે દી વાથી નષ્ટ થઇ. અને પ્રથમથીજ દોરી હતી; તો દોરી દેખાઈ તે પ્રમાણે અવિદ્યાની જે ભ્રાંન્તીછે, તે જ્ઞાનરૂપી દીવા-નો પ્રકાશ થયો કે તુરતજ અજ્ઞાન નાશ પામેછે. દૃષ્ટાંતમાં જેમ એક ગુફાછે-તેમાં અનાદિકાળનું અંધારૂછે, પણ જ્યાં મશાલ તેની આગળ ગઈ કે પછી અંધારૂં એમ કહેશે જે હુંતો અનાદિકાળનું છું માટે નહિં નીકળું ? જ્યાં દીવાનો પ્રકાશ થયો કે તાબડતોપ તેનો નાશ થશે. વસ્તુતાએ અંધારૂ ને અજવાળું સાથે રહેતાં નથી. તેમજ અજ્ઞાનને જ્ઞાન સાથે હોતા નથી.

બંન્નેનો પરસ્પર વિરોધ છે, માટે જ્યાં સુધી-અવિદ્યા

નાના પ્રકારની વાસના ભરી છે ત્યાં સુધી જ્ઞાન રૂપી પ્રકાશ તેમાં કેહેવાનો સંભવજ નથી. અને વાસના તે કાંઇ એકજ છે ? નાના પ્રકારની-અશંખ્ય વાસનાઓ ભરી છે. જો ! જ્યાં સુધી શૂક્ષ્મ વાસના હોય છે, તો તે બંધન કર્તા થાય છે; તો પછી બીજી વાસનાની તો વાતજ શું કેહેવી ? તે ઉપર એક દ્રષ્ટાંત કહુછું તે સાંભળ ! એક ગુરૂ જ્યારે તેના પ્રાણ છુટવાના હતા તેની આગળ પોતાના બધા શિષ્યોને કેહેવા લાગ્યો કે, જ્યારે મારા પ્રાણ જશે તે વખતે વિમાન આવશે, ને દુદુંભીનો નાદ થશે, એ પ્રમાણે પોતાના શિષ્યોને કહ્યું. શિષ્યોએ તે વાત ધ્યાનમાં રાખી. હવે જ્યારે ગુરૂના અંતકાળનો વખત આવવાની તૈયારી થઈ છે, તેવામાં, જ્યાં આગળ ગુરૂ સુતેલા છે ત્યાં આગળજ તેની આંખની સામે એક બોરડીનું ઝાડ હતું, જેના ઉપર સુંદર પાકાં બોર લટકતાં હતાં તે ઉપર ગુરૂની દ્રષ્ટી ગઇ, ને તત્કાળ પ્રાણ ગયા. હવે પેલા શિષ્યોએ પ્રાણ જતી વખતે ગુરૂના કેહેવા મુજબ કાંઇ વિમાને જોયું નહિં, તેમ દુદુંભીનો નાદ પણ સાંભળ્યો નાહિ. ત્યારે પરસ્પરમાં શિષ્યો કેહેવા લાગ્યા, જે એતો ગુરૂનો ગપાટો-હશે ! ચાલો જે થયું તે ખરૂં ! પછી ભેળા થઇ ગુરૂના સબને વિધિ પ્રમાણે-દહન કર્યું દશ દિવસ વિત્યા પછી ભંડારા વિગેરે ગુરૂની ઉત્તર ક્રિયા કરી ને જ્યારે બધું પતી ગયું ત્યારે એક દિવસ બધા શિષ્યો ભેગા થઇ વિચાર કર્યો જે બોરડીમાં બોરો તદન પાકી

ગયાં છે, માટે આજે ઉતારી ખાઇએ ? બોર ઉતાર્યાં; ને ચપ્પુ લઈ સમારીને ખાવા બેઠા છે તેવામાં એક શિષ્યે જ્યાં બોર કાપ્યું કે તેની અંદરનો કીડો કપાયાથી એકદમ એક વિમાન જોયું તથા દુંદભીના નાદ થઇ ગયા. ને વિમાન ચાલ્યું ગયું જે બનાવ જોઇ ચેલા એકદમ તાજુબ બની ગયા ને પરસ્પરમાં કહેવા લાગ્યા કે જોયું? ગુરૂજી તો આ બોરમાં પેઠા હુતા તે હવે મુક્ત થયા. સિદ્ધાંત એ છે કે, ભાઇ આટલી આટલી નાની વાસનાથી બોરમાં જન્મ લેવો પડયો તો પછી રાત્રી દિવસ અનેક પ્રકારની વાસનાઓ ભરી હોય ત્યાં તો પછી કહેવુંજ શું ? અનાદિ કાળથી એવો જબરો અભ્યાસ બંધાઇ ગયો છે કે જન્મોત્રીના વીંટા જેવો, ઉકેલો ને પાછો વીંટાઇ જાય તેના જેવું મન બંધાયું છે, તેથી તે ટેવ અભ્યાસ, સદ્ગુરૂ અને વૈરાગ્ય વગર કોટી ઊપાયે છુટતી નથી આપણામાં કહ્યું છે કે પ્રકૃતિને પ્રાણ સાથેજ જાય છે એટલા માટે કેટલાકને જ્ઞાનના સંસ્કાર થયા છતાં પણ જે પ્રકૃતિ છે તે બદલાતી નથી. કહેતાં જેવી જેવી અનાદિ અભ્યાસથી ટેવો પડી હોય છે તે ટળતી નથી. એમ કહી ગુરૂએ કથાની સમાપ્તી કરી.

ગુરૂ મનને કહે છે, પડેલી આદત લાંબા વખતના અભ્યાસથી ટળતી નથી તે ઉપર તને નીચે ઉદાહરણો આપું છું તે અનુભવ કર. જો બોધ પણ નકામો થાય છે, દેશ બદલે, વેશ બદલે, આખું આયુષ્ય જાય તોપણ

ટેવ ટળતી નથી, વિદ્યા, કળા, કુશળતા કશું કામ આવ-
તું નથી, કારણકે જેવું બીજ હોય તેવું ફળ થાય છે.
તેમાં નથી જોવાતું કે આ બાળક છે કે આ યુવાન છે
કે આ ઊંચ છે કે આ નીચ છે. પારસમણિના સંગે ક-
રીને સોનું કટાર થાય તો પણ ધાર તથા આકાર ક્યાં
બદલાય છે ? વળી સાંભળ ! રબ્બરને તાણી રાખીએ
તેટલી વાર લાંબુ રહે ને મુકયું કે પાછું તરતજ ટુંકું થઈ
જાય છે, પાણીને રોકવા માટે પાળ કરીએ પણ તે પાણી-
ની સાથેજ તણાઈ જાય છે. કોયલાને ગમે તેટલા દુધેથી
ધોઇએ પણ તે પોતાની કાળાશ છોડતો નથી, તેમ પડે-
લી ટેવ મટતી નથી. કાજળ કદાપી ઉજળુ થતું નથી.
ડુંગળીનો ગંધ જે ખરાબ છે તે કોઇપણ રીતે દુર થતો
નથી. હીંગ છે તેની ગંધ કાઢવાને કયો ઉપાય છે ? કો-
ઈજ નથી કૂતરાના પુંછડાને સિદ્ધું રાખવાને અનેક બં-
ધ બાંધીએ તોપણ તે સિદ્ધું થતુજ નથી. એવી રીતે ટેવ-
ની બાબત છે. વધારે હવે તને શું અનુભવ કરાવું ?
મન કહે છે ગુરૂજી ! આટલું સાંભળ્યાથી મને યથાર્થ
અનુભવ ટેવનાં સબંધમાં થયો છે ને આપે જે જે કહ્યું
છે તે યથાર્થ છે. ને તે સબંધી હવે મને કશો સદેહ ન-
થી. આટલું સાંભળી ગુરૂ મનને કહે છે સારી યા માઠી
જે ટેવ પડી તે પડી માટે શરૂઆતમાં જે જે ટેવો પડે
તેને સુધારવા પ્રયત્ન કરવો અભ્યાસથી સઘળું બને છે
માટે નિરંતરના સત્સગ તથા સદ્દશાસ્ત્રના અભ્યાસની

ટેષ પાડવી તો ક્રમે ક્રમે વાસનાનો ક્ષય થશે. વાસના મટાડવાનો ઉપાય માત્ર એજ છે કે, દરેક પદાર્થને અનિત્ય સમજવો, ને તેમાં દોષ દ્રષ્ટિ થાય ત્યારે વાસના છુટે છે. અન્ય ઉપાયથી કદી પણ છુટતી નથી. કહેતાં વાસનાને ભોગવીને તેની તૃપ્તિ કરી છોડીશું એવો જે વિચાર છે તે વ્યર્થ છે. કારણકે તે ભોગવેથી કદિપણ ઘટતી નથી પરંતુ વધે છે. દ્રષ્ટાંતમાં જેમકે અગ્નિમાં ઘી રેડીએ તો અગ્નિ વધારે વધારે પ્રજ્વલિત થવાનો પણ શાન્ત પડવાનો નથી. પરંતુ જો અગ્નિમા પાણી રેડીએ તોજ શાન્ત થાય. તે પ્રમાણે વાસનાને વિવેક રૂપી પાણી રેડીએ તોજ વાસના છુટે બાકી ભોગવેથી કદી છુટતી નથી. ને ભોગવેથી તૃપ્તિ પણ નથી. શાસ્ત્રનો કંઇ પાર નથી. માત્ર જો સંસ્કાર ઉદય થઇ જાય છે તો થોડા શ્રમે પાર પામે છે. ને સંસ્કાર મંદ હોય તો જાણવું કે હજી પ્રતિબંધ છે તો તે પ્રતિબંધો નિવૃત થાય તેવા ઉપાયો કામે લગાડવા. આટલું કહ્યા બાદ ગુરૂ મનને કહે છે આવતી કાલે સત્સંગ તથા ભાવિના સબંધમાં કહીશ, એટલું કહી સ્થાનકે પધાર્યા.

સત્પુરૂશો તથા સત્સંગનું મહાત્મ. ગુરૂ મનને કહે છે જે ગરીબ લોકો પર દયાળુ સ્વભાવથી વર્તે છે, કહેતાં તેના પર દયા કરે છે જે પુરૂષોને લેશ પણ લક્ષ્મીનો મદ સ્પર્શ કરતો નથી, જેઓ બીજા ઉપર ઉપકાર કરવામાં અતિ આતુર હોય છે, તેની પાસે યાચના કરી હોય

તો સંકોચ ન પામતાં અત્યંત આનંદ પામે છે. અને જુવાનીરૂપ છકેલો મોટો વ્યાધિ કોપ્યા છતાં પણ સ્વસ્થ રહે છે. તેવા અચળ સ્થંભ જેવા સત્પુરૂષો વડેજ ભારે ભારથી પીડાયેલી પૃથ્વી ધારણ કરાય છે. અર્થાત આવા પુરૂષોના આધારેજ પૃથ્વી રહી છે. આવા શુભ આચરણવાળા પુરૂષોને આધારે પૃથ્વી રહી છે તેમાં નવું ગંભીરતા ભરેલું છે, કેમકે સૃષ્ટીમાં દુરાચાર, દુરાગ્રહ, અને દુઃષ્ટ સ્વભાવો પૃથ્વીને ઉથલ પાથલ કરી નાંખે તેવાં ભરેલાં છે પરંતુ સત્પુરૂષોના બોધની, અને સત્સંગના પ્રમાણમાં થોડી અસર પણ પૃથ્વીને ઉથલ પાથલ થતી અટકાવે છે. અર્થાત તેવા પુરૂષોના પ્રતાપેજ લોકો કેટલાક સદગુણી અને સૌજન્ય ભરેલાં કોઈ કોઇ સ્થળે જોવામાં આવે છે. જેઓ ખરા પુણ્યશાળી હોય, અને જેઓએ પુર્વે કંઇ સુકૃત કર્યું હોય તેવાઓનેજ એવા જ્ઞાની જનોનો સત્સંગ થાય છે. આવા ઉત્તમ પુરૂષોમાં પણ કેટલાક પોતાના ભલાને માટે અનેક ઉપાયો કરે છે, તોપણ પોતાના ઉત્તમ કૃત્યમાં જોઇએ તેવા પાર પડી શકતા નથી-એ ઘણી આશ્ચર્યની તથા દિલગીરીની વાત છે. સત્પુરૂષોની પંકિતમાં અમો છીએ એવું ધારીને કેટલાક ધનના મદથી મદેલા, કેટલાક જુવાનીના મદથી મદેલા કેટલાક માણસોના જથ્થાથી ગર્વમાં ગરકાવ થઇ ગયેલા બુદ્ધિના બારદાન જનો ગર્વનો અગણિત બોજો શીરે ધરી આમ તેમ આથડે છે. તો એવા લોકો કદાચ પોતાના

મનમાં એમ માની બેસે કે અમો સર્વ વાતે સિદ્ધ છીએ પરંતુ તેમ વ્યર્થ માની બેસવાથી શો લાભ ? કંઇ પણ કલ્યાણ તેમ માનવાથી થતું નથી. સત્પુરૂષોના આચરણ જેવું થવું એ દેવતાને પણ દુર્લભ છે. કહેતાં દેવતાઓથી પણ બનતું નથી તો પછી મનુષ્ય તે કોણ માત્ર છે. તરવારની ધાર ઉપર કે અગ્નિ જવાળામાં સુવું એ કઠણ છાતીવાળાને કદિ સેહેલ છે, પરંતુ સત્પુરૂષના જેવા બનવું એ કોઇ દિવસ પણ સેહેલું નથી. સદાચરણની ગંભીરત્તા જોઇ આશ્ચર્ય પામેલા ભર્તૃહરિએ કહ્યું છે કે:— ન્યાયની રીતે વર્તવું એ પ્રિય લાગવું,—પ્રાણ જતા હોય તોપણ નઠારૂં કામ ન કરવું, કેહેતાં તેને દોષરૂપ ગણવું, અસત્પુરૂષો પાસે અને નિર્ધન એવા સગા સબંધી પાસે યાચના ન કરવી. વિપત્તમાં ઊંચા પ્રકારથી રહેવું, અને મહાન પુરૂષોના માર્ગને અનુસરીને ચાલવું, આવી રીતનું અતિ કઠણ તરવારની ધાર જેવું તિખું વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું હશે ? અર્થાત સત્પુરૂષો પ્રથમથીજ એવા આચરણવાળા થાય છે, એટલે એમને બીજો કોણ ઉપદેશ કરનાર સંભવે ? કોઇ પણ સંભવે નહીં ! આ ઉપર વર્ણવ્યા તેવા આચરણથી વર્તનારા કેટલા હશે ? વિચાર કરીએ તો આંગળીએ ગણીએ તેટલાજ. સત્પુરૂષો માટે એટલુંજ બોલીને અટકવાનું નથી જો સત્પુરૂષોનાં આચરણ સેહેલાં હોય તો આટલી થોડી સંખ્યા સંભવેજ નહિ ! સ્વભાવિક નિચિ ગતિવાળું પાણી મોભેથી નેવેજ

આવવું જોઇએ, એ પાણીને મોભે ચડાવવામાં પાર પડવું જેમ મુસ્કેલ છે, તેમ સ્વભાવિક રીતે નીચે માર્ગે ચાલનારા જગતના સઘળા લોકોને સત્પુરૂષના વ્રત ઉપર ઊંચે ચડાવવામા પાર પડવું એથી મુસ્કેલ બીજું કાંઇ નથી. હવે આગળ સાંભળ ! કોઈ ન જાણે તેવી રીતે દાન આપવું. દાન અનેક પ્રકારનાં છે. કોઇ ઘેર આવે તો તેને કોઈ ન આવે એવું માણસ ઘેર આવ્યું હોય તેવાનો સત્કાર કરવો, કોઇને સારૂ કર્યું હોય તોપણ તે કહી દેખાડવું નહીં. કોઈના ઉપર ઉપકાર કર્યો હોય તો તે સભાના મધ્યમાં કહી દેખાડવો નહિં. આવું તીખું વ્રત સત્પુરૂષોને કોણે બતાવ્યું હશે ? પોતાના પવિત્ર આચરણથી ભરપુર એવા સત્પુરૂષો માટે વિદ્વાનો વખાણ લખી ગયા છે. હવે તને સત્સંગતિના મહાત્મ વિષે કહું છું. અર્થાત સત્સંગતિ શું શું નથી કરતી ? અર્થાત સઘલું કરે છે. બુદ્ધિનું જડપણું હરિ લે છે, વાણિમાં સત્યતાને સિંચે છે, પાપ સર્વ દુર કરે છે, માન તથા મોટાઇને આપે છે, ચિતને પ્રસન્ન કરે છે, અને સઘળે સ્થળે કીર્તિનો ફેલાવો કરે છે, અસત્યનો ત્યાગ થાય છે, સત્ય વસ્તુનું ગ્રહણ થાય છે. એટલે સઘલા સદાચાર અને સદગુણનું પાત્ર થવાય છે. એ શું સત્સંગતિનો થોડો લાભ કહેવાય ? ટુંકામાં સત્સંગતિ અનેક ફળ આપનારી છે. અને મનને શાંત બનાવી કેવળ સુખનોજ અનુભવ કરાવનારી છે. આટલો ઉપદેશ કર્યા બાદ ગુરૂ મનને કહે છે કે તારી

સ્થિરતા માટે એક નીચેની બાબત કહુ છું તે એ જે સર્વને પોતાનું પ્રારબ્ધ છે તે ઊપર સાંભળ ! સારો લાભ અથવા હાની જે થવાની હોય તે જરૂર થાય છેજ તેને દૈવ પણ ફેરવી શકતા નથી; મનની અંદર વિચાર કર કે ગર્ભમાં કોણે તારૂં રક્ષણ કર્યું હતુ ? તો તુને જન્મ થયા પછી શું ભુખ્યો રાખશે ? ઇશ્વરની રચના તો તું જો ! જન્મ્યા પેહેલાં માતાના દેહમાં દુધ દે છે તેજ વિશ્વંભર તારૂં નીતિથી રક્ષણ કરશે. મોરને ચિત્ર વિચિત્ર પાંખો ભગવાને આપી છે, સારંગ પક્ષીને અંજન યુક્ત આંખો આપી છે, ફૂલને વિષે જેણે સુગંધ પેદા કરી છે, તે પરમાત્મા સર્વનું પેટ ભરે છે. ચાવવાને દાંત દીધા છે, કામ કરવાને બે હાથ આપ્યા છે, ચાલવાને બે પગ આપ્યા છે, તો પછી તું ચિંતા શા માટે કરે છે. અનાદિકાળથી પરમેશ્વર આ આખા જગતને પાળે છે. તો વિશ્વંભર તારૂં પેટ નહિં ભરે ? જે પરમાત્મા સુર્યના મંડલને તપાવે છે, ચંદ્રને શીતળતા આપે છે, જેણે પૃથ્વીનો બોજો ઊપાડવાને શેષ નાગને સત્તા આપી છે, તે ભગવાન સર્વના દુઃખોને કાપે છે. શા માટે નકામો હાયવોય કરે છે ને એક પાશેર અન્ન સારૂ નકામો આંખમાં આંસુ આણે છે ! હીમત રાખી નીતિથી ચાલી સર્વનું ભલુ ઇચ્છી મમતાને પરહરી દુઃખના દિવસો કદાચ આવે તો તેને જોઇને મુંઝાવું નહિં પરંતુ પરમાત્માને પ્રીતિથી ભજવા. આપણે ગમે તેવા ઊદ્યમો કરી યત્ન કરીએ પણ તેનું

પરિણામ કહેતાં ફળ મળવું એ જેવું વિધાતાએ લલાટમાં લખ્યું હોય તેવુંજ મળે. મોટાં ગમે તેવાં દુઃખોને સહન કરે તેજ ધીરપુરૂષ કહેવાય. કારણ કે ભાવીને ફેરવવાને માટે કોણ સમર્થ છે ? નશીબમાં જે કાંઇ મળવાનું હોય તે મળે તેમાં કોઇનું પણ ચાલતું નથી, તેમાં જે દુઃખ માને તે મીથ્યા છે. વિચારથી વિચારીને જો કે તેમાં કશું વળતું નથી. ઘણા માણસ એમ કહેછે જે આપણે જેમ કરવું હોય તેવું કરી શકીએ. પણ તેવો નિશ્ચય ક્યાં છે ? જે લોકો યત્ન કરી ચુક્યા છે તે, તે વાતનો અનુભવ જાણેછે. વિશ્વાસ વિશ્વંભરનો કરીને, વિવેકથી ધીરજ ધરી એવા ઉપાય કરવા કે જેથી સુખરૂપ મેવા મળે. જે પરમાત્મા ઝાડને રસ સીંચેછે, જીવજંતુને જીવાડેછે, તે પરમાત્મા પાશેર જેટલું અન્ન શું તને નહિ આપશે ? ધનવાન લોક મનમાં આનંદ માનેછે, ગરીબ બિચારાં સદાય શોકમાંજ રહેછે, પરંતુ હું તો એજ આશ્ચર્ય પામુછું જે હજી સુધી કોઇ પણ ભુખ્યો સુતો નથી કહેતાં ઇશ્વર સર્વને ગમે તે પ્રકારે આપી દેછે. કીડીને કણ, ને હાથીને મણ. તે પ્રમાણે જગતકર્તા બધાનું પોષણ કરેછે. માટે જ્ઞાની પોતાના પ્રારબ્ધ ઉપરજ દ્રઢ વિશ્વાસ રાખેછે. આટલું કહી ગુરૂએ મનને કહ્યું હવે તું બરાબર સમજ્યું હોઇશ! અને આગલ તને ભાવીના સબંધમાં પણ સ્થિરતા થાય તે પ્રસંગ પણ ટુંકમાં તને કહુંછું તે સાંભળ ! દૈવનો એવો અદભુત ખેલ છે કે ભાવીને કોઇ પણ મટાડવા

સમર્થ નથી. તેને માટે તને કેટલાક ઉદાહરણો સાથે સમજાવુંછું. દાનવ, દેવ, મનુષ્યનું બળ તેમાં કામ આવતું નથી. બુદ્ધિ હોય છતાં બેસી રહે. ભલેને રઘુપતિ રામ હોય તોપણ શું? નકામું અભિમાન માણસ-મોહ રાખી કરેછે, આખરે જ્યારે હાથ હેઠા પડે ત્યારે બધું સમજાયછે. દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્રજી જે શાક્ષાત ઇશ્વરના અવતાર હતા તેણે ચૌદ વરસ સુધી ધનધામ બધું તજીને વનવાસ ભોગવ્યો. મોટા મોટાં મહારાજાઓના નામઠામનો ઇતિહાસ સાંભળતાં તેમનો પણ નાશ થઇ ગયો છે, ને તે સાંભળી મન નિરાશ થઇ જાયછે. આપણે દુઃખને ઇચ્છતા નથી તોપણ તેની મેળેજ આધિવ્યાધિઓ આવી પડેછે. તેની પરવાહ મનમાં ન લાવીએ. કારણ કે એ વાત અસારરૂપ છે વિદ્યા, કળા વિગેરે આવડવું, એ બધો દૈવનો ખેલ છે. જન્મ મરણ એ સઘળું વિધિના હાથમાં છે માટે નકામો શોક વિસારી એક અદ્વૈત પરમાત્માને અંતરમાં જાણવા એજ સાર છે બાકી બધું મિથ્યા છે. આટલું કહી ગુરૂએ મનને પુછ્યું. હવે કંઇ પણ શંકા તારા મનમાં છે? મન જવાબ આપેછે ગુરૂજી હવે કોઇ પણ જાતની શંકા નથી માત્ર હવે છેલ્લી શંકા માત્ર એક નાની છે તેનો કૃપા કરી ઉત્તર આપશો-તે શંકા એ છે જે આ દુનિયામાં કેટલાક માણસ અતરે ઘણાંજ ખોટાં આચરણો કરેછે તથા ઘણા ધર્મવિરૂદ્ધ અધમ કામો કરેછે તે છતાં તેને સુખી જોવામાં આવેછે તેનું શું કારણ

હશે ? ગુરૂ જવાબ આપેછે. તેનું કારણ એજ કે તેના પાછલાં કર્મો સારાં છે તેથી તેનું ફળ સુખ ભોગવે છે. પરંતુ હમણાં કરેલાં કેટલાક કર્મો એવાં છે કે જેનું ફળ અતરે ને અતરે મલેછે ને કેટલાક કર્મો એવાં છે કે જેનું ફળ બીજા જન્મમાં મળેછે. માટે તેવા સુખીઆ જોવામાં આવેછે તે માત્ર પુર્વના સંચિત કર્મોનું ફળ છે અને હમણાં જે સારાં માઠાં કર્મો કરશે તેના ભોગ બીજા જન્મમાં છે. માટે હવે તારી શંકા દુર થઈ હશે ? મન જવાબ આપેછે કે હા ગુરૂજી મારી શંકા તદન દુર થઈ છે ને હવે મારે કંઇ પણ પુછવાનું નથી-એમ કહી મન પોતાના સ્વરૂપમાં લીન થઈ ગયું ને ગુરૂ પણ મૌન થયા. વસ્તુ વિચારે ગુરૂ અને મન એ બે કલ્પિત છે. ગુરૂ ગમે તેટલો બોધ કરે પણ જ્યાં સુધી પોતે પોતાનો ગુરૂ થાય નહિ ત્યાં સુધી મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. માટે દરેક જીજ્ઞાસુ ભાઇઓ વાંચી પોતે પોતાના મનને નિયમમાં લાવે તોજ કલ્યાણ છે આ ગ્રથના અંદરથી દરેક વાંચક વર્ગ સાર ગ્રહણ કરશો. ને ભુલચુક હોય તો ક્ષમા કરી સુધારી લેશો.

દેશોન્નતિ નથવાના કારણો અને તે શાથી થાય તેના ઉપાયો વિષે વિવેચન

પ્રારંભમાં દેશોન્નતિનું મૂખ્ય બીજ ધર્મ છે. તો આજકાલ

ધર્મ કર્મ આચાર, વિચાર,–વિવેક,–જે સર્વમાં પ્રધાન છે તે સાધનો આજ કાલ નાશ પામી ગયાં છે. તેના સંબંધમાં નીચે પ્રમાણે છે. અને તેથીજ તે સઘલા અનર્થ તથા ધર્મના નાશના હેતુ છે.

આજ કાલ ધર્મતો પૃથ્વીમાંથી સમૂળગો નાશ પામી ગયો છે. પોતાનું શું કર્તવ્ય છે તેનો પણ લોપ થઇ ગયો છે. પ્રિતિ ગઇ, નિતિ ગઇ,–કુલની રીતિ ગઇ આશ્રમો વિપરીત થઇ ગયા. વેશ ધારી, બ્રહ્મચારી, સન્યાસીઓ, જેને કનક કાંચન તથા સ્ત્રી વિષશમાન છે. તે આજકાલ પૈશા સંગ્રહ કરવા શિખ્યા. અને સંસારીઓ પણ સોકને પેદા કરે તેવાજ થયા છે. વિદ્વાનો વિકલ થયા છે. અધિકારી પોતાના અધિકારમાંજ આંખો છતાં જાણે આંખો ન હોય તેવા કેહેતાં–મદરૂપી પડળો તેમની આંખમાં છવાઈ ગયાં છે. દુઃખનું વર્ણન ન થઇ શકે તેવાં પાપો બધાં પૃથ્વીપર ઊભરાઇ જાય છે. સાચી વિદ્યા, સાચી કળા, તથા સાચી કુશલતાતો કદિપણ જોવામાં આવતીજ નથી–ચોગરદમ કુથલી તથા ચુગલાઇના ચમકારો પશરી ગયો છે, કામ. ક્રોધ,–લોભ અને મોહની પાશમાં લોકો પડેલા છે. અને એવી જાતના દાપો-દુઃખ તથા દરિદ્રતાને પેદા કરે છે. સેવકાનો ગુરૂભાવજ નાશ પામ્યો. તથા ગુરૂઓ પણ કળીયુગના પ્રભાવથી વિરલેજ સારા મળે છે. સ્ત્રીઓ વિપરિત રીતે વરતે છે જુવાન માણસો સ્વર્ગધામ ચાલ્યા જાય, ને વૃધ્ધો બેશી રહે. કેટલાંક

બિચારા અન્નવિનાના રખડે છે-બધા-સરખા ક્યાંથીજ હોય ? પણ તેનો વિચારજ આજ કોણ કરે છે ? ત્યાર બાદ વરસાદ બાઇ પણ કાળના પ્રમાણેજ પોતાનો અમલ કરે છે-કેહેતાં કાંતો મુદલ વૃષ્ટીજ નાકરેને કદાચ કરે તો ધરતી માંથી ધરતી રસજ ગળી જાય છે, અથવા તીડ આદિ ઉપદ્રવોથી નાશ પામી-દુકાળો ફેલાય છે. અને તેની અંદરવળી માહા મોટા વ્યાધિ પ્લેગ જેવા અને કરોગો ફેલાય છે. તેમ થવાનું કારણજ માત્ર ધર્મ-તથા સત્યતાનો નાશ એજ કારણ છે. અને તેથી સંતોષ કે સુખ સ્વપ્નામાં પણ દેખાતું નથી પૈસા પરદેશ ચાલ્યા જાય છે, જ્યાં જાઓ ત્યાં બધે અપમાનો થયા કરે છે. કેહેતાં કોઈ કોઇનું સાંભળે નહિ. અને એમ કરતાં કરતાં અકાલ મૃત્યુની જાળમાં ફસાઈ દુઃખો ભોગવાય છે. હરેક વર્ણો વંઠીગયા. કોઈ પણ અધિકાર પવિત્ર દેખાતો નથી. દમ્ભવડે જ્યાં જુઓ ત્યાં માત્ર ડાળજ વધ્યો છે. શીલ અને સરલતાતો કદિપણ દેખાતાજ નથી. નિર્બળ લોકોને બળવાન લોકો દાબે છે, અને તેથીતે બિચારા શું કરી શકે તેમ છે ? માટે અહો કલિ ? તારી લીલાતો અદ્‌ભૂતજ છે ! શ્રી હરી શિવાય બીજુ કોઇ પણ સહાય કર્તા નથી. વળી આજ કાલ લોકો જેને સુધારો કરી કહે છે તે સુધારો કે કુધારો-તેનો પ્રત્યક્ષ અનુભવ કરાવું છું.

હિંદુપણું તો હવે ઢોલ વાગતુંજ ચાલ્યું જાય છે, કારણ કે જ્યાં જુઓ ત્યાં ખુંટ અને પાટણનનું જોર દિવ-

સે દિવસે વધી પડયું છે. ધર્મ કર્મ કોઈ શુદ્ધ પાળતું ન-
થી- અને અનાચારિ કરી ઉલટે રસ્તે ચાલી વર્તે છે. કેટ-
લાક બાજરૂઓમાં બીડી ફૂંકતા થયા, પાન ખાઇને થુંકવા
શીખ્યા; પોતાની રીતભાતને તો માળવેજ મુકી તેનું કા-
રણ ચિતે વિચારો. પાઘડી છોડી ટોપી ઘાલી; માથાં જુ-
ઓ તો ફિરંગી જેવાં થયાં. શેવામાં માત્ર એક સુંદરીની
સેવા-રહી છે. દરેક જણને ઇંગ્રેજી વસ્તુ વાપરવાનો શોક
વધ્યો; માત્ર ચામડી ગોરી થતી નથી. ખરી જે રમ્યતા
હતી તેતો આજ તદનજ જતીજ રહી છે. સાથે
ચોટલીઓના પણ બાર વાગ્યા-ગમે તેવા નવાવેશ
ઘાલે ચાહપાણી ટીફીન વિના ચાલે નહિ. એક
બીજાને મળે ત્યારે રામરામ અથવા જે ગોપાળને
બદલે-ગુડ મોર્નીંગ કહી સેકહેન્ડ કરતા શીખ્યા. કોટ,
જાકિટ કાળા રંગના અંગમાં કશ કશતા થયા. સાથે કુ-
તરાઓને પણ ફેરવી આનંદ લેતા થયા. નાના બચ્ચાથી
લઈને મોટા પર્યંત મોટા ઉત્સાહથી ઇંગ્રેજી બોલી બોલતા
થયા અને એ રીતે આખા દેશને ડોહોળી નાંખ્યો છે. સ-
ત્યબોધ રૂપી જે સ્થંભ તેનો નાશ થયો, ને હઠીલાઇરૂપી
થંભ ઉભો થયો છે. એક બીજાનું એઠું ખાતાં પણ આં-
ચકો નથી, સ્નાન-ધ્યાન,-પાઠ-પુજા, એની તો ઘડી છે-
ક્ષીજ થઈ, કહેતાં કોઈક વિરલા તે વાત પર ધ્યાન આ-
પી અમલ કરે છે. પરંતુ પ્રિતિ રાગ રંગમાં રેલાઇ છે ત-
થા કામની સાથે ક્રીડા કરાય છે. ક્રોધ ગુણ દોષથી ડરતું

નથી; દેશ મેલી પરદેશ ભટકે છે. કોઇ શોધક થઇ જાય
ય છે. કોઇ પારકા ધર્મમાંજ પેસે છે, કોઇ વળી ઠાકરને
પણ ઠેસો મારે છે, અને જેવુ રાજ્ય છે તેવા થતા જાય
છે, કારણકે આજકાલ એવું બન્યું છે કે એક બીજાને ઓ
ળખી પણ શકતા નથી કે જાતના કેવા છે ? તેનું કારણ
બધું દરેકને દેખાડાતુ જાય છે. બાટલીઓના બુચ તાણીને
ખારનાં ખાતાં પાણી પીતાથયા, એકની એક બાટલી ઢેડ-મુ-
સલમાન, ઇંગ્રેજ પીએ ને તેજ બાટલી વાણીયા બ્રાહ્મણ ઊંચી
કોમ પણ પીએ, હવે વિચાર કરોકે ધર્મની કેવી દશાછે? માત્ર
આજ કાલ લોકો બોલવામાજ શુરા છે પણ પાળવામાં
તો કેવળ અધુરાજ છે. સ્નેહ તથા સબંધ શું છે ? તેતો
આજ બધો પૈસામાંજ શમાયો છે. માત્ર પિંડનું પોષણ
કર્યું એટલે ધન્યતા માનેછે. માતા પિતા વડીલની આમ-
ન્યા ગઇ. કહેતાં તેમની આજ્ઞા કોઈ ઊઠાવતું નથી. ગમે
તેનું આજે ખપેછે. અને તેથી દેહ વટલાવવાને પૈસા ખ-
રચી, બરફ આઇસ્ક્રીમો ખવાયછે. પછી બુદ્ધિ તે સારી
ક્યાંથીજ થાય ? આજકાલના સુધારાની શોભા તો નિ-
રખો ! અરીસા લઈ જુવાનો સ્ત્રીની માફક સેંથો પાડતા
થયા. બાપદાદાની રીતભાત પર પાણી ફેરવ્યું. લોકલાજ-
ના તો બારજ વાગી ગયા. વસ્ત્રો પેહેર્યા હોય છતાં નાગા
દેખાય ! એવી ભુલો જાણ્યાં છતાં પણ તે પ્રવાહમાં દો-
ડયાજ જાયછે. ચીજો માત્ર ઊપરથી રંગરૂપ વાળી રમ-
ણીય દેખાવાથી-હાડકા તથા ચામડાવાળી જોઇને કોઇ

પણ પોતાનું મન તેમાંથી પાછું વાળતા નથી. હવા દા-રૂમાં દેહો વટલાયા પણ જો કોઇને કહેવા જઇએ તો સમજાવતાં ઊલટા સાંમા થાય.

વેદ શાસ્ત્રની વાત કોઇ માને નહિં જો કે ખૂદ ભગવાને કહ્યું હોય તોપણ તે અંગિકાર કરવાના નહિં કર્મના યોગે સુધારાને બદલે કુધારો વધે છે. માટે હવે આ કુધારો દૂર કેમ થાય! જ્યારે ધર્મ-કેહેતાં પોતાનું કર્તવ્ય શું છે? તે પેહેલું-અમલમાં લવાય, ત્યાર પછી જે અમલ પરંપરાથી-ઘરડા વરડા પોતાના ધર્મ પ્રમાણે ચાલી દેશી ચીજોનોજ ઉપયોગ કરતા હુતા અને તેથી તે ઓ ઘણા સુખી હુતાં તથા તેમના આયુષ્ય પણ લાંબા હુતાં તોતે વસ્તુથી આપણું કાર્ય થોડા ખરચ્યે ધર્મ સચવાઇ થાય તેને છોડી દઇ તમો પારકી ચીજ પર કેમ મોહ ધરો છો? તમારી પોતાનીજ ભૂલનું પરિણામ છે. આજ લોકો આટલા નિર્ધન તથા દરિદ્રી દેખાય છે તેના કારણો ઉપર વર્ણવેલા છે તેજ છે આજ કાલ ઢેર ઢેર કાચનો સામાન-અને જ્યાં જુઓ ત્યાં સોયથી લઇ તમામ વસ્તુઓ પર-દેશનીજ તમો વાપરો છો. ને તેમાં આપણી શી વડાઈ છે! પૈસા પરદેશ જાય છે. ને તમો તમારૂં સ્વદેશાભિમાન છોડી દિનપર દિન દુઃખોજ ભોગવતાજ જાઓ છો. જ્યાં સુધી સંપ તથા ઐક્યતા થાય નહિં ત્યાં સુધી વાણીમાં બોલેલો પ્રયાસ કંઇપણ અમલ કરવાનો નથી-જ્યારે ક્રિ-યાથી કરી દેખાડશો ત્યારેજ તમારી સરસાઇ ગણાશે.

પણ આ બધી બાબત અમલમાં આવવાનું-મુખ્ય સાધન જે સંપને એકયતા છે તે જ્યાં સુધી થાય નહિં ત્યાં સુધી બધીજ મેહેનત નકામી છે. જુઓ ! બંગાલાના લોકો કેવા એક સંપ થઇ ગયા. અને તેથીજ તેમાં તે ઓફતેહ પામશેજ. આજ કાલતો કુટુંબનાજ પાંચ માણસમાં સંપ કરી શકતા નથીને લડી મરેછે તો આખા સમાજનો સમુહ એક થાય એ વાતતો ઘણીજ નવાઇની છે ! પરંતુ ભાઇ પુરૂષાર્થેથી બધું થાય છે પરંતુ ખરો પુરૂષાર્થ થાયતોજ નહિંતર નહિં. આપણામાં કહ્યું છે જે એકડે એકને બગાડે બે; માટે જ્યારે સર્વની એકયતા થાય ત્યારેજ કામ પાર પડે. તમે વિચારતો કરો કે કયા યુરોપિઅને પોતાનો પોષાક, પોતાનો ખોરાક, પોતાનો ધર્મ છોડી તમારૂં અંગિકાર કર્યું ? તો તેપણ પોતાના ધર્મ કર્મમાં કેવા ચુસ્ત છે. આમ તમો તમારી આંખો બંધ કરી કેમ બેઠાછો ? હિંમત આણી ખંતથી તૈયાર થઈ જાઓતો કંઇપણ વિલંબ નથી ? પણ તેનાજ વાંધા છે. આજકાલ દુનિયામાં હિંમતજ-નાશ પામી ગઇ છે. ને જેને હિંમત હોય છે તેને સાધન નહિં હોવાથી-તથા તેને ઉત્તેજન નહિં આપવાથી, તે હિંમતવાળા છતાં નાહિંમત જેવાજ છે માટે ભાઇઓ જો તમો ઉપલા કામ પાર પાડવા ચાહાતા હોતો એક મતે બધા મળી પહેલાં તમારો પાયો મજબુત કરી-સંપરૂપી સ્થંભ સ્થાપો ! ને એકયતા રૂપી ઇમારત ચણી પછી આગલ પગલાં ભરોતો

તેમાં તમારૂં શ્રેય થશે. તે સિવાય કશું બનવાનું નથી. આપણેજ આપણો ધર્મ ભૂલી ગયા છીએ—તેમાં આપણો પોતાનોજ દોશ છે. આપણા ખરા ધન્ય ભાગ છે કે આપણા રાજ્ય કરતાના અદલ ઈનસાફ તથા તેમના કાયદા કાનુન તથા બંદોબસ્ત એટલા બધા સારા છે કે જેથી તમામ રયત નામદારના રાજમાં સુખેથી નિર્ભયપણે રહી શકે છે. અસલ આપણને ચોરોનો લૂટરાઓનો કેટલો ભય તથા ત્રાશ હતો ? તે સઘલો નામદારની રાજ્ય સત્તાથી આજ તદન નાબુદ થઈ ગયો છે. અને પ્રજા નિર્ભય થઈ છે માટે પરમેશ્વર આવા અદલ ઇન્સાફી તથા રયતનું ભલું કરનાર નામદાર સેહેનસાહનું રાજ અવિચળ રહો ! ને તેમને પરમેશ્વર દીર્ધ આયુષ્ય તથા શુખશાન્તિ સ્થાપો એવી મારી ઈશ્વર પ્રત્યે યાચના છે એમના ઇન્સાફને વળી હું ધન્યવાદ આપુ છું કે આજ દિન પર્યંતમાં, કોઇ પણ દિવસ કોઇના પણ ધર્મમાં હાથ ઘાલ્યો છે ? તથા કોઇને પણ તે સબંધી હરકત કરી છે ? માટે ભાઇઓ તમો તમારો ધર્મ ન પાળો તેમાં કોનો દોશ ! આપણો પોતાનોજ છે. આવા શાન્તતાના વખતમાં—વેદાંન્ત સાસ્ત્રનું અધ્યયન કરી આત્મ કલ્યાણ કરી લેવાનીજે અમુલ્ય તક મળી છે તેનો લાભ દરેક માણસોએ લઇ લેવો એવી મારી પ્રાર્થના છે.

"મંગલાચરણ"

"જગપતિ કરશે સહાય તારી"—એ રાગ.

પ્રભુ અમે ધરીએ ધ્યાન તારૂં (૨)
અંતરજામી તું સઘલું નજરે નિહાળે,
છાનું કામ જે અમારૂં— પ્રભુ અમે૦

સાખી—સાગરલેહેરો ઊછળે, કિનારે સમી જાય,
ચંદ્ર પ્રકાશે રાતમાં, સાંજે સુર્ય વિદાય;
સત્તા અતિશે એવી, ઘટઘટ તારી,
ધારે તુજ તે થનારૂં— પ્રભુ અમે૦

સાખી—મહા મોહના પાશમાં, વિસરીએ તુજ નામ,
તોપણ તું ભુલે નહિ, અમને ક્ષણ ક્ષણ રામ;
વાલા કૃપાળુ તુંતો, અનહદ પ્રેમી,
કરીએ ભજન ઊંચ પ્યારૂં— પ્રભુ અમે૦

સાખી—જગતના હે! પાલકપતિ, વરસાવી વરસાદ
પોષણ પ્રાણીનું કરે, દઇ ભોજન ભલિભાત;
ફિકર અમારી તને બહુછે વિધાતા,
ઇચ્છે સર્વનું તું સારૂં— પ્રભુ અમે૦

સાખી—સૈના મનમાં જે રહ્યો, તે તું હે! ભગવાન,
વિસારી તુજને કર્યાં, પાપો થઇ અજ્ઞાન;
માફી તું એની અમને દેજે કૃપાળુ,
કરશું નહિ હવે નઠારૂં— પ્રભુ અમે૦

સાખી—એક વાર નક્કી આવશું, તુજ પાસે વિભુનાથ,
ઊત્તર શું દેશું તને, દુખીઓ છે આ સાથ;
વંદિ ત્રિભુવન તને કરગરી માગું,
ન્હાનું માત્ર તારૂં ધાર્યું— પ્રભુ અમે૦

ભજન (૧) લું.

આજકાલ લોકોને નાટકના રાગ વધારે પ્રિય હોવાથી
કેટલાક ભજનો તેવા રાગમાં બનાવ્યાં છે.

(શંકરની સ્તુતિ.) (માહાદ.)

બચાવો ભોલાનાથ, હે શિવ શંભુ હે કૃપાળ !
દયાળુ રાખો સાથ, હે શિવ શંભુ હે કૃપાળ ! બચાવો.
અપરન આશા છે અવિનાશી, આપ શરણ છું હું દિન;
હાથ ન છોડો હે પ્રભુ મારો, આપ ચરણકું; આધિન;
દુઃખી ઓછું ભવ માંહિ, હે શિવ શંભુ હે કૃપાળ !
સુખીઓ રાખો આંહિ, હે શિવ શંભુ હે કૃપાળ; બચાવો.
કદી શ્રવણ કર્યું નહિ પ્રિતે, આણીમન ઊત્કંઠ;
સુખના સાગર પણ નહિ સમર્યા, ગ્રહયો ન સારો પંથ. હે શિવ.
રવડું જગમાં દિનેશ, હે શિવ શંભુ હે કૃપાળ;
શાંતી થાયે નહિં લેશ, હે શિવ શંભુ હે કૃપાળ; બચાવો.
મોહન ન માર્યો મન તણો મેંતો, માની મનમાં મોજ;

સાચો બોધ ન લીધો જાતે, ભવમાં ખોયો ઓજ; હે શિવ.
પામરના અપરાધને કાપો, હૃદયથી વંદુ ઇશ;
ગિરીજા નાથ ગમે તે રીતે, તારો મને જગદિશ હે શિવ.

ભજન (૨).

(શાર્દુલ.)

ભોગે રોગ અનેક અંતરવિષે, આપે અતિ વ્યાધિઓ.
વ્યાપે દુઃખ અનંત નિર્દયપણે, પામે પીડા પ્રાણીઓ;
આપે અજ્ઞ ઉપાધીઓ પ્રતિદિને, દાબી દીએ ભારમાં;
તો એ જ્ઞાન થાયે નહિ સારશો અસારમાં !
દુઃખે આંસુ પડયા કરે હર ઘડી, ચિંતા કરાવે અતિ,
સુઝે અંતરમાં ન ઉદ્યમકદિ, મુંઝાઈ જાએ મતિ;
ગાળ્યું યૌવન ફોકમાં, વિષયથી, ખાતાં પીતાં ગેલમાં;
ગુમાઈ દિન રાત યૌવન વિષે, ગોરી તણા ખેલમાં—
એવા ભોગ વિલાસમાં મનવિષે, રાચ્યો વિશેષે રમે;
આનિસાર અવનિમાં શું સાર લીધો તમે ?
રાખ્યો સ્નેહ નહિ હરિચરણમાં, ત્યાં ધર્મનું શું કહું ?
અંતે છેવટમાં વિચાર કરતાં, સંતાપ પામે સહુ;
વૃદ્ધત્વે ન કરાય કામ કરથી, આ દેહ દુઃખો ખમે;
વ્યર્થ જાય અસારમાં વય વહી, શું બોધ લીધો તમે

ભજન (૩)

(માઢ અથવા મેવાડો.)

સૃષ્ટીમાં શો માલ છે તે ખ્યાલ તો કરો;
લલચાઇને શું ભોગમાં ખોટા ભમ્યા કરો; (સૃષ્ટી)
સમદમ સાધન કેમ ન સાધો, હોશે ધરીને હામ;
તરીયે તેવા ઉપાય ન સોધો, કોઈ ન સુખ દેકામ; (રે ખ્યા)
મોહેથી દોરાય મને સંતાપે મન મુંચાય;
ઇચ્છા પાર ન થાય બરાબર, વેળ વૃથા વહિ જાય રે;
(ખ્યાલ)
આ મારૂં આ તારૂં કરતાં. ભવે ખાએછે માર;
સુખ કંઈ શું થાયે ન કહિ પણ ફોકટ થાયછે ખ્વાર રે,
(ખ્યાલ)
દુઃખ સંતાપ ઘટાડો ડાહ્યા, શોધી શમતા જ્ઞાન;
જંપજ કેમ વળેછે તમને, આ તન રાંધ્યું ધાન રે;
(ખ્યાલ)
સાચું ખોટું સર્વ બતાવે, તમને સઘલા લોક;
જે કરવું તે જાતે કરવું, શું કરી આપે કોક રે; (ખ્યાલ)
ચેતી ચાલે તે ભવ તરશે, દૂર કરીને દોષ;
રામ સમરશો તો અંતરમાં, થાશે સુખ સંતોષ રે.
(ખ્યાલ)

ભજન (૪) થું.

રાગ૦ છોડયું છે કુટુંબ હમારૂં રે.

રાખ્યો છે સુસંગ તમારો રે, શામળા દુઃખ કાપો,
પ્રભુ દુઃખ કાપો;
સંતાપ સંકટ મોહ મદ બળીયારે;
ત્રિકમ તમે તેથી તારો રે— (શામળા.)
સાચું ને ખોટું કરવું ને ભમવું ઠાલા;
તે ત્યાગે મન મારૂંરે; (શામળા)
ભક્તિ ને સેવા મને આપે શાન્તી પ્યારા;
તે સાચું છે ભવે મારૂંરે. (શામળા.)

ભજન (૫મું)

(સંસાર ઝેરનો પ્યાલો સમજી) એ રાગ.

સંસાર જાળને વ્યાધી સમજી, મદ મોહ જીવડા તું તજીદે;
જંજાળ જાળની જાળે વિટાતાં મોહે ભમતાં દુઃખ તો થશે
ભાઇ તજી દે૦

સાખી—રાચ્યો વિષય મધલાલચે તો,
તન મલ્યું તે ફોક ગીણીં;
શોધે ન સુખના પંથને જે જાણી દુઃખો ટળે; (ભાઇ૦)

અમથો ચુંથે તું ભરમમાં હાડકાને ચામડાં; (ભાઇ૦)
જંજાળ જગતને સમજ અસાર નર;
નથી કશોય સાર,
સુખતણી આશે વૃથા તું દોડે ફોકટ ગમાર. (ભાઇ તજીદે૦)

ભજન (૬)

દ્રુત વિલંબિત.

સરસ કામ હવે કરવા ચહો,
વખતનો સહુ લાભ સુખે લહો;
દુઃખ પંથ સદા અલગા કરો,
સુજન માંહિ સદાચરણી રહો;
મન તણા સૌ મોહ તમે હરો,
દુઃખદ આ ભવસાગરને તરો;
અચલ જ્ઞાન લઈ ગુણને ગ્રહો,
વિકટ વ્યાધી નડે પણ તે સહો;
નવ કદાપિ કુડાં કાર્ય કશું કરો,
સત્સંગતિ સુજ્ઞ તણી ગ્રહો.

ભજન (૭મું)

દોહરો.

ભજે ભવે અવિદ્યાતરે, ગાતે ગુણ સિદ્ધાંત;
માન ભલા ભવ મેળવે, જેનું મન છે શાન્ત;
શુદ્ધિ અને સમતા વધે, બને સુજન ને દાન્ત;
વધે વળી યશ વિશ્વમાં, જેનું મન છે શાન્ત;
કૃપણતા કલ્પે નથી, રહે ઘરે વિશ્રાંત;
સંત બને શુ સંગથી, જેનું મનછે શાન્ત;
માયા આદિ જે ઉપાધિઓ, કુટુંબનો કલ્પાંત;
તાપ ન દે તે કોઈ દીન, જેનું મન છે શાન્ત,
કામ ક્રોધ દમે નહિ, લોભ મમત ને ભ્રાન્ત;
દુઃખ ન આપે કોઈ દિન, જેનું મન છે શાન્ત;
શુયત્ન સારાં તે કરે, પામે તેજ પદાન્ત;
ગુણવાન પણ એજ છે, જેનું મન છે શાન્ત;
શુજ્ઞ શુદ્ધ પણ તેજ છે નિર્ભય તેજ મહાન્ત;
ગિરધર હરી પ્રેમે ભજે, જેનું મન છે શાન્ત;

(ભજન ૮મું.)

દોહરો૦

(શરીરનો મોહ તજવા વિષે.)

દુર્ગંધે ભર્યો છે આ દેહ;
તેમાં તું શું રાખછ સ્નેહ.
પણ જુગ તેથી જો નિરખાય;
તો તેમાંથી મોહજ જાય;
માંસ રૂધિરે રાચે રોજ;
તેમાં હરદમ માણે મોજ,
મોહે પણ નહિ કરે વિચાર;
તે તરસે નહિ ભવનો પાર;

ભજન ૯મું.

જાશો કયાં દેઇ વચન. એ રાગ૦

હોંશે ગા હરી ભજન;
નહિં કરવા ફરી ગમન;
વારે વારે તરવું નથી મળતું,
તાર તન તાર તન. (હોંશે)

પાપોને કર દહન;
મન ધોઈ તુજ વદન;
જ્યાં જઇ સુખે થશે પ્યારા,
શાંત તન શાંત તન (હોશે)

(આવ્યો મનનો માન્યો હીરો તારા હાથમાં.)

આવ્યો મનનો માન્યો ભુલી ખોટા ભારમાં;
રાજી થા તું દેખી ખોટી માયા જાળમાં: (આવ્યો)
જ્યાં જોઉં ત્યાં માનવ સઘલાં, સબળ પ્રેમમાં લીન;
મોતે મરતાં જોઇ જગતમાં, થાયે ના કદિ ખિન્ન.
(આવ્યો)
કેવો ગમાર તું સમજ્યો નહિ કંઈ પ્રભુ પ્રત્યેનો પ્યાર;
ખોટા ફંદે ફસ નહિ એવો, સાચા સુખ છે નહિજ યાર;
આવ્યો૦

ભજન ૧૧ મું.

પામ્યો પામ્યો પદમણી.

ગાળ્યું ગાળ્યું જીવન પ્રભુ મંદિરે
માનો તેણે અચળ સુખ લીધું;

મોહ મટાડે ટાળે છે ભવને,
કદિ અવર નહિં દેખે વિષયને,
સાધ્ય કરી મન માર્યુંરે (માનો૦)
આનંદ મનમાં પ્રભુને જાણુ;
ભક્તિના સંગે અનંત માણુ,
(સાધ્ય કરી મન માર્યુંરે માનો તેણુ અચળ સુખ લીધું.)

ભજન ૧૨ મું.

(દયાના નિધિનો અથવા કસુંબીનો રાગ.)

નમિને પ્રભુને ભજું હું, રાખો આનંદમાં મને;
કદિ હું મોહું નહિં ભુલથી આ માયામાં નિતિ ના નજું;
(રાખો૦)
પ્રભુ હું જેવો છું તેવો છું તમારો, મને ખરૂં તમારૂં છે ધ્યાન,
ઉગારો, ઉગારો, ઉગારો, ઉગારો, (રાખો૦)
છોડું ન છોડું નામ તમારૂં, ભાવે ભજું તમોને ના તજું-
(રાખો૦ નમિને૦)

ભજન ૧૩ મું.

(દુનિયાં મહીં દુઃખ કોઇને વિયોગનું પડશો નહિં એ રાગ.)

સૃષ્ટિ મહીં સુખ કોઇને ભોગો મહિં મળશે નહિં;
પ્રભુ પ્રિતેથી ભજ્યા વિના, દુઃખ તો ટળશે નહિં;
રાત દહાડાના પ્રપંચે–માયા મહિં મચ્યો રહી;
કાળાં ધોળાં કામો કીધાં, અજ્ઞાને પંથે વહી; (સૃષ્ટી.)
ખાધું પીધું રાચ્યો રંગે, સુંદરી સેવા મહિં;
શોધી સાચા માર્ગને, હોંસે હરિ જાણ્યા નહિં. (સૃષ્ટી.)

ભજન ૧૪ મું.

જે કરશે તે ભરશે એ રાગ.

જે જનમે તે મરશે કોઇ શું રહેશે ?
ખેદ થવાથી ખોટાં દુઃખો અહીં શેહેશે. (જે.)
ગર્ભવાસ તવ ટળશે, ધરી ભાવથી ભક્તિમાં ભળશે-
જે શાંતિ ઉરે ધરશે, જન્મી જગમાં જશ રળશે. (જે.)
અધમ આચરણથી દુર સદા રેહેજે;
સંતન સંગમથી સાર અખંડ ન લેજે,
હરહર તું સુખે ભજને, તવ કાર્ય હશે તે સરશે;
જનમ જશે તો નવ જડશે, ભુલેથી ભવ ખોશે, (જે)

ભજન ૧૫ મું.

ધીમા ધીમા એ રાગ.

જૂઠી જૂઠી કાયા ને માયા જાણરે;
ભવ નાહક તમારો કચવાઈ જાશે;
અધર પકડાઇ જાશે, સાચું માનરે (જૂઠી.)

સાખી. રાચ નહિં તું જૂઠ મહિં–કાઢ ન ફોકટ કાળ;
મરશે જયારે મોહથી શીદગતિ તુજ થાય; (જૂઠી)
સંત સેવાના મેવા ન ચાખ્યા સુખે;
મોહ માર્યો નહિં રામ ભજી મૂખે.
લે ચેતી ભવે પામે શાંતિ સુખે, સાચું માનરે (જૂઠી.)

ભજન ૧૬ મું.

રાગ આશાગોડી.

ભલું ભૂડું ભાવિ કદાપિ ન ટળશે; (બે વાર બોલવું)
ભુપ હોય તે ઘડીમાં થાયે ભિખારી;
ભિક્ષુક નૃપ થઇ પડશે (ભલું.)
સર્વ થકી જે સ્નેહી હોય તે, વિયોગ દુઃખે રડશે; (ભલું.)
મુર્ખ ગર્વમાં ખોટા ફૂલાઇ, ચાર દિવસમાં પડશે (ભલું.)

ભજન ૧૭ મું.

ભેરવી.

કૃષ્ણ રામ ભવે હું હાર્યો, શરણાંગત કેમ ન તાર્યોરે;
ભારે ભારે ઉપાધિ નિવારો, હવે સંતાપે દાઝ્યોરે, (કૃષ્ણ.)
અંધપણે ખોટી માયામાં; લોભ મમત્વે માર્યોરે; (કૃષ્ણ.)
ભવ વચ રામ મને ભટકાવી, કૃષ્ણ કેમ વિસાર્યોરે,
પણ ગિરધર હરી છો મારામાં અન્ય ધણી નથી ધાર્યોરે; (કૃષ્ણ.)

ભજન૧૮મું.

(ભેરવી હઠીલી બુદ્ધિને શિખામણ.)

હઠ છોડ હવે મમતીલી રે;
વહી જાશે કાળ રસીલીરે; (હઠ)
મમતાથી દોડાવે મનને
એજ કુટેવ તવ બુરી રે;
મોહ વૃથા તુને થાવાથી–નડશે વ્યાધિ પુરીરે; (હઠ)
સાચું સઘલું કેમ ન રૂચે, ભુલ કરે એ ખોટીરે;
ગિરધર અંતે તે રસ્તેથી, પડશે પીડા મોટીરે (હઠ.)

ગાયન ૧૯મું.

(પીયુ શંગે) એ રાગ.)

સંતો સંગે જઇશું, ભજીશું, નમીશું, ઊત્કંઠે,
રામ નામનું ગાન હું ગાઇ;
પ્રભુ પ્રસંગે બળવાના પાપ અંગે; (સંતો)
ભવબંધનમાં આનંદ આપે,
જાશે સુખેથી ભવ મારોરે શુસંગે. (સંતો)

ગાયન ૨૦ મું.

(લાગી લગ્ની કચમાં મારી.)

જોડી વૃત્તી પ્રભુમાં મારી
જ્ઞાન ધ્યાન ધાર્યું મન ધારી;
પ્રિત જોડી પ્રભુમાં આનંદ લીધો;
મોહ મારીને સુખીઓ કીધો (જોડી)
શાંતી મનમાં હવે નિહાળું,
પ્રભુ થકી છે કંઇ ન ન્યારૂં; (જોડી)

ગાયન ૨૧મું.

માથે મટુકી લે જાઉં એ રાગ.

હે હેતે હરીને હું ગાઊં,

પ્યારા પ્રભુને શરણે હું જાઉં- (હેહેતે)
તું પ્રભુ મમ શાન્તિ દાતા,
ભક્તો તારા ગુણ ગાતા,
પ્રિતે પ્રભુને હું ચાહું-હે હેતે૦)

ખટપટ મેલ પ્રેમધર હરીશું
મરણ ફરે છે સાથે-રામજી-ટેક
માલ ખજાનો સુત ધણીઆણી,
કોઈ ન આવે સાથે,-રામજી- ખટપટ૦
હોય લાખ તે રાખ બરાબર,
તેમાં નથી કંઈ તારૂં,-રામજી- ખટપટ૦
ધન સંચર્યું પણ ધર્મ ન જાણ્યો,
વૃથા જન્મારો હારે,-રામજી ખટપટ૦
મોહ થવાથી ભાન ભુલાયું,
જેથી કાંઇ નવ રૂચે,-રામજી- ખટપટ૦
યમના સેવક જોશે જ્યારે,
દડદડ આંસુ રોશો-રામજી- ખટપટ૦
ધર સતસંગ બુદ્ધિ થાય નિરમળ,
રંગ રહૃયમાં જામે-રામજી- ખટપટ૦
કહે ગિરધર જગનાથ ભજીલે,
તો ભવનો ભય ભાંગે-રામજી- ખટપટ૦

અમારી દશા સોરઠીઆ વાણીઆની જ્ઞાતીના સદ્‌ગુણ સંપન્ન શિરોમણી શેઠ અમરચંદ માધવજી જેઓ હાલ મુંબઇમાં રહે છે તેમણે પોતાના શુદ્ધ અંતઃકરણથી જ્ઞાતિ બંધુ તરફ જે લાગણી દેખાડી આ ચોપડી છપાવવામાં પોતાના મુબારક નામમાં રૂ. ૫૦) નો એટલે કે ૧૦૦) નકલની જે ઉમદા મદદ આપી છે તેને માટે તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે પરમેશ્વર એમને દીર્ઘાયુષ્ય આપી આવાંજ પારમાર્થીક કામ કરવા ઉત્તેજીત કરે એવી મારી જગતનિયંતા પાસે સવિનય પ્રાર્થના છે. તથાસ્તુ.

લી. વૈદ્ય ગીરધરલાલ ગોકળદાસ.

અગાઉથી ગ્રાહક થનારાનાં નામો.

અમદાવાદ.

૧ રા. રા. ભાઇશંકર નાનાભાઇ ૧૦
૨ રા. રા. છોટાલાલ પ્રાણજીવનદાસ કાગલવાલા... ... ૫
૩ રા. રા. મુગટચંદ્ર રામચંદ્ર ૨
૪ રા. રા. શંકરલાલ મગનલાલ ૨
૫ રા. રા. દીનાનાથ મોહનલાલ ૨
૬ રા. રા. રાવજીભાઇ શીવાભાઇ ૨
૭ રા. રા. દામોદરદાસ લલુભાઇ ૨
૮ રા. રા. ચીનુભાઇ માધુભાઈ ૧
૯ રા. રા. વી. ટી. આગાશી. ૧
૧૦ રા. રા. પ્યારેલાલ વિઠલરાય ૧
૧૧ રા. રા. મગનલાલ અંબાશંકર આચાર્ય ૧
૧૨ રા. રા. જાની શોભાભાઇ રામશંકર ૧
૧૩ રા. રા. નિત્યાનંદ રત્નેશ્વર શાસ્ત્રી ૧
૧૪ રા. રા. માધવલાલ સાકલચંદ ૧
૧૫ રા. રા. ગણપતરામ દલપતરામ ૧
૧૬ રા. રા. રામલાલ ચકુભાઇ ૧
૧૭ રા. રા. ગોવીંદલાલ મગલભાઇ ૧
૧૮ રા. રા. મોતીલાલ લલુભાઇ ૧
૧૯ રા. રા. શા. હીરાલાલ જેશંગભાઇ... ... ... ૧

૨૦ રા. રા. વસંતરાય છોટાલાલ ૧
૨૧ રા. રા. રસીકલાલ છોટાલાલ ૧
૨૨ રા. રા. મણીલાલ તુલસીદાસ. ૧
૨૩ રા. રા. પટેલ ચુનીલાલ છોટાલ ૧
૨૪ રા. રા. ચંદુલાલ ખુલાખીદાસ ૧
૨૫ રા. રા. ચુંદુલાલ લલુભાઇ ૧
૨૬ રા. રા. ગોરલીપર નાનાભાઇ ૧
૨૭ રા. રા. કૃષ્ણશંકર ગીરજાશંકર ૧
૨૮ રા. રા. છોટાલાલ ડાલાભાઇ ૧
૨૯ રા. રા. લક્ષ્મીનારાયણ ડાલાભાઇ ૧
૩૦ રા. રા. પારેખ કાલીદાસ મગનલાલ ૧
૩૧ રા. રા. રતચંદ ઝવેરચંદ ૧
૩૨ રાં. રા. શાર્ડેલેર મગન ૧
૩૩ રા. રા. લક્ષ્મીશંકર રેવાશંકર ૧
૩૪ રા. રા. રઘુનાથરાવ ગણપતરાવ ૧
૩૫ રા. રા. ઘેલાભાઇ બાપુજી સોની ૧
૩૬ રા. રા. છોટાલાલ મનસુખરામ સોની ૧
૩૭ રા. રા. કનૈયાલાલ હરીલાલ મેહેતા... ... ... ૧
૩૮ રા. રા. ગજાનન ખુશાલરાય ૧
૩૯ રા. રા. શીવપ્રસાદ મણીલાલ માસ્તર ૧
૪૦ રા. રા. વાસુદેવ ગુણવંતરાય ૧
૪૧ રા. રા. ચિંતામણી કેશવલાલ ૧
૪૨ રા. રા જગજીવનદાસ મંછારામ. ૧

૪૩	રા. રા. મણીલાલ ગુલાબરાય	૧
૪૪	રા. રા. છોટાલાલ કાલીદાસ માસ્તર	૧
૪૫	રા. રા. ચંદ્રકાન્ત માધવરાય સમર્થ...	૧
૪૬	રા. રા. બીહારીલાલ મનસુખલાલ દ્રીવેદી	૧
૪૭	રા. રા. પુરસોત્તમ મોતીલાલ સોની...	૧
૪૮	રા. રા. પરીખ હરીલાલ જીવણલાલ	૧
૪૯	રા. રા. વાડીલાલ નરોતમદાસ...	૧
૫૦	રા. રા. છોટાલાલ પ્રાણજીવનદાસ તલાટી	૧
૫૧	રા. રા. લીલાધર ક્રીસ્ન	૧
૫૨	રા. રા જગનાદાસ રણછોડદાસ સોની	૧
૫૩	રા. રા. ગણપતરાવ ગોપાલરાવ બર્વે	૧
૫૪	રા. રા. રેવાદાસ શીવરામ	૧
૫૫	રા. રા. રામપ્રસાદ હીરાલાલ	૧
૫૬	રા. રા. ચીમનલાલ ચુનીલાલ	૧
૫૭	રા. રા. મણીલાલ ચુનીલાલ	૨
૫૮	રા. રા. હરગોવનદાસ ઘેલાભાઇ	૧
૫૯	રા. રા. કેશવલાલ મહાસુખરામ	૧
૬૦	રા. રા. રણછોડદાસ જીવણલાલ મ્યુ. નિ. માસ્તર ...	૧
૬૧	રા. રા. કનુભાઇ મોતીલાલ	૧
૬૨	રા. રા. હરીલાલ વીજભુખણદાસ....	૧
૬૩	રા. રા. મારટનરાવ રામચંદ્ર	૧
૬૪	રા. રા. ક્રિષ્ણલાલ પુરસોત્તમદાસ	૧
૬૫	રા. રા. હરીપ્રસાદ વિષ્ણુરામ	૧

૬૬	રા. રા. ચુનીલાલ ભોગીલાલ સુપરવાઈઝર	૧
૬૭	ચીમનલાલ મોતીલાલ કલાર્ક. ખારીકટ ઇરીગેશન. ડી....	૧
૬૮	રા. રા. શીવપ્રસાદ ચુનીલાલ	૧
૬૯	રા. રા. ગુલાબદાસ રંગીલદાસ મુકિત	૧
૭૦	રા. રા. મોતીલાલ ભાઇચંદ	૧
૭૧	રા. રા. ત્રિપુરાશંકર	૧
૭૨	બેહેન સમરથગવરી ગણપતરામ	૧
૭૩	નાનાલાલ ભાણીશંકર	૧
૭૪	અમીન જેઠાભાઇ છોટાભાઈ	૧
૭૫	રા. રા. રાજપાલ ફુલચંદ	૧
૭૬	રા. રા. બાળકૃષ્ણ મુળજી સાસ્ત્રી	૧
૭૭	રા. રા. દામોદરદાસ લલુભાઇ	૨
૭૮	રા. રા. મોતીલાલ કરસનદાસ	૧
૭૯	રા. રા. પ્રાણલાલ ગોરધનદાસ	૧
૮૦	રા. રા. ડાકટર ચુનીલાલ જેકીસનદાસ	૧
૮૧	રા. રા. લક્ષ્મીશંકર ગીરજાશંકર	૧
૮૨	રા. રા. ચીમનલાલ પરમાણંદદાસ	૧
૮૩	રા. રા. બાબુભાઇ નંદલાલ	૪
૮૪	રા. રા. ડાહ્યાભાઇ ઇજ્જતરામ વકીલ...	૨
૮૫	રા. રા. વિઠલ હાજીસા દાળીયા.	૨
૮૬	રા. રા. ભોગીલાલ વલભરામ મહેતા.	૧
૮૭	રા. રા. જયનંદપ્રસાદ મગનલાલ	૧
૮૮	રા. રા. મણીલાલ કૃષ્ણશંકર	૧

૪૯	રા. રા. ઠાકોરશ્રી ચંદ્રસીંગજી હીમતસીંગ	૧
૫૦	રા. રા. બાલમુકુંદરાય અંબાલાલ સાકરલાલ....	૨
૫૧	રા. રા. શાસ્ત્રી નાગેશ્વર જયેષ્ઠારામ	૧
૫૨	રા. રા. સાંકરલાલ કે. મેહેતા.	૧
૫૩	રા. રા. ભગવાનલાલ પ્રાણલાલ.	૧
૫૪	રા. રા. આનંદરાય મોતીલાલ, ...	૧

નડીયાદ.

૧	રસીકલાલ જે. યાજ્ઞીક.	૨
૨	હરીલાલ પી. શાહ	૧

સુરત.

૧	વિઠ્ઠલરાવ જેશંકર પંડિત	૫
૨	જશવંતલાલ ગોરધનદાસ	૨
૩	ઇશ્વરલાલ રતનરામ ત્રિવેદી...	૨
૪	છગનલાલ મોતીરામ ડેપ્યુટી	૧
૫	કલ્યાણદાસ દલપતરામ	૨
૭	રા. રા. સોની જગજીવનદાસ જેરામજી	૧

મુંબઈ.

૧	શેઠ અગરચંદ માધવજી	૧૦૦
૨	,, પરસોત્તમ કાનજી	૨૦
૩	,, જમનાદાસ અને ભવાનીદાસ નારણદાસ	૫
૪	,, દામોદર લાલજી...	૫

૫ રા. બ. નાગરદાસ નરોતમદાસ નાણાવટી ૪
૬ શેઠ હરકીસનદાસ નાગરદાસ નાણાવટી ૧
૭ ,, હરીચંદ મંછારામ એન્ડ સન ૪
૮ બહેન રાધાબેન શેઠ હરજીવન વસનજી ગણીઆરની વિધવા ૨
૯ શેઠ રતનલાલ રણછોડદાસ વકીલ હાઇકોર્ટ ૧
૧૦ રા. રા. લક્ષ્મણરાવ વ્યંકેશ પગડબંધ ૧
૧૧ શેઠ ધરમદાસ ભગવાનદાસ હોરા ૧
૧૨ ,, ગગનલાલ મોતીરામ મહેતા ૧
૧૩ ,, જમનાદાસ ગોરધનદાસ ૧
૧૪ ,, ઇચ્છારામ હરીવલ્લભદાસ ૧
૧૫ ,, હરગોવન ભૂખણદાસ ૧
૧૬ ,, નાનાભાઇ રાજારામ ૧
૧૭ ,, હરગોવનદાસ વીજભુખણદાસ ૧
૧૮ ,, મથુરદાસ કીલાભાઇ... ... ... ૧
૧૯ ,, ગીરધરદાસ મુલજી ૨
૨૦ ,, ત્રીભોવનદાસ હરગોવનદાસ ૨
૨૧ ,, અંબાલાલ બાઇલાલ તલાટી ૧
૨૨ ,, મનસુખરામ હરજીવન ૧

જાહેર ખબર.

ચોપડી મળવાના ઠેકાણાં.

અમદાવાદ—બાબુ રાયચંદ ભગુભાઈ ગુલાબચંદ પાસેથી.

સુરતમાં—છગનલાલ મોહનલાલ ભગારીઆ પાસેથી.

મુંબઈમાં—ગોવરધનદાસ નથુભાઈ પાસેથી કાલબાદેવી રો

અમદાવાદ આમારા પોતાના મકાનમાં માણેક ચોક

બાહાર પાસે વૈદ ગીરધરલાલ પાસેથી મળશે

આરામ થઇ આવડે ઔષધનું ઠેકાણું નહિ.

ગુજરાત ત્રિભુવન ઔષધાલય

જામનગરના ધનવંતરી સ્વરૂપ સુપ્રસિદ્ધ સ્વર્ગવાસી રાજવૈદ્ય ઝંડુભટજીની અનેક શોધમાંની એક ઉત્તમ શોધ—

જુવાનીને જળવનારૂં

કેસરિ જીવન—

આ સ્વાદિષ્ટ ચાટણ સ્ત્રી, પુરૂષ અને બાળકો બધાને સેવવા લાયક છે, નિર્બળતા લોહીને સુધારી, વિર્ય વધારી નબળા માણસને બળવાન બનાવે છે.

કિ. અધા રતલના ડબાનો માત્ર રૂપિયો એક.

ઠે. દાદાભાઇ સેક્રેટરીના મકાનમાં ચગોવાળ રીચીરોડ.

માલેક

નાડીવૈદ્ય. ત્રિભોવનદાસ વિ. શ્યામજી ધ્રુવ